કુમાર

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૯ * ઑગસ્ટ ૧૯૯૬ * સળંગ અંક ૮૨૩ તંત્રી : ધીરુ પરીખ

ફેબિયસ પાસેથી છટકેલો હાનિબાલ ઢોરનાં શીંગડે મશાલો બાંધી એમને એક ઘાટમાંથી પસાર કરે છે. આથી રોમનો સમજે છે કે તે પીછેહઠ કરે છે. આ ઘટનાના એક અંશનું આ ચિત્રમાં સચોટ તાદૃશ નિરૂપણ કરાયું છે.





આપાઢી આશ્લેપ
પ્રાચીન ચિત્ર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૬૯મું

અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ઑગસ્ટ ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કૉ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૮)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

'કુમાર'નો મારા જીવનઘડતરમાં ઘણો મોટો ફાળો છે. ૧૯૩૫-૧૯૩૬માં સ્કૂલમાં હતો (જંબુસરમાં) ત્યારે મ્યુ. લાયબ્રેરીમાં જઈને વાંચતો અને ખૂબ જ પ્રભાવિત થતો. ત્યારે સંકલ્પ કરેલો કે મારો પહેલો પગાર આવશે તેમાંથી 'કુમાર'નું લવાજમ ભરીશ અને લગભગ પચાસ વર્ષથી 'કુમાર' મારે ત્યાં ચાલુ રહ્યું છે. 'કુમાર'નું ઋણ મારા પર છે અને એક નમ્ર પ્રયાસ તરીકે આ સાથે રૂપિયા એક હજારનો ચેક મોકલું છું. એક નામ નવા ગ્રાહકનું મોકલું છું. બાકીની રકમ તમને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓ કે સંસ્થાને 'કુમાર' મોકલશો અથવા એ 'કુમાર'ની પ્રગતિ માટે વાપરશો. -કેસરી દેસાઈ (અમદાવાદ)
(ધન્યવાદ અને આભાર ! - તંત્રી)

*

'કુમાર'ના માર્ચ '૯૬ (અંક ૮૧૮)માં દીપક પટેલ પરના શ્રી મન્સુ પટેલના લેખમાં ન્યૂઝીલૅન્ડની વસ્તી સાડા ત્રણ કરોડ હોવાનું અને ઑસ્ટ્રેલિયાની વસ્તી છ કરોડ હોવાનું નોંધવામાં આવ્યું છે. વાસ્તવમાં ૧૯૯૨માં ઑસ્ટ્રેલિયાની વસ્તી ૧.૭૪ કરોડ અને ન્યૂઝીલૅન્ડની વસ્તી ફક્ત ૩૪ લાખ હતી. તેમની તુલનામાં ૧૯૯૨માં ગુજરાતની વસ્તી ૪.૨૦ કરોડ હતી.

- પ્રો. રમેશ શાહ (અમદાવાદ)

*

'કુમાર'માં પ્રકટ થયેલા રોંજનના લેખમાં જણાવેલી તેમની જન્મ-તારીખ વિશે જણાવવાનું કે રોંજનની સાચી જન્મ-તારીખ ૨૮-૩-૧૮૪૫ નહિ પણ ૨૭-૩-૧૮૪૫ છે. એ જ પ્રમાણે મૃત્યુ તારીખ ૨૩-૨-૧૯૨૩ નહિ પણ ૧૦-૨-૧૯૨૩ છે. એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકામાં તથા જર્મન સમાચાર મૅગેઝીનમાં આ તારીખો આપવામાં આવી છે. - રમેશ બી. શાહ (સુરત)

*

અમદાવાદથી દસેક હજાર માઈલ દૂર દુનિયાની બીજી બાજુએ મારાં ૮૪ વર્ષની ઉંમરનાં માતુશ્રી દર મહિને 'કુમાર'ની રાહ જુએ છે અને વાંચીને ખૂબ ખુશ થાય છે. હું પણ 'કુમાર'ને રોજ થોડું થોડું વાંચી આખો મહિનો પહોંચાડું છું અને લગભગ બધું જ વાંચી જાઉં છું. 'કુમાર'માં ન વાંચવા જેવું ઝાઝું હોતું નથી. જા x ખ.માં પણ કવિતા વાંચવા મળે છે! ખાસ કરીને અમને 'પસ્તીનાં પાનાં', 'કસુંબલ રંગ', 'પડસાળ' જેવા લેખો અને 'ઇતિહાસધારા' ઘણાં ગમે છે. - જયંતીલાલ આલગિયા (યુ.એસ.એ.)

વાચા / જગદીશ ત્રિવેદી

(વસન્તતિલકા : સૉનેટ)

આજે અચાનક થઈ ગઈ લુપ્ત વાચા!
રાત્રે ન'તો અછડતો અણસાર સુધ્ધાં
સૂતાં સુધી સહજ સ્વપ્ન-સુગંધ સ્હેલ્યો!
પ્રાતઃ સમે સપન-પુષ્પ ખરી પડ્યું ને
વાચાળ જે નિતની સંતત મારી જિહ્વા-
તે કેટલોય અકળાઉં પરંતુ એક્કે
રે શબ્દની પલક ના પલકે અમસ્તી!

સારું થયું : થઈ અચાનક લુપ્ત વાચા!
જે વાણીમાં ઊભરતો અણથંભ દંભ,
જે વાણીથી વિકસતાં વિષવૃક્ષ ઘેરાં,
જે વાણીડાળ પર કંટક-ફાલ માત્ર,
જે વાણીમાં અહમનાં પડઘાય તાસાં -

સારું થયું : થઈ અચાનક લુપ્ત વાચા -
પ્રાર્થું : હવે પ્રગટજો શુચિ મૌનપદ્મો!

શાને ? / મનોહર દેસાઈ

(ગાન)

ઝરમરતો ઊતરે વરસાદ ત્યાં ફરફરતું ઊતરે ગવંન;
છમછમતાં જળનાં આ ઝાંઝરે નરતંતો પાગલ પવંન.

રસબસતો પ્રથમીના પિંડને મર્મરતો તરુવરની કુંજ;
ધસમસતો ધાય કેવો બાવરો ગગનભરી ભ્રમરોની ગુંજ.

થનગનતો શિખરોની ટોચ પર સરસરતો ઢાળે પ્રસન્ન;
કલકલતો નિર્ઝરની ધૂન પર સરવરનાં ચૂમતો ચરણ.

હણહણતા તોખારે નીસર્યો દિશદિશામાં ઉન્મત્ત અનંગ;
છલછલતા જલરથ ક્યાં દોડતા રણઝણતા રૂમઝૂમ ઉમંગ.

કલબલતો ધરણીનો નીડ આ ઝલમલતું ઝળહળ ભવંન;
વલવલતું શાને આષાઢમાં જલદલ-શું ચંચળ આ મંન ?

એવું બને / હરીશ પંડ્યા

(ગઝલ)

એ અચાનક પણ મળે એવું બને
ને સપનમાં પણ છળે એવું બને.

યાદની પેટી કરી જ્યાં બંધ ત્યાં
વાત એની નીકળે એવું બને.

સાથ બે પળનો હતો બસ એમનો
'આહ'માં એ ખળભળે એવું બને.

આખરે થાકી ઘરે પાછો ફરું
બારણે સામાં મળે એવું બને.

આંખ સામે એ નથી, શો ફર્ક છે ?
શ્વાસમાં ક્ષણ ક્ષણ ભળે એવું બને.

ચાર દીવાલો અને અંધાર પણ
ચાંદની થૈ ઝળહળે એવું બને.

કિલ્લો / ઊજમશી પરમાર

(ગાન)

હવડ શતકનો થથરે કિલ્લો અકળ કાળની ધાકે,
પવન પડી જાતો ભ્રમણામાં, ફફડી મરતી આંખે.
રઘવઈ વેલી ઝૂકી વાવમાં લસરી ઊંધા માથે,
લીલ-મઢ્યા પથરાની સંગે વળી જતી કૈં વાતે,
તરસી અમથી અમથી રહી ગઈ નિજના લગાર વાંકે.
ઘડ્યાં ટાંકણે પથ્થરમાં સ્તન ધબકંતાં થઈ જાતાં,
કટિમેખલાના મણકા કૈં રણઝણ રણઝણ થાતા;
ધડ અહીંયાં પણ મસ્તક ક્યાં તે કોઈ જરી તો ભાખે?

ક્યાંક ઝરણું / કિરીટ ગોસ્વામી

(ગઝલ)


બે ઘડી સ્વપ્નો તણું ઘર જોઈ લે
જોઈ લે, ઝાકળનાં ઝુમ્મર જોઈ લે!

કાલના ખ્યાલે વ્યથિતશોં અબઘડી?
કેટલી છે આજ સુંદર, જોઈ લે!

ક્યાંક ઝરણું નીકળે તો નીકળે,
ભાગ્યના સઘળાય પથ્થર જોઈ લે!

બ્હાર જેને શોધ થઈ તું બ્હાવરો,
હોય નહિ એ ક્યાંક અંદર, જોઈ લે!

મૃત્યુનો ઉલ્લેખ પણ મળશે તને
શ્વાસની ચિઠ્ઠી બરાબર જોઈ લે!



હાનિબાલનો કાર્થેજથી લાવેલા હાથીઓ સાથે ર્હાઈન નદી ઓળંગવાનો પ્રયત્ન.
નદીના વેગને કારણે આ એક મોટું જોખમ હતું અને હાનિબાલના ઘણા હાથી ડૂબી ગયા.

રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના તિરસ્કારનું અનિવાર્ય ફળ તે યુદ્ધ. આવો તિરસ્કાર આજથી સદીઓ પહેલાંનાં બે સામ્રાજ્યો વચ્ચે પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. એમાંનું એક હતું યુરોપમાં આવેલું રોમ, જ્યારે બીજું હતું ફીનિશિયાના કેટલાક સાહસિકોએ ઉત્તર આફ્રિકામાં સ્થાપેલું કાર્થેજ. આ કાર્થેજે ભૂમધ્ય તથા આટલાંટિક મહાસાગરના ઘણાખરા ટાપુઓ કબજે કરી, કૉર્સિકાથી તે એટલાસ પર્વત સુધી પોતાનું સામ્રાજ્ય જમાવ્યું હતું, જ્યારે રોમ છેક સ્પેન સુધી આવી પહોંચ્યું હતું. તેનો ઇરાદો પોતાના હરીફ કાર્થેજના સામ્રાજ્યનો કોઈ પણ ભોગે નાશ કરવાનો હતો, એ જ રીતે કાર્થેજ પણ રોમનો નાશ કરવા સંકલ્પબદ્ધ હતું. કાર્થેજે એ હેતુએ સિલી પર ચડાઈ કરતાં રોમે તેને પરાજિત કરી (ઈ.પૂ. ૨૪૧) પોતાની સાથે સંધિ કરવાની અને કાર્થેજિયન સામ્રાજ્યની સરહદ એબ્રો નદીના પશ્ચિમ કિનારા સુધીમાં શમાવી લેવાની ફરજ પાડી.

કાર્થેજનો પરાજયનો આ ઘા વણરૂઝાયેલો જ રહ્યો, જ્યારે બીજી બાજુ રોમની કળા ચડતી ને ચડતી થતી ગઈ. એ જ અરસામાં કાર્થેજે એક એવા મહાન નરને જન્મ આપ્યો જેણે કુદરત અને રાષ્ટ્ર બંનેની પ્રતિકૂળતા છતાં રોમને ખોખરું કરી નાખ્યું અને એક સેનાપતિ તરીકે જેની મહત્તા સિકંદર, સીઝર કે નેપોલિયન કરતાં પણ અધિક આંકવામાં આવે છે. વિશ્વનો આ અનન્ય સેનાપતિ તે કાર્થેજના ત્યારના મહાન સેનાપતિ હામિલકાર બર્કાનો પુત્ર. કાર્થેજના પરાજયનો ઘા સેનાપતિ હામિલકારને એટલો તો સાલતો રહેલો કે નવ વર્ષના પોતાના પુત્ર હાનિબાલ પાસે દેવમંદિરમાં શપથ લેવડાવેલા કે, 'રોમ સાથેનું વેર હું ચિરંજીવ રાખીશ.'

રોમ સાથે જળ અને જમીન બંને માર્ગે યુદ્ધ ચાલુ રાખી શકાય તે માટે હામિલકારે સ્પેનમાં કિલ્લેબંદી ઊભી કરેલી, પરંતુ રોમનોએ કાર્થેજના કબજા નીચેનાં જીતી, લીધીનાં સાર્ડાનિયા, સિસિલી વગેરે ટાપુઓ પાછા મેળવ્યા વિના જ અવસાન પામતાં અને હાનિબાલ ત્યારે હજુ ઉંમરલાયક ન હોતાં કાર્થેજનું સેનાપતિપદ હાનિબાલના સસરા હાસ્દ્રુબાલે સંભાળ્યું.

હાનિબાલને તેના પિતાએ નવ વર્ષની વયથી યુદ્ધમાં પલોટેલો. તેના સ્પેનના વિજય વખતે પણ હાનિબાલ સેનામાં તેની સાથે હતો. પિતા પાસેથી યુદ્ધની પૂરી તાલીમ પામેલા

હાનિબાલના અંતરમાં પોતે દેવમૂર્તિ સમક્ષ લીધેલા શપથની આગ સતત ધૂંધવાતી જ રહેલી, અનેક યુદ્ધોના અનુભવ બાદ જ્યારે તેને લાગ્યું કે હવે પોતે રોમ પર વેર લેવા માટે પૂરેપૂરો સક્ષમ છે કે સેનાની સરદારી પોતાના હાથમાં લઈ ઈ.પૂ. ૨૧૮માં નામમાત્રના રોમન કબજા નીચેના સ્પેનમાંના સાગંટુમ પર આક્રમણ કરી તે જીતી લીધું.

રોમ ચોંકી ઊઠ્યું. તેના અધિકારીઓએ કાર્થેજ આવી પહોંચી હાનિબાલની શરણાગતિ માગી. કાર્થેજ એ માટે તૈયાર ન થતાં રોમન દૂતે કહ્યું, 'અમે તમને યુદ્ધ તેમ જ શાંતિ આપવા માગીએ છીએ, તમે એ બેમાંથી શું પસંદ કરો છો?' કાર્થેજવાસીઓએ જવાબ આપ્યો, 'તમે જે આપવા ઇચ્છો એ.' જવાબ મળ્યો, 'સારું, હું તમને યુદ્ધ આપતો જાઉં છું.'

શપથની આગમાં અંતર્દાહ અનુભવતા રહેલા હાનિબાલે છવીસમા વર્ષમાં પ્રવેશતાં જ કાર્થેજવાસીઓના આગ્રહથી પોતાના સસરા પાસેથી કાર્થેજનું સેનાપતિપદ પ્રાપ્ત કરવાની સાથે જ એક ભયંકર નિર્ણય લીધો, અને તે દુશ્મન રોમ પર જ સીધું આક્રમણ લઈ જવાનો. ત્યાં પહોંચવા આડે પીરીનીઝ અને આલ્પ્સની પર્વત શ્રેણીઓની ગગનચુંબી દીવાલો ખડી હતી. જ્યાં ને ત્યાં દુશ્મન જાતિઓનાં થાણાં પથરાયેલાં હતાં, લાંબી કંટાળાભરી દડમજલ સાથે નાનીમોટી બીજી અનેક મુશ્કેલીઓ હતી, જે સામે ચાહે તેવો રણશૂર સેનાપતિ પણ હામ હારી બેસે પણ એ તમામ કૃતસંકલ્પ હાનિબાલની આગેકૂચને રૂંધવા કમતાકાત નીવડી. નોંધપાત્ર હકીકત એ છે કે આ ભયાવહ કૂચ સામે હાનિબાલની વિશાળ સેનામાંથી એક પણ સૈનિકે વિરોધનો શબ્દસરખો નહોતો ઉચ્ચાર્યો, જે સેનાપતિ તરીકેની તેની વિશ્વસનીયતા દર્શાવી આપે છે.

પાતળિયા પણ સુદૃઢ બાંધાના હાનિબાલને વિષે પૂરી માહિતી ક્યાંયે નથી મળતી, તેના હાથનું કોઈ લખાણ ઉપલબ્ધ નથી, પણ એ તરુણ સેનાનીમાં સૈનિકનું ખમીર સોળે કળાએ ખીલી ઊઠ્યાનું તો તેના દુશ્મનોએ પણ કબૂલ કરેલ છે. દોડ, મુક્કાબાજી અને ઘોડેસવારીમાં તો એ એક્કો હતો જ, અને પોતાની અંગત અને લશ્કરી તાકાત પર જ તેણે જગતનેતૃત્વપદે પહોંચેલા રોમને પડકારવાનું બીડું ઝડપેલું. એને જેટલાં શ્રમ અને શૌર્ય સુસાધ્ય હતાં એટલી જ સુસાધિત હતી તેની સમયસૂચકતા.

આખો શિયાળો વહી જવા દઈને ઈ. પૂ. ૨૧૮ની વસંત ઋતુમાં ૯૦,૦૦૦ પાયદળ, ૨૦,૦૦૦ હયદળ અને ૩૭ હસ્તિદળ સહિત તેણે કૂચ આદરી દીધી. રસ્તે એમના પક્ષની એક પછી એક જાતિને પરાજિત કરી આગળ વધતા રહી તેણે પીરીનીઝની પર્વતશ્રેણી તો ઓળંગી, પણ આગળ આવતી આલ્પ્સની ઉત્તુંગ પર્વતશ્રેણીનો એને કશો પૂર્વાનુભવ ન હતો.



હાનિબાલ

અશોક હર્ષ

રસ્તે ર્‌હોન નદીનો વેગીલો પ્રવાહ જલદી પાર ઊતરવા દે તેમ ન હતો. પરંતુ હાનિબાલને રોમ પહોંચવામાં થતી ઢીલ જરાયે સહ્ય નહોતી. તેણે પોતાના એક સેનાનાયક હાનોને બોલાવ્યો, અને ઘોડાઓને હોડીઓ સાથે બંધાવી નદી પાર કરવાનો હુકમ કર્યો. વચ્ચે કેટલાક હાથીઓએ ગાંડા બની મ્હાવતોને ડુબાડી દીધા, પરંતુ આખીયે સેના સહીસલામત પાર ઊતરી ગઈ.

પણ સામા કાંઠે ગોલલોકો તેનો માર્ગ રોકવા ખડા જ હતા. હાનિબાલે એ તમામને ઘેરી લેતાં તેઓ લડ્યા વિના જ શરણે થઈ ગયા. હાનિબાલે જીતેલા સર્વ મુલ્કોમાં પોતાના સૈનિકોનાં થાણાં સ્થાપતા જવાની નીતિ અખત્યાર કરેલી, એથી એને બેવડો લાભ હતો. એક તો રોમને એની આગેકૂચની જાણ થવા ન પામે, અને બીજો એ કે, પરાજિત જાતિઓમાંથી તેને વધુ સૈનિકો મળી રહે.

અને હવે હાનિબાલ સામે ખડી હતી આલ્પ્સની દુર્બંધ ગિરિમાળા જે ઓળંગી જવાની એની હિંમત આજ પણ ગજબનાક ગણાય એવી હોઈને જગત આજે બે હજાર વર્ષ વીતી ચૂક્યા છતાં તે પર આશ્ચર્ય અનુભવ્યા વિના નથી રહેતું. એ



બેટલ ઑફ ઝામામાં હાનિબાલની હાર


કરાળ માર્ગ ઓળંગવાની હિંમત એના પછી વીસ સૈકા બાદ માત્ર નેપોલિયને બતાવેલી. આફ્રિકાની ધખતી ભૂમિના અને સ્પેનના શીતોષ્ણ પ્રદેશના વાસીઓનાં તો આલ્પ્સનાં હિમછાયાં શિખરો જોતાં જ જાણે ગાતર ગળવા માંડ્યાં. તેમની ચણભણ કાને પડતાં હાનિબાલે ચોખ્ખું સંભળાવી દીધું કે, જેમને આગળ ન વધવું હોય તે પાછા જઈ શકે છે, કેમ કે તે જાણતો હતો કે હામ હારી બેઠેલા સૈનિકો કદી લડી શકે નહિ અને એવાઓને એણે છૂટ આપતાં ૧૧,૦૦૦ સૈનિકો પાછા ફરી ગયા. પણ હાનિબાલનો સંકલ્પ એથી જરાયે મોળો પડે તેમ ન હતો, તેણે તો કૂચ ચાલુ જ રાખી. સૈનિકોને પોરસ ચડાવવાની આવડત એનામાં હતી. રસ્તે કોઈ નદી આવતાં તે કહેતો, 'એની સામે પારના લોકો આપણા મિત્રો છે.' અવારનવાર ક્ષિતિજ તરફ હાથ લંબાવતો તે કહેતો, 'ઓહ, પણે રહ્યું રોમ!'

કાળનાં દાંતિયાં જેવી તમામ મુશ્કેલીઓ ઝીલતી કાર્થેજની સેના આગળ વધતી જ રહી. ઘાટોમાંથી પસાર થતાં દુશ્મનો તરફથી વરસાવવામાં આવતાં બાણો અને પહાડો પરથી ગબડાવવામાં આવતા પથ્થરોનાં મોટાં ગચિયાંનો મારો ચાલુ જ હતો. એ વચ્ચે થઈને પણ તેણે એ કરાલશીત ગિરિમાળા પૂરા અરમાન સાથે ઓળંગી કાઢી.

ચઢાણ તો પતી ગયું, પણ ઊતરાણ પણ ઓછું વસમું નહોતું. વરસતા બરફથી રસ્તો લપસણો બની ગયો હતો. બેદરકારીથી ભરાયેલું એક જ પગલું ઊંડી ગર્તામાં હોમી દે તેમ હતું. તેમાંયે એક કેડીથી આગળ વધવાનો કોઈ રસ્તો નહોતો. બીજો કોઈ કશા માર્ગના અભાવે નિરાશાથી ઘેરાઈ જાત, પણ હાનિબાલ એવી સામાન્ય માટીનો નહોતો. તેણે ત્યાં જ પડાવ નાખીને સૈનિકોને કુહાડીઓ અને કોદાળીઓ સાથે કામે લગાડી દીધા. પાંચ દિવસ બાદ હાથીઓ ચાલી શકે તેટલી પહોળી અને અન્ય કેડી સાથે જોડતી બીજી કેડી ખોદાઈ પૂરી થઈ. એ સાંકડી કેડીએ સેના આગળ વધી, પણ કેટકેટલી જિંદગીઓના ભોગે? ઇટલીમાં આવેલી એઓસ્તાની ખીણ તેણે પસાર કરી ત્યારે તેની પાસે કેવળ ૬૦૦૦નું હયદળ અને ૨૦,૦૦૦નું જ પાયદળ રહ્યું હતું.

સિકંદરના બ્યુકિફેલસ કે રાણા પ્રતાપના ચેતક જેવા જ જાતવાન ઘોડા ન્યુમીડિયન પર પો નદી પાર કરી હાનિબાલ ઈટલીની તળધરતી પર પહોંચ્યો. રોમ તરફથી એનો સામનો કરતા ત્રાસિમીનસ સરોવરના ટૂંકા માર્ગે ફ્લેમેનિયસ તેની ૪૦,૦૦૦ની વિશાળ ફોજ સાથે આવી પહોંચ્યો. હાનિબાલે પહેલેથી જ આ ગણતરી કરી રાખેલી, એટલે એ પ્રમાણે વ્યૂહ યોજી કાઢ્યો. સરોવરનો સાંકડો માર્ગ એક ઘાટમાંથી પસાર થતો હતો. હાનિબાલે ફ્લેમેનિયસથી પહેલાં ત્યાં પહોંચી ઘાટના બંને છેડાની વનરાઈમાં પોતાના સૈન્યને સંતાડી દીધું જેથી ફ્લેમેનિયસ ઘાટમાં સેના સાથે પ્રવેશતાં જ બંને બાજુથી તેના પર તૂટી પડ્યાં. અંધારું ઘેરાતાં ફ્લેમેનિયસે રાત ગુજારવા ઘાટમાં જ પડાવ નાખ્યો ત્યાં બંને બાજુથી કાર્થેજની સેના તેના પર તૂટી પડી, અને મોટા ભાગના સૈનિકો ગુમાવી રોમની સેનાને

ત્રાસિમીનસ સરોવરની લડાઈ



કાર્થેજથી હાનિબાલની વિદાય



વેરવિખેર નાસવું પડ્યું. ફ્લેમેનિયસ પોતે આ યુદ્ધમાં હણાઈ ચૂક્યો.

રોમને આ પરાજયની કળ વળતાં વાર લાગે એમ હોઈને હાનિબાલે પોતાના શપથની આંશિક પૂર્તિના આનંદમાં એ આખો શિયાળો આરામમાં ગાળ્યો. રોમન કૉન્સલફેબિયસ લડવા માટે તૈયાર નહોતો, કેમ કે રોમના ચુનંદા સૈનિકો યુદ્ધમાં ખપી ગયાનું તે જાણતો હતો. પણ વિરોધીઓના ઊહાપોહને લઈને એને નવું લશ્કર ઊભું કરવું પડ્યું. હાનિબાલે અગાઉ કરેલું તેમ આ વખતે રોમન સેનાપતિએ કેન્ની નજીકના એક ઘાટમાં હાનિબાલની સેનાને ફસાવવાનો પ્રયત્ન કરેલો. આ સામે હાનિબાલે પોતાના સૈનિકોને બને તેટલાં ઢોર ભેગાં કરવાનું અને તેમનાં શીંગડાં પર સળગતી મશાલો બાંધી તેમને તગડી મૂકવા કહ્યું. આ રીતે નાસતાં ઢોર અન્ય માર્ગ ન રહેતાં ટેકરીઓ પર નાસવા માંડતાં ફેબિયસને થયું કે કાર્થેજિયનો ટેકરીઓ પર નાસી રહ્યા છે. એટલે ઘાટનો કબજો છોડી તેણે લશ્કરને આગળ વધાર્યું કે, કાર્થેજિયનો રોમન સૈનિકો પર તૂટી પડ્યા.

કેન્નીના યુદ્ધમાંથી રોમનોના ગણ્યાગાંઠ્યા સૈનિકો જ બચવા પામ્યા. આ યુદ્ધથી તે લગભગ રોમની ભાગોળ સુધી આવી પહોંચ્યો. એના હયદળના નાયક મહરબાલે તો કહ્યું કે 'પાંચ દિવસ પછી આપણે રોમમાં ઉજાણી કરતા હોઈશું.' પણ હાનિબાલ એટલો અધીરો નહોતો. નાસતા રોમન સૈનિકોનો પીછો પકડવાને બદલે તેણે ઇટલીની સમૃદ્ધ નગરી કાપુઆમાં ગાળવાનું નક્કી કર્યું. એણે એ જ વખતે રોમ પર આક્રમણ કરી દીધું હોત તો તેનો વિજય નક્કી હોવાનો કેટલાકનો અભિપ્રાય છે. કેન્નીના યુદ્ધમાં હણાયેલા રોમન સૈનિકોની આંગળીઓથી એણે સોનાની વીંટીઓ ઉતરાવી લીધેલી અને ત્રણ કોથળા ભરી તે કાર્થેજ મોકલી આપેલી. પરંતુ આટલાં વર્ષોનાં કાર્થેજમાંના તેના દેશભાઈઓએ તેને કશી મદદ મોકલેલી નહિ, જ્યારે તેનું સૈન્ય ઉત્તરોત્તર વધુ ને વધુ ઘટતું ચાલ્યું હતું

અહીં હાનિબાલે મદદની બે જણ પાસેથી આશા રાખેલી. એક તો મેસિડોનિયાના રાજા ફિલિપની જે નિષ્ફળ ગઈ, બીજી એના ભાઈ હસ્દ્રુબાલની, પણ રોમનોએ તેને જબરી શિકસ્ત આપતાં એ આશા પર પણ પાણી ફરી વળ્યું. હસ્દ્રુબાલ પણ એ યુદ્ધમાં વીરમૃત્યુને ભેટી ચૂક્યો. રોમન સેનાપતિ કલૉડિયસ નીરોએ તેનું મસ્તક હાનિબાલ પર મોકલી આપ્યું.

રોમના સ્થાને કાર્થેજને ત્યારના જગતનું શિરોમણિ બનાવવા ચચ્ચાર વરસથી મથી રહેલા હાનિબાલને તો તેના દેશવાસીઓ ભૂલી ચૂક્યા હતા, સામે ખુદ દેશને પણ, અને અંદરોઅંદર ઝઘડવા માંડ્યા હતા હાનિબાલની લશ્કરી તાકાત ઓસરતી જતી હોવાનું જાણી તેના જીતેલા પ્રદેશો એક પછી એક પાછા રોમની આણ નીચે જવા માંડ્યા હતા. રોમની તાકાત વધતાં તેણે સિસિલી અને સાર્ડાનિયા પાછાં જીતી લીધાં હતાં. કાપુઆ પણ સલામત નહોતું, જ્યારે રોમનો ચુનંદો સેનાપતિ પબ્લિયસ સ્કિપિયો સ્પેન જીતી કાર્થેજના મુલ્કમાં પ્રવેશી ચૂક્યો હતો. હાનિબાલ પરિસ્થિતિ પામી અને રોમ જીતવાનો ખ્યાલ પડતો મૂકીને રહ્યાસહ્યા સૈન્ય સાથે કાર્થેજને બચાવવા ઊપડ્યો. લડીલડીને થાકેલું પોતાનું અવશિષ્ટ સૈન્ય વિશાળ રોમન સૈન્ય સામે ટકી શકવાની આશા ન હોઈ તેણે સંધિ કરી લેવાનું નક્કી કર્યું, પરંતુ સ્કિપિયો તે માટે તૈયાર નહોતો. ઝામા આગળ તુમુલ યુદ્ધ જામ્યું. ભારે ખુવારી સાથે હાનિબાલ કાર્થેજ પહોંચ્યો. રોમ કાર્થેજ સાથે સંધિ માટે તૈયાર હતું, પણ હાનિબાલ સાથે નહિ. સંધિમાં કાર્થેજને માથે ભારે ખંડણી નાખી તેનાં શસ્ત્રો અને તેનાં જહાજો જપ્ત કરવામાં આવ્યાં. હાનિબાલ પર આ સંધિ તોડવાનો આક્ષેપ મૂકવામાં આવતાં તે એને પોતાનું અંગત વેર લેવાનું બહાનું સમજી કાર્થેજ છોડી સીરિયાના ગ્રીક રાજવી ઍન્ટિઓક્સ પાસે ચાલ્યો ગયો. બાદ રોમનોએ કાર્થેજનું એકેએક ઘર લૂંટી, તોડી, સળગાવવા માંડ્યું. એક સમયના મહાન કાર્થેજનું તેમણે નામનિશાન રહેવા ન દીધું.

ઍન્ટિઓક્સના દરબારમાં સ્કિપિયોને હાનિબાલનો ભેટો થઈ જવા પામ્યો, કેમ કે તે રોમના એલચી તરીકે આવ્યો હતો. તેણે સહસા હાનિબાલને પૂછ્યું. 'જગતના મહાન સેનાપતિઓ કોણ?' હાનિબાલે જવાબ આપ્યો : 'પહેલો સિકંદર, બીજો પીરૂસ અને ત્રીજો હું.'

'પણ તમને તો મેં હરાવ્યા છે.' સ્કિપિયો બોલ્યો.

'એટલે તો મારો નંબર મેં ત્રીજો મૂક્યો છે, નહિતર તો પહેલે નંબરે હું જ આવત.'

રોમનો એશિયામાં પણ પોતાની પીઠ પકડશે એવો ખ્યાલ હાનિબાલને ન હતો. સીરિયા બિનસલામત લાગતાં તે બીથીનિયા ગયો. રોમનોએ ત્યાંના રાજવીને હાનિબાલ પોતાને સોંપી દેવા જણાવ્યું. રાજવીએ જવાબ આપ્યો કે, અતિથિધર્મની વિરુદ્ધનું પગલું પોતે નહિ લે, રોમનોએ જાતે આવીને તેનો કબજો મેળવવો.

થયું. રોમનો આવી પહોંચ્યા. હાનિબાલ રહેતો હતો એ મકાન ઘેરી લીધું. હાનિબાલ ઝેરની પડીકી હંમેશાં પોતાની સાથે જ રાખતો. તેના નોકરે ઘર ઘેરાયાની જાણ કરતાંની સાથે જ તે એ ઝેર ઘોળીને પી ગયો. એનો ઘૂંટ ગળે ઉતારતી વખતના તેના આખરી શબ્દો હતા : 'આવો, આવો, રોમનોને તેમની ચિંતામાંથી મુક્ત કરીએ, એમનાં દ્વેષ અને તિરસ્કાર એટલી હદે છે કે, અરધા તો મરી ચૂકેલા આ બુઢ્ઢાનું ખૂન તેઓ માગે છે.' □

ખેલ



* દુર્ગેશ ઓઝા *

રામજી નામધારી નટ-બજાણિયાનો ખેલ શરૂ થયો. જમીન પર ટેકવેલા વાંસડાના સહારે એક યુવાન ઉપર ચડવા લાગ્યો. આજના ખેલની નવીનતા કે વિશેષતા... જે ગણો તે આ દેખાવડો, તંદુરસ્ત યુવાન હતો, જેને આ પહેલાંના ખેલોમાં કોઈએ ક્યારેય નહોતો દીઠો. મોટા ભાગે તો રામજીની પત્ની ગંગા ઢોલ કે એવું વાજિંત્ર વગાડતી ને રામજી અને એનો દીકરો મોહન ખેલ કરતા. એને બદલે આજે રામજી બીજા પાસે ખેલ કરાવીને 'નવો ખેલ' કરતો હતો! એ નવોસવો યુવાન દોરડા પર ચાલવાનો જોખમી ખેલ પાર પાડવા જઈ રહ્યો હતો. એ દોરડાને દોરડું કહેવુંય મુશ્કેલ બને એટલી હદે એના વળ વીંખાઈ ગયા હતા. હા, એને પાતળી દોરડીનું નામ આપી શકાય. જોકે રામજી માટે તો આ નાનકડી દોરી જીવાદોરી સમ હતી ને વાંસ હતો એનો શ્વાસ. વંશપરંપરાગત ચાલી આવતા આ ખેલને રામજી નિષ્ઠાપૂર્વક વળગી રહ્યો હતો.

વાંસડાના ઉપલા ભાગમાં એ યુવાન સમતુલા જાળવી બેસી ગયો ને પછી કમરે ભેરવેલી બંસરીને હોઠ પર મૂકીને એણે છેડી. ચોતરફ સૂરનું પૂર ફરી વળ્યું, જેને લીધે છટકી જવા માગતાં કેટલાંક દર્શકો જડવત્ ખોડાઈ આ ચેતનરૂપ સ્વરોને બસ સાંભળી જ રહ્યાં! ને કેટલાક નવા માણસો પણ ભીડમાં દાખલ થયા, જેમાં મધ્યમ તેમજ ઉચ્ચ ધનિક વર્ગનો પણ સમાવેશ થતો હતો. ખેલમાં બંસરીનો પ્રયોગ સૌપ્રથમ વાર થઈ રહ્યો હતો. તેણે સારું એવું આકર્ષણ જમાવ્યું. યુવાનની પ્રયોગશીલતા સૌ આનંદભેર માણી રહ્યા, જેમાં કુતૂહલ પણ ભળ્યું હતું.

થોડી વાર પછી બંસરીના સૂર થંભ્યા ને યુવાનના પગ નર્તન કરી રહ્યા. હા, હવે તેણે દોરડા પર ચાલવાનું શરૂ કર્યું હતું. જો એ જરા પણ સમતુલા ગુમાવે તો ખેલ ખલાસ.... ભૂલેચૂકેય જો એ 'નીચે' પડી જાય તો 'ઉપર' પહોંચી જાય એવો ખેલ ભજવાઈ રહ્યો હતો. લોકો વિવિધ અભિપ્રાય વ્યક્ત કરવા લાગ્યા.

'આ યુવાનને તો ખેલમાં પહેલી જ વાર જોયો હો! અપ-ટુ-ડેટ છે. લાગે છે તો ભણેલગણેલ. ઑફિસની ખુરશીને લાયક નથી લાગતો? વખાનો માર્યો લાગે છે. પેટ કરાવે વેઠ. આજકાલ નોકરી ક્યાં મળે છે? જે હોય તે. બાકી જુવાન છે તો ભારી રૂપકડો.. ખાનદાન કુટુંબનો લાગે છે. બોલો લાગી શરત....?'

ત્યાં વળી નવું કૌતુક સર્જાયું. દોરડા પર ચાલતા ચાલતા રામજી કે મોહન ક્યારેય કશું બોલતા નહિ. બોલવા માંડે તો પગ ડોલવા માંડે... હા, નીચે ઢોલ કે એવું વાજિંત્ર વાગતું. જ્યારે અહીં તો આ યુવાન સ્વસ્થપણે બોલીને લોકોના હૃદયને ડોલાવી રહ્યો!

'લેડીઝ ઍન્ડ જેન્ટલમેન, સે ઇન્ડિયા ઇઝ ગ્રેટ. રાધર હોલ વર્લ્ડ ઇઝ ગ્રેટ. વી ઑલ આર ફ્રેન્ડ્ઝ. આપણા સૌમાં પ્રેમની જ્યોતિ અખંડપણે પ્રકાશતી રહે. તમને સૌને મારી શુભેચ્છા. બેસ્ટ લક ટુ યુ ઑલ... સૌને રામરામ, સલામ...!'

અને યુવાનની આવી લહેકાદાર, લાગણીભરી વાક્ધારાથી ઉચ્ચ વર્ગના કાન સૌ પહેલાં ચમક્યા. 'માળો! આ તો અંગ્રેજીમાં બોલે છે! ગોખ્યું લાગે છે...ને ગુજરાતી પણ કેવું સુંદર! માણસ મુશ્કેલીમાં લાગે છે... આપણે યથાશક્તિ મદદ કરવી જોઈએ...' સૌ હૃદયની ભાષામાં એકબીજા સાથે, પોતાની સાથે વાતચીત કરી રહ્યાં. બધા ધર્મને સાંકળી લેતાં વાક્યોની પ્રેમસભર રજૂઆત વડે યુવાને લોકોનું મન જીતી લીધું. બોલે તેના બોર વેચાય તે આનું નામ. ફરી એણે સૂરો વહેતા કર્યા ને લોકો ભાવવિભોર થઈ ઊઠ્યાં. થોડી ક્ષણો પછી એ સડસડાટ નીચે ઊતરી ગયો ને તાળીઓનો ગડગડાટ વરસી રહ્યો. એની સમતોલનકળા ચોમેર પ્રશંસાને પાત્ર બની.

પોર્ટફોલીઓ લઈને એ યુવાન લોકો વચ્ચે ફરી રહ્યો. 'હેલ્લો, વીલ યુ પ્લીઝ હેલ્પ?' એવી અંગ્રેજી ભાષા અને 'આપશો' એવું ગુજરાતી એ બોલી રહ્યો ને એ પણ એવી વિવેકપૂર્ણ રીતે, સસ્મિત વદને, સંસ્કારી ભાષામાં.... કે એના પ્રભાવ હેઠળ આવી ગયેલા કોઈએ એનો બોલ ઉથાપવાની ચેષ્ટા સુધ્ધાં ન કરી. પૈસા માગતી વેળા અણગમો દર્શાવવો, મુખ ફેરવી નાસી છૂટવું, એવાં રોજિંદાં દૃશ્યોથી ટેવાઈ ગયેલા રામજીને આજે સાનંદાશ્ચર્ય થયું. ઊલટું, લોકો એ યુવાનની પીઠ થાબડી તેને નોકરીની ઑફર પણ કરી રહ્યા હતા! એ યુવાન આભાર વ્યક્ત કરતો કરતો આગળ વધતો ગયો.

અંતે ભીડ વિખરાવા લાગી. નટ રામજી તરફ પેલા યુવાને ડગ માંડ્યાં. ત્યાં જ એક અંગ્રેજ મૅડમે સાદ પાડી તેને પોતાની પાસે બોલાવ્યો. યુવાને રામજીને પણ સાથે લીધો. યુવતી પ્રશંસાના સૂરમાં બોલી ઊઠી :

'વન્ડરફુલ મ્યૂઝિક ઍન્ડ યૉર પ્લે... મને થોડું થોડું ગુજરાતી ફાવડે છે'. 'બેન, 'ફાવડે' નહિ, ફાવે છે, આવડે છે એમ કહે-વાય.' રામજી બોલી ઊઠ્યો. યુવાને રામજીની વાતને અંગ્રેજીમાં સ્પષ્ટ કરી ને તરત જ મુક્ત ત્રિકોણી હાસ્ય સર્જાયું. 'ઓ કે...ઓ કે.' કહી મૅડમે સો રૂપિયાની નોટ યુવાનને આપતાં પૂછ્યું :

(અનુસંધાન પૃ. ૪૧૫ ઉપર)

પુરાતત્ત્વક્ષેત્રે ક્ષ-કિરણો

—પ્રહ્લાદ છ. પટેલ—

કોઈ પણ પદાર્થ કે અવશેષની ક્ષ-કિરણો વડે લીધેલી તસ્વીરને રેડિયોગ્રાફી કહે છે. પુરાતત્ત્વવિદો, સંરક્ષકો અને પુરાતત્ત્વવિજ્ઞાનીઓ માટે રેડિયોગ્રાફી અવશેષોના વૈજ્ઞાનિક અભ્યાસ સારુ એક સબળ સાધન છે. ખોદકામ દરમિયાન મળી આવતા નમૂનાઓ ઉપર મોજૂદ કલા અને પર્યાવરણીય વિગતોના સંશોધન માટે ક્ષ-કિરણ-રેડિયોગ્રાફીની પદ્ધતિ રોજબરોજ સંપન્ન થતી જાય છે. પુરાતાત્ત્વિક પદાર્થો ઉપરથી ઉપલબ્ધ થતી માહિતીઓ ક્ષ-કિરણોની મદદથી વધુ ને વધુ સુદૃઢ થતી જાય છે. ઘણાં વર્ષો પૂર્વે ઈરાનના રાજાઓ અને મહાપુરુષોના મૃતદેહોને પિરામિડોમાં મમી સ્વરૂપે સાચવી રાખ્યા છે. આ સાથે સાથે કેટલાંક હાડપિંજર પણ જાળવી રાખેલાં છે. યુદ્ધ પૂર્વે આ બધાંનું વિશિષ્ટ એટલે કે ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ હતું, પણ યુદ્ધ બાદ તેમનું જુદા જ એટલે કે વૈજ્ઞાનિક અને વૈશ્લેષિક દૃષ્ટિકોણથી પરીક્ષણ થઈ રહ્યું છે. ખોદકામ દરમિયાન મળી આવતા અવશેષોમાં લોહ-પદાર્થો ઉપર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે. મમી, હાડપિંજરો અને લોહ-પદાર્થો ઉપર આધુનિક પ્રયુક્તિઓ દ્વારા કેટલીક પાયાની વિગતો મેળવવામાં સફળતા મળી છે.

રોંજને પોતાની પત્નીના હાથના ક્ષ-રેડિયોગ્રાફનો પ્રયોગ કર્યો ત્યાર બાદ ઘણા લાંબા સમય સુધી તેનો અન્ય ક્ષેત્રે ઉપયોગ થયો નહિ. પુરાતાત્ત્વિક સંરક્ષકોએ ૧૯૬૦ સુધી પુરાતાત્ત્વિક પદાર્થોનું પરીક્ષણ ક્ષ-કિરણો વડે કર્યું ન હતું. ૧૯૭૦ બાદ આવા પદાર્થોનો ક્ષ-કિરણો વડે અભ્યાસ શરૂ થયો. ૧૯૫૪માં મૉસ-(Moss)ના સંશોધકે સંગ્રહાલયની વસ્તુઓના અભ્યાસની ક્રિયાવિધિમાં ક્ષ-કિરણો અને ગેમા-કિરણોનો ઉપયોગ કરવા માટે શ્રેણીબદ્ધ માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરી. પણ સારા એવા સમય સુધી તેનો ઉપયોગ થયો નહિ. ૧૯૭૧માં કેટલાક પદાર્થો અને અવશેષોમાં રહેલ લોખંડની આંતરિક સ્થિતિ જાણવા માટે ક્ષ-કિરણ રેડિયોગ્રાફીનો ઉપયોગ કરવામાં આવ્યો.

ક્ષ-કિરણો સારી એવી ભેદનશક્તિ ધરાવે છે એટલે કે ઘન પદાર્થોમાં તે આરપાર નીકળી જાય છે. અલબત્ત, તે દરમિયાન તેમનું ઓછા-વત્તા પ્રમાણમાં શોષણ થાય છે. શોષણાંકને આધારે આવા પદાર્થોના કેટલાક ગુણધર્મો જેવા કે ઘનતા, અપારદર્શકતા અને પદાર્થની ભેદનશક્તિનો ખ્યાલ આવે છે. ક્ષ-કિરણોના વિવર્તનને કારણે પદાર્થમાં અણુઓ-પરમાણુઓની ગોઠવણીનો અભ્યાસ થઈ શકે છે. આવાં કારણોને લીધે પ્રારંભમાં પુરાતાત્ત્વિક પદાર્થોના અભ્યાસ માટે રેડિયોગ્રાફીનું ખાસ મૂલ્ય હતું. ક્ષ-કિરણો જમીન ભેદીને અંદર જઈ શકતાં હોઈ પૃથ્વીના પેટાળમાં માટી સાથે જકડાઈ રહેલા અને બાહ્ય પદાર્થોના ખવાણને લગતી માહિતી ઉપલબ્ધ થઈ શકી. આ રીતે ભંગારમાં પડેલા અનિયમિત આકારના પદાર્થોને જુદા પાડવાનું શક્ય બન્યું. સંરક્ષકો રેડિયોગ્રાફ વડે પદાર્થોનો અભ્યાસ કરે છે ત્યારે તેમને માત્ર કદ અને આકારની જ માહિતી મળતી નથી પણ તે ઉપરાંત પદાર્થ કેટલી હદે વિકૃત થયો છે તે પણ જાણી શકાય છે. ક્ષ-કિરણ રેડિયોગ્રાફી વડે પદાર્થની ઢગલાબંધ માહિતી ઉપલબ્ધ થાય છે, જેને આધારે પદાર્થનું જે તે સ્વરૂપ ટેકનોલૉજિકલ કૌશલ્યનું પ્રદાન કરે છે. પદાર્થોના રેડિયોગ્રાફી અભ્યાસ ઉપરથી ખ્યાલ આવી શકે તેમ છે કે તે સમયના કારીગરો પાસે ધાતુઓને લગતું ઘણું જ્ઞાન હતું અને તેમનામાં ટેકનોલૉજિકલ આવડત પણ હતી. આ ઉપરાંત રેડિયોગ્રાફી ભૂતકાલીન ટેકનોલૉજિકલ પ્રગતિનું રેખાચિત્ર પણ તૈયાર કરે છે.

આકૃતિ-૧]



[આકૃતિ-૨



રોમન અને ઍન્ગ્લોસેક્સન સમય બાદ રેડિયોગ્રાફીએ કેટલીક જટિલ હકીકતો ખુલ્લી પાડી છે. તેને આધારે જાણી શકાયું છે કે તે સમયે કારીગરો લોખંડ વિષે ઘણું

જ્ઞાન ધરાવતા હતા. લોહ-ઉત્પાદનની ગુણવત્તા સુધારવા માટે અને લોખંડના વિવિધ ઉપયોગોની દિશામાં સારો વિકાસ કર્યો હતો. રેડિયોગ્રાફીથી જાણી શકાયું છે કે દૂર ભૂતકાળમાં કાર્બુરીકરણ દ્વારા ઘડતર લોહમાંથી સ્ટીલ બનાવવાની જાણકારી પ્રવર્તતી હતી. કોઈ પણ પદાર્થની સપાટી ઉપર કાર્બનના કણોનું પાતળું પડ ચડાવવાની પ્રક્રિયાને કાર્બુરીકરણ કહે છે. તલવાર અને બીજાં હથિયારો ઉપર કરેલી કાર્બુરીકરણની પદ્ધતિનો ખ્યાલ રેડિયોગ્રાફી વડે આવી શકે છે.

રેડિયોગ્રાફી વડે લોહ-પદાર્થોનો અભ્યાસ થાય છે તે સાથે અન્ય ધાતુઓનો પણ અભ્યાસ થાય છે. કાંસ્યયુગમાં તલવાર, ભાલાની અણી અને ખંજર જેવાં ઘાતક હથિયારો ઉપર ઢાળણ પ્રક્રિયા કરવામાં આવતી હતી જેનો અભ્યાસ ક્ષ-કિરણ રેડિયોગ્રાફી વડે થઈ શકે છે. ખોદકામ દરમિયાન મળી આવેલાં સિરેમિક પાત્રોનો પારગમન રેડિયોગ્રાફી વડે અભ્યાસ કરતાં માલૂમ પડ્યું છે કે ક્ષ-કિરણો આવાં પાત્રોની આરપાર નીકળી શકે છે. પણ પ્રકીર્ણન રેડિયોગ્રાફી વડે આવાં પાત્રોનો વધુ સંતોષકારક રીતે અભ્યાસ થાય છે. આકૃતિ-૧માં પારગમન રેડિયોગ્રાફી વડે પાત્રનું લીધેલું ચિત્ર છે. આકૃતિ-૨માં તે જ પાત્રનું પશ્ચમપ્રકીર્ણન રેડિયોગ્રાફીથી લીધેલું ચિત્ર છે. બંને ચિત્રોની તુલના કરતાં જણાઈ આવે છે કે પ્રકીર્ણન રેડિયોગ્રાફીનું ચિત્ર વધુ સ્પષ્ટ અને બહેતર છે તથા વિગતો સારી રીતે આપે છે. અવશેષરૂપે મળતાં ચીની માટીનાં પાત્રોની રેડિયોગ્રાફી વડે તેમની રચના કરવા માટેની રીતની જાણકારી મળી રહે છે. ચમકદાર (glazed) ચીનાઈ માટીનાં પાત્ર ઉપર કઈ જગાએ ધાતુના ભારે વર્ણકો (pigments)નો ઉપયોગ થયો છે અને ક્યાં સીસાનો ઢોળ ચઢાવ્યો છે તે ક્ષ-કિરણો વડે જાણી શકાય છે.

પુરાતાત્ત્વિક સ્થળો ઉપરથી મળી આવેલા માનવીય અને પાશવિક અસ્થિઓનો અભ્યાસ ક્ષ-કિરણો વડે વધવા લાગ્યો છે. તે ઉપરથી અસ્થિ ઉપર પોષક આહારની અસરનો અંદાજ મેળવી શકાયો છે, હાડકાં અને હાડપિંજરના વિકાસની જાણકારી ઉપલબ્ધ થઈ શકી છે. મમીના અભ્યાસ માટે રેડિયોગ્રાફી મહત્ત્વનું સાધન બની રહ્યું છે. સંગ્રહાલયમાં રાખેલા મમીનો અભ્યાસ કરવા માટે તેના ઉપર રાખેલું આવરણ દૂર કરવું પડે છે. અને તે દૂર કરવા માટે તેના અધ્યક્ષો નારાજ હોય છે. તેવે સમયે મમીના અભ્યાસ માટે ક્ષ-કિરણ-રેડિયોગ્રાફી સિવાય બીજો વિકલ્પ નથી.

ભૂતકાળના કારીગરોની કુશળતા અને તેમની કૃતિઓના ગુણદર્શન પરત્વે રેડિયોગ્રાફી વડે ભારે ક્રાંતિ થઈ છે. એક સમય એવો હતો જ્યારે ક્ષ-કિરણ-રેડિયોગ્રાફીનો ઉપયોગ માત્ર દવાખાનાંઓમાં થતો હતો. આથી પુરાતાત્ત્વિક પદાર્થોના અભ્યાસ માટે દવાખાનાંઓ ઉપર આધાર રાખવો પડતો હતો. પણ હવે તો કેટલાંક સંગ્રહાલયોમાં રેડિયોગ્રાફીની સવલતો ઉપલબ્ધ છે. રેડિયોગ્રાફીની ક્રિયાવિધિમાં રહેલી ગુંજાશ અને તાકાતનો પુરાતત્ત્વવિદ્ અને સંરક્ષકોએ ઝડપથી સ્વીકાર કર્યો છે. ચેશાયરમાંથી મળી આવેલ લોહયુગના માનવશરીરનો કમ્પ્યૂટરની મદદથી ટોમોગ્રાફી (CAT-Computer Aided Tomography) કરીને તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મમીના અભ્યાસમાં પણ CAT- પદ્ધતિનો વ્યાપક રીતે ઉપયોગ કરવામાં આવે છે. તેને આધારે વિકૃતિજન્ય ફેરફારો અને મમીકરણ પ્રક્રિયાઓ સમજવાનું સરળ બન્યું છે. શબને જાળવી રાખવા માટે તેમાં મસાલા ભરવાની પ્રક્રિયાને મમીકરણ કહે છે.

તાજેતરમાં માટીના બ્લોક સહિત લીધેલા પુરાતાત્ત્વિક પદાર્થોના પરીક્ષણ માટે ઝેરોરેડિયોગ્રાફીનો ઉપયોગ મહત્ત્વનો બનતો જાય છે. ઝેરોરેડિયોગ્રાફીની ક્રિયાવિધિમાં વિદ્યુતભારિત પ્લેટ ઉપર ગુપ્ત પ્રતિબિંબનું પ્રગ્રહણ કરવામાં આવે છે. ત્યાર બાદ પ્લેટ ઉપર વાદળી પાઉડર છાંટીને પ્રતિબિંબ વિકસાવવામાં આવે છે. આ પ્રતિબિંબને પ્લાસ્ટિકના પાતળા પડવાળા કાગળ ઉપર તબદિલ કરવામાં આવે છે. ત્યાર બાદ થોડુંક ગરમ કરવાથી પ્લાસ્ટિક અને પાઉડર એકમય બની જાય છે. સ્થાનગત વિદ્યુતભારના તફાવતને ઝેરોગ્રાફી સારો પ્રતિસાદ આપે છે. જુદી જુદી જાડાઈ ધરાવતા પદાર્થો પ્રત્યે તે ઘણો સારો પ્રતિભાવ આપે છે. ઘણી જાતનાં પુરાતાત્ત્વિક દ્રવ્યોના પરીક્ષણ માટે ઝેરોરેડિયોગ્રાફીનો પરીક્ષણ માટે ઉપયોગ થવા લાગ્યો છે.

આ રીતે ક્ષ-કિરણરેડિયોગ્રાફી પુરાતાત્ત્વિક પદાર્થોના અભ્યાસ માટે સબળ સાધન પુરવાર થતું જાય છે. રોંજનકિરણોના શતાબ્દી વર્ષમાં બે મહત્ત્વનાં પુસ્તકો નામે (૧) English Heritageમાં પુરાતાત્ત્વિક દ્રવ્યોમાં રેડિયોગ્રાફીની ગુંજાશ ઉપર અને (૨) British Musiumમાં સંગ્રહાલયોમાં રેડિયોગ્રાફી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પરિણામે કલાના નમૂનાઓના અભ્યાસ માટે ક્ષ-કિરણ રેડિયોગ્રાફીનો વ્યાપ વધતો જાય છે. □

એક શહેર, બે પ્રવેશ

— પ્રીતિ સેનગુપ્તા —



બેજિન્ગ. એ નામ મારી જીભ પર રમતું આવે છે, ને એને લગતાં સંવેદન તથા સ્મૃતિઓના સ્વાદથી જાણે મારું મોઢું ભરાઈ જાય છે. એક તો, ચીન જેવા રહસ્યમય દેશનું પાટનગર. બીજું, ઇતિહાસના સોનેરી વરખથી રસેલું. વળી, અતીવ - સુંદર સ્થાપત્યોથી સોહતું. એની ભૂગર્ભ-રેલની ખ્યાતિ પણ સાંભળેલી, અને એની સંગીત-નૃત્ય-નાટિકાઓ પણ શ્લાઘ્ય.

આ પ્રવાસનું અંતિમ ધ્યેય બેજિન્ગ હતું. મને થયું કે એ સારું જ હતું, કારણ કે આ રીતે બેજિન્ગ એક પરાકાષ્ઠા રૂપે મને મળવાનું હતું. એમ તો બીજાં બધાં શહેર પોતપોતાની રીતે વિશિષ્ટ હતાં : શાંઘાઈ પહેલેથી ધીકતું બંદર રહ્યું છે; નાનજિન્ગ ઐતિહાસિક ને ઔદ્યોગિક કેન્દ્ર રહ્યું છે; સુજો, હાન્ગજો, વુશિ વગેરે સૌંદર્ય-ધામ છે, છતાં બેજિન્ગની વાત ન્યારી જ હતી, એમ મને ત્યાં પહોંચ્યા પહેલાંથી જ લાગ્યા કરતું હતું.

નાનજિન્ગથી બેજિન્ગ જવા રાતની ટ્રેન લીધેલી. એમાં પંદર કલાક ક્યાંયે પસાર થઈ ગયા. ઊઠ્યાં ત્યારે નવો દિવસ ઊગી ગયો હતો, ને જાણે ભૂમિ પણ નવી જ હતી. ક્યારનાં દૂર દૂર રહી ગયાં હતાં પેલાં લીલાંછમ ખેતરો, નાનાં ઘરોનાં ઝૂમખાં, ક્ષિતિજ પરના પેલા પર્વતો. હવે આ ભૂમિ હતી સાવ સપાટ, સૂકી, પડતર જેવી. એ લાગતી હતી મોટા ભાગે સાવ નિર્જન. ક્યારેક દેખાઈ જતું એકાદું પ્રાણી, અને ક્યારેક દેખાતાં ટ્રૅક્ટર, એકાદી બસ, ઘોડા કે ગધેડા સાથે જોડાયેલું ગાડું. થોડી ફૅક્ટરીઓ ગઈ. એક તો ઑટોમિક પ્લાન્ટ હોય તેવી લાગી. શાકભાજીનાં ખેતર જોઈને થયું કે કદાચ એ બધાં કૃષિ-ક્ષેત્ર-સમુદાય હશે. પછી બેજિન્ગ આવ્યું - બરાબર સમયસર, દસ ને પાંચે!

ટ્રેન ઊભી રહી ત્યાં ખૂબ પહોળું પ્લૅટફૉર્મ હતું. ત્યાંથી પગથિયાં નીચે ઊતર્યાં. પછી, લપસી ના જવાય તે માટે કરકરા બનાવેલા ઢાળ પર ચઢી ઉપર પહોંચ્યાં. બહાર આવ્યાં તો સૂર્ય પ્રકાશમાન હતો. સામે, બધે ખુલ્લી મોટી જગ્યા હતી, જેથી કરીને ઘણા લોકો હોવા છતાં ભારે ભીડ નહોતી લાગતી. સ્ટેશનનું મકાન ખૂબ મોટું, ને ખૂબ સુંદર હતું. ચીની શૈલીનાં ઢળતાં છાપરાં, બે મોટાં ઘડિયાળ, ચોખ્ખી દીવાલો, સાફ-સૂથરું ચોગાન. સામેની તરફ જાતજાતની વસ્તુઓની જાહેરાતનાં મોટાં પાટિયાં હતાં. આવા ધંધાકીય પ્રચારની છૂટ પણ ચીનમાં ૧૯૭૭ પછી જ થઈ. ૧૯૬૬થી ૧૯૭૬નો ગાળો ત્યાં 'સાંસ્કૃતિક ક્રાંતિ' તરીકે ઓળખાતો હતો. ખરેખર તો એ વ્યક્તિપણાના ધ્વંસનો, સામ્યવાદી સતામણીનો, સરકારી ક્રૂરતાનો કારમો ગાળો હતો. એ પછી ચીની પ્રજાના જીવનમાં કંઈક શાંતિ ને નિરાંત આવ્યાં.

સ્ટેશનેથી સીધાં અમે આખા વિશ્વમાં જાણીતા, 'તિઆનન્મેન સ્ક્વૅર' કહેવાતા, નગર-ચૉક પર ગયાં. શું અસાધારણ એ સ્થાન હતું! એક સો એકરના એના પથ્થરથી ચણેલા વિસ્તારમાં જાહેર સભાને પ્રસંગે પાંચેક લાખ લોકો સહેલાઈથી સમાઈ જાય છે. એને એક છેડે ઊંચી, લાલ રંગેલી દીવાલ હતી. એની વચ્ચોવચ ચીની પ્રજાના 'મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક' ચૅરમૅન માઓનું અતિબૃહત્પરિમાણ તૈલચિત્ર હતું. એની સામે, પણ નગરચૉકની પેલી તરફ, માઓનું સમાધિ-સ્મારક હતું. જાણે તૈલચિત્રમાંના નિર્જીવ માઓ પોતાના જ મૃતદેહ પર ચાંપતી નજર રાખી રહ્યા હતા! દીવાલને બે છેડે, ઢળતાં છાપરાંથી યુક્ત બે શોભા-દ્વાર હતાં, અને માઓના તૈલચિત્રની એક બાજુ, દીવાલની પાછલી તરફ જવા માટે એક પ્રવેશ-દ્વાર હતું. એનું નામ હતું 'સ્વર્ગીય શાંતિનું દ્વાર', એટલે કે 'તિઆનન્મેન.' આ દરવાજા પરથી જ તો આ નગરચૉકનું નામ પણ 'તિઆનન્મેન સ્ક્વૅર' પડ્યું. એની વચમાં 'સૈનિક-સ્મારક' અને એક તરફ ઇતિહાસ-મ્યૂઝીઅમ પણ હતાં. શું ચિત્તગ્રાહી એ જગ્યા હતી!

કમનસીબે બેજિન્ગમાં અમારી હોટેલ જરા પણ સારી નહોતી. શહેરની દીવાલોની બહાર, સાધારણ જેવા કોઈ વિભાગમાં એ આવેલી હતી. એની લૉબી અંધારી હતી, લિફ્ટ ચાલતી નહોતી, જાજમ ઘસાઈ ગયેલી હતી, પડદા ગંદા હતા. સૂવાના ખંડ નાના અને બેઢંગ હતા. બાથરૂમમાં, વંદા ફસાય તેવું સાધન હતું. હોટેલના નામવાળો કોરો કાગળ પણ એક જ હતો. બધી જ રીતે એ હોટેલ નિરાશાજનક હતી.

પણ શહેરને જોઈને લાગ્યું ખરું કે બદલાતું ને વિકસતું જતું શહેર હતું. બેજિન્ગની વસ્તી ત્યારે ૮૫-૯૦ લાખની ગણાતી હતી. એની અંદર ફરતી સાઈકલોની સંખ્યા ૩૦ લાખની ગણાતી હતી! શહેરના મુખ્ય રસ્તાઓ ખૂબ પહોળા હતા, ને સાઈકલો માટે પણ પહોળા ચીલા જોવા મળતા હતા. મોટરો તો ખૂબ જ ઓછી. મોટે ભાગે તો જાહેર બસો જ રસ્તા પર દેખાય. અને સાઈકલો પણ રસ્તા પર જ સરક્યા કરે. બે, પાંચ કે પંદર નહિ, પણ પાંચસો હજાર સાઈકલો એક સાથે દેખાય. જાણે સરઘસ જ!

લગભગ તરત જ ખ્યાલ આવી ગયેલો કે અત્યાર સુધી જોયેલાં ચીની શહેરો કરતાં આ નગર ઘણું જુદું હતું. એ મોટું જ ખૂબ હતું - કદાચ તેથી એવું લાગતું હશે. બેજિન્ગનો આખો પરિસર ભૂખરો ને રાખોડી દેખાતો હતો. ઋતુ હજી ઠંડીની હતી. ક્યાંયે હજી કશી લીલોતરી હતી નહિ. શહેરમાં બાગ ઘણા હતા. પણ બધા સૂકા હતા. શહેરના અમુક ભાગમાં સરસ, નવાં બહુમાળી મકાનો બંધાયાં હતાં, તો જૂના શહેરની ગલીઓને સમારકામની જરૂર હતી. મને થયું, એની સ્વચ્છ, અનંત જેવી ખુલ્લી જગ્યાને કારણે 'તિઆનન્મેન સ્ક્વૅર' બેજિન્ગનું સૌથી સુંદર સ્થાન હતું.

ચીનનો મારો એ પહેલો પ્રવાસ હતો. એ 'ખૂલ્યું' જ લગભગ ત્યારે ને. ફરતાં ફરતાં આપોઆપ એમ લાગેલું કે ચીન કાળની એવી અણી પર હતું કે એમાં ઘણા ફેરફાર આવતા રહેવાના હતા. એને વધારે આધુનિક, વધારે ઔદ્યોગિક, એને વધારે ઓળખી શકાય તેવાં, પરિવર્તન. ને મનમાં નક્કી કરેલું કે સાત વર્ષે ફરી ચીન જવું. જવાયું પણ હોત, જો બીજાં સ્થળોએ નહિ જઈને ચીન માટે સમય કાઢ્યો હોત. પણ આ પછીના સાતમે વર્ષે, એક જ દિવસે, અરે, એક જ સમયે બે અત્યંત ગંભીર બાબતો બની. એક મારા જીવનમાં, બીજી ચીનના - વધારે તો બેજિન્ગના - જીવનમાં. ૧૯૮૯ના જૂન મહિનાના પહેલા રવિવારે મારો વર ઘોડેસવારી કરતાં ફેંકાયો. એનાં પાંસળાં ને કરોડરજ્જૂના મણકા તૂટ્યાં,ને તરત જ એને હૉસ્પિટલમાં ખસેડવો પડ્યો. આ ચિંતા ને દોડાદોડીમાં મેં રેડિયો સાંભળ્યો જ નહોતો, પણ પછી જાણ થઈ કે બેજિન્ગના આ જ તિઆનન્મેન ચોકમાં ભરાયેલી શાંતિપૂર્ણ જન-સભા પર સરકારી સૈનિકોએ ગોળીબાર કર્યા, વચમાં ટૅન્કો ચલાવી, કેટલાંયને માર્યાં, કેટલાંયની ધરપકડ થઈ - એ જ સવારે.

આ પછી તરત તો ચીન જવાય તેમ નહોતું. એક ખ્યાલ એવો હતો કે જે સરકાર પ્રજાના વ્યક્તિપણા પર ક્રૂર રીતે શાસન કરતી હોય એને ફાયદો કરાવવા એ દેશમાં પ્રવાસે શું કામ જવું? એટલામાં ૧૯૯૧ના ઑગસ્ટમાં સોવિયેત યુનિયનનું આખું ને આખું સામ્યવાદી મહાસામ્રાજ્ય ઢગલો થઈને પડ્યું. આખી દુનિયામાંના સામ્યવાદનો જે મૂળ આધાર હતો, તે જ જ્યારે ના રહ્યો ત્યારે બીજા અનુયાયી દેશો પણ ખાસ્સા ડગમગવા લાગેલા. પૂર્વ યુરોપના દેશો તો તરત લોકવાદી થઈ પણ ગયા. ચીનમાં લોકશાહી તો ક્યારેય ના પણ સ્થપાય, પણ સરકારી નીતિમાં ફેરફારો તો લાવવા જ પડ્યા. અને ચીન પૂરઝડપે આધુનિકતા, અને પાશ્ચાત્યતા, તરફ ગતિ કરી ગયું.

ચીનની મારી બીજી સફરનું પહેલું શહેર બેજિન્ગ હતું. હૉન્ગકૉન્ગથી વિમાન-માર્ગે હું ત્યાં પહોંચી. વિમાન-મથક જોઈને જ જાણે અંજાઈ જવાયું. બધું નવું, ને ચમક ચમક થાય. એકદમ આધુનિક પરિવેશ. અંદર ઘણું ચાલવું ના પડે તે માટે વીજળીથી 'ચાલતા' ખસતા પથની વ્યવસ્થા કરાઈ હતી. પગથિયાં પર ઘેરા લાલ રંગની નવી જાજમ પાથરેલી હતી. બત્તીઓનો એટલો બધો પ્રકાશ! મકાનની અંદરનું બધું ઝગઝગ થતું દેખાય. ઉપરાંત, ૨૦૦૦ની સાલમાં થનારી ઑલિમ્પિક્સ ગેમ્સ માટે ચીને પોતાનું નામ મોકલ્યું હતું. કયા દેશમાં થશે, એ નિર્ણય ઑલિમ્પિક્સ કમિટીએ હજી લીધો નહોતો, પણ ચીન એવી રીતે વર્તવા માંડેલું, જાણે પસંદગીમાં એની જીત થઈ જ ગઈ હોય!

વિમાન-મથકમાં ઠેર ઠેર, રંગરંગીન, મોટી મોટી અનેક પતાકાઓ હતી. મને થયું, હજી તો છાશ છાગોળે હતી, ને પ્રજા પર વાત ઠસાવવામાં આવી રહી હતી. સરસ, પ્રોત્સાહક સૂત્રો ચીની તથા અંગ્રેજી ભાષામાં આંખે ચડતાં હતાં : 'ચીન માટે મોટી તક, બેજિન્ગ માટે મોટું સન્માન' કે 'એક વિખ્યાત નગરમાં એક નવો યુગ-દર્શક પ્રસંગ', વગેરે. ખૂબ મોટાં વિજ્ઞાપન-તખ્ત. એમના પર મોટા મોટા લાલ અક્ષરો. બધે જ - મકાનો પર, હોટેલો પર. પ્રેરણાત્મક ઘોષણાઓ: 'ચીન પધારો, મૈત્રી પામો,' કે 'એક વધુ સારા વિશ્વ માટે શાંતિ અને વિકાસ.' એક લાંબી, લહેરાતી પતાકા પરનું સૂત્ર આ હતું : 'ઑલિમ્પિક્સ માટેની માગણી ૨૦૦૦ તરફની આપણી કૂચ ઝડપી બનાવે છે.' ઑલિમ્પિક્સ ગેમ્સની રજૂઆત માટે થનારા ખર્ચાનો ઘણો હિસ્સો સરકાર પ્રજા પાસેથી ઉઘરાવી રહી હતી. પ્રજાજનોમાં જોશ આવે, એમને પોરો ચડે એવાં સૂત્રો તેથી જ અત્યારથી સર્વત્ર લગાવી દેવામાં આવ્યાં હતાં. (સરકારના અમાનુષી વલણને કારણે ચીનની માગ અસ્વીકૃત થયેલી, ને પસંદગી પછી ઑસ્ટ્રેલિયા પર ઢળેલી.)

બધા રાજમાર્ગોની બંને બાજુ, ઉત્સવનું વાતાવરણ સર્જતા રંગ-રંગના ધ્વજ ફરકતા હતા. ખૂબ પહોળા ને સ્વચ્છ માર્ગ - બધા નવા. મનમાં હું રટતી રહેલી - કેટલા પહોળા, કેટલા સ્વચ્છ, કેટલા નવા. બંને તરફ સરસ મોટાં વૃક્ષ પણ ખરાં. આહા, શું બેજિન્ગમાંનો આ પ્રવેશ! નહિ ક્યાંયે ઝૂંપડપટ્ટી, નહિ ક્યાંયે ગંદકી. દેખાયાં તો ઈંટોનાં સુઘડ ટેનામેન્ટ્સ એમને ઝૂંપડાં શું કહેવાં?

(અનુસંધાન પૃ. ૪૧૫ ઉપર)

કીશન અને વીજળી

• જયંતીલાલ મહેતા •

વીજળી : તો તમારે તો ભવનાથને મેળે જવું જ છે ને?

કીશન : હા! ઈમાં તને શીનું વાંકું પડે છે?

વીજળી : વાંકું? વાંકા માણસ હારે વાંકું જ પડે ને! બાપાને પૂછ્યું છે?

કીશન : લે, એમાં છસાત જમણ માટે જવું એમાં બાપાને શું પૂછવું છે? હું કાંઈ નાનો કીકલો છું?

વીજળી : કીકલા તો નથ્ય. પણ આ મારા કીકલાના બાપ તો છોને? આયાં કણે બાપા બચાડા હવે ગલઢે ગઢપણ દુકાને જશે કે વાડીએ જશે કે... અને મારે આ છ મહિનાના છોકરાને રાખવો? કે છાણવાસીદાં કરવાં? બાપાની થાળી સંભાળવી કે દુકાને આંટો મારવો કે પછેં મરવું? તમને તો બસ તમે ભલા ને તમારી વાંસળી વા'લી. ક્યાંક ગાવાવગાડવાનું મળ્યું નથ કે ધોડ્યા નથ. પછી ભલે દુકાન, વાડી, ઘર, બાપ, વહુ, છોકરાનું થાવું હોય ઈ થાય. તમારા ઈ બધા બાવાઓને નથી ઘરબાર કે કટંબકબીલા. નથી આગળ ઉલાળ કે પાછળ ધરાથી! પણ તમે તો સાત ગળણે ગળીને મને પરણ્યા છો. આ કલૈયાકુંવર જેવો દીકરો મળ્યો છે. અને હવે પેલા બાવાઓ ઘોડે ચિપિયો પછાડી હાલતા થવું છે, ભજન ગાવા ને વાંસળી વગાડવા? ના, નથ જવાનું કહું છું.

(અંદર વહુ-દીકરાની ચડભડ સાંભળી ગીધુબાપા બહાર પરસાળમાંથી ખોંખારા જેવી ખાંસી ખાય છે.)

ગીધુબાપા : વીજળી બહુ, બેટા! આ શીની ચડભડ છે?

વીજળી : બાપા, ઈમને જ પૂછોને! કે' છે મારે ઓલ્યા સાધુડાઓની હારે ભવનાથને મેળે જાવું છે.

ગીધુબાપા : કીશન, બેટા! તું તો ઘણાય વરહ લગણ ભવનાથના અને બીજા કેટલાય મેળે જઈ આવ્યો છો ને? હવે બે પાંચ વરહ, દીકરા! ઘરબારમાં મન લગાડીને રહે. ઓલ્યો રમલો તારી વિના પાંચ મિલટ પણ નહિ રે'. તેં એને કેવો હેવાયો કરી મેલ્યો છે! અને બાપડી વહુ તો એકલપંડે કેટલુંક ખેંચશે? ઓણસાલ ન જા તો ન હાલે? પછેં તો ભલો ભોળાનાથ સુઝાડે ઈમ કર્ય. બાપલા! અમે તો તારે મન સાવ વધારાના છીએ ને ઠાલાં ફીફાં ખાંડીયે છીએ! ને આ તારી વાંહળીને થોડાં વરહ વેગળી મૂક. ઈ સૂકલ વાંસના કટકામાં તું શું ભાળી ગ્યો' છ કે આવી ગુણસુંદરી જેવી વહુને ય ભૂલી જા'છ?! ઈ વાંહળી જ અમારી વેરણ થઈ છે. વીજળી વહુ, કહું છું, ઈ વાંહળી ને ચાંપો પલીતો! તો જ અમારા આ કપાતરનું કાંક ઠેકાણે આવશે.

વીજળી : નહિ રે, બાપા! એવું કવેણ ન કાઢો. ઈ વાંહળીમાં મોહીને તો હું આ ઘરમાં આવી છું. ઈ તો બચાડી છે એક લાકડાનો કટકો. અને બાપા, તમે ક્યાં નથ જાણતા કે આ તમારા પાટવી કુંવરશાબ વાંહળીની પાછળ જીવ કાઢી દ્યે તેવા છે?! હું તો મારે કહું છું. તમતમારે બધાં કામકાજથી પરવારી વાળુ પછેં તમારી મીઠી મોરલી રોજ વગાડો. હું તમારા ખાટલા કને બેસી મારા આ રમલાને ધવડાવતી તમારી વાંહળીની વાલપમાં વહેતી રહીશ. ને ઈમને ઈમ આપણો મનખ્યો ધન ધન થઈ જશે. આયાં કણે જ આપણું વનરાવન ને આયાં કણે જ આપણે કાન-ગોપી.

કીશન : બાપા મને બહુ કવરાવો નહિ! મેં ઈ માત્માઓને વચન આલ્યું છે કે તેમની સંગાથે ભવનાથને મેળે જઈશ. બસ! એટલે હવે જઈશ જ!

(દૃશ્ય પૂરું થયાનું સંકેતસંગીત)

દૃશ્ય ૨

વીજળી : બાપા, મને જાવા દ્યો! હું દુનિયા આખી ખૂંદીને એના પડમાંથી કીશનને ગોતી કાઢીશ. કાન પકડીને ઘરભેગો કરીશ. આમ ક્યાં લગણ બાપને ઘેર છતે ધણિયે રાંડીરાંડની જેમ રે'વું?

કસ્તુર : 'આમ કાં બોલ્ય, દીકરી? તું અમને ક્યાં ભારે પડે છ?

લક્ષ્મણ : આંયા તને શું ઓછું આવે છ, બટા? તું તો અમારી એકની એક છો. આ દસ સાંતીની જમીન, આ ડેલીબંધ ખોરડાં, ખાડું ભરીને ઉઝેરેલી ભગરી ભેંશો - સંધુય દીકરી તારું જ છે ને! અને આ રતન રોખો રમલો. જો જે ને મોટો થઈ ઈ નાતનો પટેલ ને ગામનો મુખી થાય એવા એના તેજ છે. એને છાતીયેથી અળગો કરતાં તારો જીવ કેમ હાલશે?

વીજળી : હાચું કહું તો, બાપા, આ રમલાને જોઉં છું, ઈ ભેગું જ મને થાય છે કે ઈ બચાડાએ ગયા જલમમાં એવાં તો કેવાં પાપ કીધાં હશે કે એનો સગ્ગો બાપ એને છ મહિનાનો મૂકી, છતે બાપે, નબાપો કરી મેલી હાલતો થ્યો? મારી છાતી પર મોટો પાણકો મેલી મેં આ ત્રણ વરહ માંડ માંડ કાઢ્યાં છે. હવે તો રમલો પણ કાંક કાંક સમજે છે. અને માની હારે તો ભારેનો હળી ગ્યો છે. કેમ માડી?

કસ્તુર : હાં, ઈ વાત સોળ વાલ ને ઉપર રતી, દીકરી. તારે રમલાની તલભાર ચંત્યા કરવાની નથ. પણ તું કીશનને ક્યાં ગોતવા

જઈશ? ઈ તો આટલા વરહમાં ક્યાં નો ક્યાં અંતરિયાળ, અહૂરી ભોમકામાં ઊતરી પડ્યો હશે? અને તું અસ્ત્રીની જાત, બટા! ક્યાં ક્યાં રખડીશ? કોને પૂછીશ? કોણ એની ખબર રાખવા નવર્યું તને મળશે? બેટા, નક્કામાં શું લેવા તું લીંબા લે'શ? આ ભવે તારી ને એની લેણદેણ પૂરી થઈ સમજ.

વીજળી : ના, મા! એમ લેણદેણ શેની પૂરી થાય? એનું લેણું તો ઈ લઈ ગ્યો. પણ મારું લેણું હજુ પટારો ભરીને બાકી છે. ઈ લીધે જ મારો છૂટકો છે, માડી! માટે મને જાવા દે. અને માથે હાથ મૂકીને આશીરવાદ આલ કે એને ધરતીના પડમાંથી બા'રો કાઢું ને મારું લેણું આનાપાઈ શીકે વસૂલ કરું.

લક્ષ્મણ : ઈ તો થઈ રયું, દીકરી! તને ઈ યાદ છે ને કે ગીધોબાપો તમારા લગન મોર તને સમજાવવા આવ્યો'તો? તીયારે એણે બચાડાએ કીધું નો'તું કે : (ગીધાબાપાનો અવાજ) જુઓ લખમણ પટેલ, તમે મારા બાપદાદાના વારીના ખાતેદાર છો. એટલે તમારી દીકરી એ મારી ય દીકરી જેવી. આ તમારી વીજળીને સમજાવો કે ઈ કીશનનો કેડો મેલી દ્યે! એમાં કાંય ભલીવાર નહિ ભાળે. કીશનાને એની મા દોઢ વરહનો મેલી મોટા ગામતરે હાલી નીકળી તીયારથી હું જ એની મા ને હું જ એનો બાપ છું. ઈવડો ઈ સાવ અલગારી જીવ છે. ઈને આ ઘરબાર, કટંબકબીલો બધું માયાજાળ જેવું લાગે છે. ઈનામાં મારા મોટા અદા ઊતર્યા છે. અમારા રામજીઅદા પણ હરદ્વાર જાતરાએ ગયેલ ત્યાંથી વળતા આવ્યા જ નહિ. ખાખીબાવાઓની જમાતમાં બેસી ગ્યા'તા. આ કીશનો પણ કોક દિ એવું કરે તો બાપલા, મારો વાંકગનો કાઢશો મા. બાકી તમારી આ વીજળીને તો દીકરી જેવી ગણું છું. ભારે લોંઠકી છે. ઈનામાં મનનું જોર પણ જબરું છે. એટલે ઈ મારા ઘરમાં વહુ થઈને આવે તો એનાથી વધુ રૂડું શું? કીશનનાં ભાયગ ખૂલે તો આ વીજળી એને વાળીને લેનસર લાવી પણ દ્યે. તો ભલો ભગવાન બેયનું ભલું કરશે... (ગીધાબાપાનો અવાજ બંધ. લક્ષ્મણ પટેલના અવાજમાં) ગીધાબાપા તો કીશન! કીશન! નો વલોપાત કરતો ભગવાનને ઘેર પોગી ગ્યો! તોય પેલા કીશનાનું રૂંવાડું ય ફરક્યું? ઈનો જીવ જ પરથમથી આ દુનિયાદારીનો નથ્ય. માટે એની પરડ મૂક ને આ રમલાને મોટો કરવામાં જીવ લગાડી રાખ્ય. દીકરી, એમાં જ ભલીવાર છે, બેટા!

વીજળી : બાપા! મારો ભલીવાર તો કીશનને કાન પકડી આંય ઢસડી લાવવામાં જ છે. રમલાનો બાપ કાં રમલાને મોટો નહિ કરે? માટે ભલા થઈ મને જાવા દ્યો. આશીરવાદ આલો.

લક્ષ્મણ-કસ્તુર : અમારા તો તને આશીર્વાદ જ છે, દીકરી! તું સાચવીને જજે. અને આ રમલાની ચંત્યા જરાય કરીશ મા. ભગવાન તારું ભલું કરે, બેટા!

(દશ્ય પૂરું થયાનું સંકેત સંગીત)

દશ્ય ૩

(ટ્રેઈન પ્લેટફોર્મ પર આવતી, ઊભી રહેતીના અવાજો. પછી ચા, ગરમાગરમ ચા....ની બૂમો)

રહેમાન : કહું છું, અહીં ટાઢું બરફનું પાણી મળશે. લાવો, પેલો જગ ભરી આવું.

સકીના : બેન વીજળી, તારીય બોટલ દઈ દે એમને. તારા સારુ ભરતા આવશે.

વીજળી : ના રે! મામી! મામાને તસ્દી અપાય? લાવો મને તમારો જગ દ્યો. અબઘડી ભરીને લઈ આવું છું.

(વીજળી જાય છે)

રહેમાન : જબરી બાઈ લાગે છે! કે' છે ક્યાંની ક્યાં એકલપંડે ફરે છે!

સકીના : હાય, અલ્લાહ! બચાડીનો ખાવિંદ એને ને માસૂમ બચ્ચાને મૂકી કોઈ બાવાઓ હારે ભાગી ગ્યો છે! આ માળા બાવાઓ ને ફકીરોને બીજો કોઈ કામધંધો જ નથી કે આપણું ખાવું ને આપણું જ ખોદવું.?

રહેમાન : અરે, એનો વર તે કોઈ નાનો કીકલો હતો કે બાવા એને ભોળવીને લઈ જાય? ઈ તો, ઇવડા ઈને જ ભાગવું હશે. કે'છે ને કે ઘોડવું'તું ને ઢાળ મળી ગ્યો! આ ઈવાળું કાંક થ્યું હશે. પણ આ છોડી માથાફરેલ લાગે છે. ઈ ઓલા ભાગેડુને પાંશરો કરે એવી જબરી જણ લાગે છે, નહિ?

(વીજળી પાણી ભરી પાછી આવતાં રહેમાનચાચાનાં વેણ પકડે છે)

વીજળી : કોણ જબરીની વાત કરતા'તા, ચાચા?

રહેમાન : તારી જ તો વળી. આ તારી ચાચી કે'છ કે તારા ખાવિંદને બાવાઓ કે ફકીરો ભોળવીને લઈ ગ્યા હશે! પણ તું જ કે' બેટા, જુવાનજોધ માણહ એમ ભોળવાઈને ભાગી જતો હશે? એનુંય મન હશે ત્યારે ને તારી જેવી ખૂબસુરત ઓરત અને માસૂમ બચ્ચાને છોડી શક્યો હશેને?

વીજળી : સાવ સાચ્ચું કીધું, ચાચા! ઈને નાનપણથી જ વાંહળી વગાડવાની લત લાગેલ. અને એમાંથી તો અમારાં મન મળ્યાં... ને હું મૂઈ એને પૈણી બેઠી. પણ એનો જીવડો તો એવો ને એવો અલગારી જ રિયો. ગામમાં કે આસપાસ ક્યાંય સાધુ-બાવા આવે એટલે વાંહળી લઈને ઊપડે. ને અડધી, પોણી રાત લગણ ભજનવાળી કરે. ક્યારેક તો બીજા દિનો પ્હો ફાટે ત્યાર લગણ ભાઈશાબને ઘર યાદ જ નો આવે. ને અમારામાં તો, ચાચા, હાલતા ને ચાલતા વાર-તહેવારો આવે ને મેળો ભરાય. એટલે કીશન એકેએક મેળામાં જવાનો જ. જાણે ઈના વિના મેળો ભરાવાનો જ રહી જતો હોય! ત્રણ વરહ મોર, જૂનાગઢના ભવનાથના આવા મેળામાં ગ્યો'તો. ઈ અગાઉ અમારે થોડી ચડભડ થીયેલ. અને મારા સસરા પણ થોડુંક ખપેલા. તે ભાઈશાબને શું ભાલા વાગી ગ્યા હશે

કે મેળામાંથી પાછો જ ન આવ્યો! આજની ઘડી ને કાલનો દિ'! ઈ વાતને ત્રણ ત્રણ વરહ વીતી ગ્યાં. મારો રમલો હવે બોલતા શીખી ગ્યો છે. મને રોજ પૂછે છે : મા, મારા બાપા ક્યાં છે? કેમ આવતા નથ? હાલને, આપણે ઇમની કને જઈએ. મા, મને બાપા પાહે લઈ જા... એમ કરગરે છે. તીયારે મારો જીવ કળીએ કળીએ કપાય છે. મારું તો ઠીક, જે ભગવાને ધાર્યું હશે ઈ થશે. પણ ઓલા નાનકા બાળુડાનો શો વાંકગનો? કે છતે બાપે, નબાપો થઈ જીવે? તમે જ કો', ચાચા? મારે એને ગોત્યે જ છૂટકો છેને? હું મરતા લગણ એનો કેડો નહિ મેલું.

રહેમાન : હાં, તે બુન તારો ખાવિંદ વાંસળી અફલાતૂન વગાડતો? એને મોઢે શીળીનાં ચાઠાં હતાં?

વીજળી : (આતુરતાપૂર્વક) હા, ચાચા! તમે એને જોયો છે?

રહેમાન : એમ ખાતરી દઈને તો કેમ કહેવાય? પણ કાંક ઓસાણ આવે છે. એનો વાન શામળો હતો? આંખો મોટી હતી?

વીજળી : હા!હા! ચાચા! બસ ઈવડો ઈ જ મારો કીશન. તમે ચાચા, મને ઇની કને લઈ જાવ. તમારો ગણ સાત જાન્મારેય નહિ ભૂલું.

રહેમાન : એમ અથરી થા મા, મારી અમ્મા! આ તો ખુદાતલ્લાની આવડી મોટી આલમ છે. કેટલાંયના ચહેરા, વાન મળતા આવે. પણ તું એક કામ કર. અમારી ભેળી કલકત્તા હાલ્ય. ત્યાંથી તને રંગૂનની સ્ટીમરમાં બેસાડી દઈશ. અને અમારા ઓળખીતા દાસકાકા ઉપર ભલામણ લખી આલીશ. ઈ ભલા આદમી, આમાં તને જરૂર મદદ કરશે. અલ્લાહની રહેમ હશે તો તારો ખાવિંદ તને જડી જશે.

(દૃશ્ય પૂરું થયાનું સંગીત)

દૃશ્ય ૪

સકીના : તમે આ વીજળીને રંગૂન તો વળાવી. પણ ઈ પેલા રખડુને આવડા મોટા રંગૂનમાં ક્યાં ગોતશે?

રહેમાન : તને પેલો આપણી દુકાને બેસતો કાસમ યાદ છે?

સકીના : ના, બાપુ, હું તમારા દુકાનના માણસોને બધાંને ક્યાંથી ઓળખું?

રહેમાન : ઈવડો ઈ કાસમ જ આનો કીશન છે, એવો મને પાકો વહેમ છે. એનો ચહેરોમહોરો, વાન, આંખ્યું-સંધુય મળતું આવે છે. અને ઈ યે માળો વાંસળી અઠંગ ઉસ્તાદની જેમ જ વગાડતો. જાણે મદારીની મોરલીમાં સાપ નાચે તેવો એ જાદુ જગવતો.

સકીના : પણ જાપલાઓએ બૉમ્બ માર્યા એટલે સૌની હારે આપણેય દુકાન તો સમેટી દેશ ભેગા થઈ ગ્યા. હવે એ બેકાર પાછો ક્યાંય રખડવા નીકળી ગ્યો હશે ને?

રહેમાન : ના! મેં જ એને નીકળતી વખતે દાસકાકાની દુકાને બેસાડી દીધેલ. ઈને કોય કાળે દેશમાં પાછું આવવું જ નો'તું અને દાસકાકા પણ રંગૂનમાં જ રહેવાના. કહેતા'તા, રંગૂનમાં જ જીવીશ ને મોત આવશે તોય રંગૂનમાં જ મરીશ. એટલે વીજળીને મેં સીધીસટ દાસકાકાની દુકાને જવા જ સમજણ પાડી છે. બાકી તો પરવરદિગાર કરે ઈ સાચું.

સકીના : 'બચાડી છોડીને ખાવિંદ મળી જાય એવી દુવા હું ખુદાતલ્લા કને રોજ માગું છું. માળી અમથી અમથી પ્યારી લાગે એવી છે, નહિ!

(દૃશ્ય પૂરું થયાનું સંગીત)

દૃશ્ય ૫

વીજળી : આ દુકાન દાસકાકાની છેને?

મુનીમ : હા, કેમ? કોનું કામ છે?

વીજળી : દાસકાકાનું. મને રહેમાન ચાચાએ મોકલી છે. મારે દાસકાકાને મળીને મારા ધણીની ભાળ મેળવવી છે.

મુનીમ : તમારા ધણીની ભાળ?! તમે કોણ છો, બુન? ક્યાંથી આવો છો? અહીં અટાણે આવા કપરા લડાઈના કાળમાં? માથે રોજ જાપલા આગ વરસાવે છે ને લોકો આડેધડ ઇન્ડિયા ભાગે છે. ત્યારે તારો ધણી આયાં કણે આવે? તું ઘર ભૂલી લાગે છે, બેન.

વીજળી : પણ મને તો રહેમાનચાચાએ વાળીવાળીને કીધું છે કે દાસકાકા પાંહેથી જ કીશનની પાકી ભાળ મળશે. અને મને કલકત્તામાં સ્ટીમરમાં ચડાવી ત્યારે આ જ સરનામું પાકું આલેલ છે.

મુનીમ : રહેમાનભાઈએ મોકલી છે તો દાસકાકા જરૂર તને મળશે. અટાણે તો દાસકાકા ઘેર જમવા ગ્યા છે. લે, હું માણહ મોકલું. ઈ તને દાસકાકાને ઘેર પુગાડી આવશે... એલા કાસમ, એ ય કાસમ, જરા આ બુનને શેઠને ઘેર પોગાડી આવ્ય તો.

જમનાદાસ : ઈ તો હમણાં અબી હાલ જ નીચે ગ્યો ને કેતો ગ્યો છ કે પાન ખાઈને અબઘડી પાછો આવું છું

મુનીમ : ઈ કાસમિયાનું અબઘડી એટલે પૂરો દોઢકલાક સાચો. હાળાને ખરે ટાંકણે જ પાન ખાવાણી લાગે છે. ખેર! તું આ બેન હારે જા ને દાસકાકાને પોગાડી તુરત પાછો આવ. તમે, આ જમનની હારે જાવ, બુન. આંયા બાજુમાં જ બે મિનિટના રસ્તે શેઠનું ઘર છે.

વીજળી : ભલે, શેઠ! ભગવાન તમારું ભલું કરશે. લ્યો, હાલો ભાઈ, મારે પાછું અહૂરું થાય છે.

જમનાદાસ : હાલો, બુન, મારી હારે.

(દૃશ્ય પૂરું થયાનું સંગીત)

દૃશ્ય ૬

વીજળી : પાયલાગણ, કાકા! તમે મારા ધણીને ઓળખો છોને?

દાસકાકા : તમે કોણ છો, બેન? હું તો તને ય નથી ઓળખતો ત્યાં તારા ધણીને ક્યાંથી ઓળખું? જરા નિરાંતે બેસીને વાત કર, બેન. તારું નામઠામ કહે. અટાણે આવા કપરા કાળમાં તને રંગૂન કોણે મોકલી? બધું જરા સમજાવીને કહે તો વાતનો ફોડ પડે.

વીજળી : મારું નામ વીજળી. મારા પરણેતરનું નામ કીશન. મને મોકલી છે રહેમાનચાચાએ. મારો ધણી અઢી વરહ મોર મને ને મારા રમલાને મૂકી બાવાઓ હારે ભાગી ગ્યો છે. તેની ભાળ કાઢવા હું આખું હિંદુસ્તાન રખડી છું. કલકત્તાની રેલગાડીમાં મને રહેમાનચાચા મળી ગ્યા. બહુ ભલા આદમી. મારી કરમકથની સાંભળી મને કે' તું દાસકાકા કને રંગૂન જા. ઈ તારો ભેટો કીશન હારે કરાવી દેશે.

દાસકાકા : પણ બેન, હું કોઈ કીશન નામના માણસને ઓળખતો નથી. છતાં રહેમાનભાઈએ એમ કીધું?! રહેમાનભાઈ તો એકદમ શરીફ રહેમદિલ ખુદાના બંદા છે. અમસ્થા તને રંગૂન લગણ આવા વખતમાં ધક્કો ન ખવરાવે. (થોડી વાર વિચારમાં પડી જઈને) હાં! તો બેન એ કીશન કેવો છે? કેટલી ઉમ્મર હશે? ચહેરે-મહોરે કેવો લાગે છે? બોલચાલ, રીતભાત કેવાં? મને વીગતે કહે તો કાંક સૂઝકો પડે.

વીજળી : ઉંમ્મર તો કાકા, અટાણે હશે ત્રીસેકની. વાને જરા શામળો છે. નાક-નકશી ગમે એવાં છે. પણ મ્હોં પર થોડાક ડાઘ રહી ગ્યા છે. બોલવે બહુ મીઠો છે. પણ બોલે બહુ ઓછું. મૂંગો, મૂંગો મનમાં જ પરણે ને મનમાં જ રાંડે એવો એકલહૂરો એનો જીવ છે. બાકી તો શું કહું, કાકા? હા! ઈવડો ઈ વાંહળી બહુ વગાડે છે. નવર્યો પડે ઈ ભેગો, હાથમાં વાંહળી લ્યે. અને પછી, કાકા! માંયથી એવા એવા સૂર કાઢે કે આપણાં હાથનાં કામ ઠઠયા રે! અને જીવડો વાંહળીમાં જ પુરાઈ જાય.

દાસકાકા : અરે, તો તો ઈ પેલો કા... ('સમ' બોલતાં પહેલાં દાસકાકા વીજળી સામે જોઈ જીભ કચરે છે). બસ, બેન! ઓળખ્યો તારા ધણીને. શું નામ કીધું તેં એનું?

વીજળી : કી...શ...ન! જશોદાના કનૈયાનું જ નામ છે! એની ઘોડે જ વાંહળીમાં મને ગાંડી કરી મેલી, એક કલૈયાકુંવર રોખો દીકરો આલી માળો નામરદની જેમ ભાગી ગ્યો!

દાસકાકા : 'બસ તું ધીમી ખમ, બેન! આ હમણાં જ એને અહીં હાજર કરું છું.

(દાસકાકા ટેલિફોનનું રિસીવર ઉઠાવી પોતાની દુકાને જોડે છે. ઘંટડી વાગે છે ને સામેથી મુનીમ ફોન ઉઠાવી બોલે છે.)

મુનીમ : હલાવ! હલાવ! કોણ બોલો છો?

દાસકાકા : હું દાસકાકા બોલું છું. મથુરભાઈ, ઓલા કીશનને અહીં અબઘડી મોકલો.

મુનીમ : (થોડિક અસંમજસમાં) કોને? કોણ કીશનને? કીશન કોણ?

દાસકાકા : (અંગ્રેજીમાં) લુક મથુરભાઈ, પ્લીઝ લિસન ટુ મી કેરફૂલી. ધૅટ યન્ગ વુમન યુ સેન્ટ હીઅર, ઇઝ સિટિંગ બિસાઈડ મી. અવર કે...એ..એસ...એ..એમ.

મુનીમ : કા...સ...મ...?!

દાસકાકા : યસ ધૅટ બાસ્ટર્ડ ઈઝ હર, હસબન્ડ કીશન! હી હૅઝ ડેઝર્ટેડ હર બિફોર થ્રી યર્સ. ઍન્ડ ધૅટ સ્કાઉન્ડ્રેલ હીઅર જસ્ટ નાઉ.

મુનીમ : બટ, સર! ધૅટ ચૅપ હૅઝ ડિસઅપીઅર્ડ જસ્ટ વ્હેન ધૅટ વુમન વૉઝ ટૉકિંગ ટુ મી! ધૅટ બાસ્ટાર્ડ માઈટ હેવ ઑવર-હર્ડ અસ! સાલ્લો ફ્લેડ અગેઈન...

દાસકાકા : (ગુજરાતીમાં હતાશાભર્યા આક્રોશના સૂરમાં) સા...લ્લો! હરામી!! પાછો ભાગ્યો!! આપણને શી ખબર આમ ભલોભોળો લાગતો જુવાન આવો નાપાક નીકળશે! ખેર! પણ મારે એ છોડીને શું જવાબ આપવો.?

(દાસકાકા ફોન મૂકીને વીજળી સામે ઓશિયાળા મોઢે જોઈ રહે છે)

વીજળી : કોણ ભાગ્યો, કાકા? મારો કીશનો? તમે કેમ ઈંગરેજીમાં બોલતા'તા? હું ન સમજું એટલે? એવો તો ઈવડા ઈયે શો ભમરડો વાળ્યો છે? કો', ફોડ પાડીને મને સંધુય કો', કાકા!

દાસકાકા : બેન, જરા હૈયું કાઠું કર. આમાં કહેવા-સાંભળવા જેવું નથી. તું જરા પાણી પી,ને ધીરજ રાખ, બેન!

વીજળી : પે'લાં મને કો'! મારું હૈયું તો ક્યારનું યે બળેલા કોલસા જેવું ઠરીને ઠીકરું થઈ ગ્યું છે. એણે એવાં તે શાં કાળાં કામ કર્યાં છે કે તમને બોલવામાં ય બળ પડે છે?

દાસકાકા : જો, બેન! તારે સાંભળવું જ છે તો કહું છું - પણ મારો આત્મા મને ના પાડે છે.

વીજળી : તમારા આત્મામાં મૂકો પૂળો. મારે હંધુય હાચેહાચ જાણવું છે. નહિતર હું ભૂત-પલિત થઈને પણ જાણીશ. તમારા પગે પડું, કાકા! જે હોય ઈ ચોખ્ખું ને ચટ કહી દ્યો!

દાસકાકા : તો, સાંભળ! તારો કીશન અહીં રંગૂન આવ્યો ત્યારે કાસમ બનીને આવ્યો'તો! એ ક્યારે બદલાયો ને કેમ કરતાં એની મને ખબર નથી. પણ રહેમાનભાઈએ ધંધો સમેટી ઇન્ડિયા જવા ઉચાળા ભર્યા ત્યારે મને ભલામણ કરતા ગ્યા કે આ છોકરો ઈમાનદાર છે. એને ઇન્ડિયા કોઈ કાળે જવું જ નથી. એટલે મેં આપણો ગુજરાતી જણ સમજી રહેમાનભાઈની ભલામણથી મારી દુકાને રાખી લીધો. આજે તું દુકાને પહોંચી ત્યારે ઈવડો ઈ ઉપર મેડા પર જ હતો. તું મુનીમજીને પૂછપરછ કરતી'તી તે એણે મેડા પરથી સાંભળી લીધી હશે. તને જોઈ પણ હશે. એટલે પાછલી સીડીએથી પાન ખાવા જઉં છું કહી પોબારા ભણી ગ્યો!

વીજળી : સા...લ્લોઓઓઓ... ફાતડો! હરામી, પાછો ભાગ્યો! મારો રોયો! વીજળીને ઓળખતો નથી. પણ પીટ્યો, આ વીજળીને હજુ ઓળખતો નથ્ય. હું ઈ વટ'લેલને પાતાળમાંથી પાછો લાવીશ!... (વીજળી જોરજોરથી હાંફે છે)... રાં...નો, ઓટીવાળેલ!... (વીજળીને જબ્બર ખાંસી ચડે છે)... હા...ળા...ને જહન્નમાંથી.... (વીજળીને માસિવ હાર્ટ ઍટેક આવે છે)... તારી મા....નો... (વીજળી ઢળી પડે છે.) □

ભારતનાં વડાપ્રધાનો

ભરત'કુમાર' પ્રા. ઠાકર

ભારતનું રાજકારણ જાણે અસ્થિરતા ભણી અથવા તો એકપક્ષીય શાસનમાંથી સંયુક્ત મિશ્ર શાસન પ્રતિ સંક્રાન્ત થઈ રહ્યું હોય તેમ ફરી વધુ એક વખત ટૂંકા ગાળામાં દેશના વડાપ્રધાન બદલાયા છે. લોકસભામાં સાદી બહુમતી સિદ્ધ નહિ કરી શકાતાં પુરોગામી વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના રાજીનામાના પગલે અનુગામી વડાપ્રધાન તરીકે કૉંગ્રેસના ટેકાથી સંયુક્ત મોરચાના નેતા એચ.ડી. દેવગોવડા ૧લી જૂન ૧૯૯૬ અને શનિવારના રોજ સત્તારૂઢ થયા છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન નેહરુથી વર્તમાન વડાપ્રધાન દેવગોવડા સુધીનાં વડાપ્રધાનોનાં વિક્રમો અને તેમને સંબંધિત ઐતિહાસિક ઘટનાઓની રસપ્રદ તવારીખ અત્રે આલેખી છે.

વડાપ્રધાનપદનો સિલસિલો : દેવગોવડાજી વડાપ્રધાનોના તવારીખી ક્રમાનુસાર બારમા, વ્યક્તિગત દૃષ્ટિએ અગિયારમા, ઉત્તરપ્રદેશના ન હોય એવા ત્રીજા, દક્ષિણ ભારતમાંથી મળેલા બીજા અને કર્ણાટક રાજ્યમાંથી આવતા હોય એવા પ્રથમ વડાપ્રધાન બને છે.

મોરારજીભાઈ, ચરણસિંહ, વી.પી. સિંહ, ચંદ્રશેખર અને વાજપેયી પછી દેવગોવડા દેશના છઠ્ઠા બિનકૉંગ્રેસી વડાપ્રધાન તેમજ દેશની શાસન-તવારીખમાં સાતમી લઘુમતી સરકારના વડાપ્રધાન પણ બન્યા છે. તો, વિશ્વાસ-પ્રસ્તાવનો સામનો કરનાર તેઓ ચોથા વડાપ્રધાન છે અને દેશનાં વડાપ્રધાનોએ લોકસભાની ફરસ પર વિશ્વાસનો મત લેવો પડ્યો હોય એવો તે પાંચમો પ્રસંગ હતો !

ભારતમાં ૧૯૭૭-૭૯ અને ૧૯૮૯-૯૧ દરમિયાન અસ્થિર સરકારો આવી અને ગઈ. તે સમયે ભારતે ટૂંકા સમયાંતરે નવા-નવા વડાપ્રધાનો નિહાળ્યા હતા. અત્યારે પણ આવી જ પરિસ્થિતિનું પુનરાવર્તન થઈ રહ્યું છે અને ફક્ત એક મહિનાની અંદર ત્રણ વડાપ્રધાનો (નરસિંહરાવ, વાજપેયી, દેવગોવડા) જોવા મળ્યા છે. એ જોતાં ટેકાથી રચાયેલી દેવગોવડા સરકાર પણ કેટલો સમય રહેશે એ સમયનો સવાલ છે.

પંડિત જવાહરલાલ નેહરુ




સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન બનવાનું ગૌરવ જવાહરલાલ નેહરુને ફાળે જાય છે. મહાત્મા ગાંધીજી દેશની 'આઝાદીના લડવૈયા' હતા, તો પંડિત નેહરુ સ્વતંત્ર ભારતની 'આબાદીના ઘડવૈયા' હતા. નેહરુજી ૧૯૫૨માં અલ્હાબાદ અને ૧૯૫૭ તથા ૧૯૬૨માં ફુલપુર બેઠક પરથી ચૂંટાઈ આવેલા. ગાંધીજીના રાજકીય વારસ ગણાતા જવાહરની 'નૂતન ભારતના સ્વપ્નદ્રષ્ટા' અને 'પંચશીલના પ્રણેતા' તરીકે પણ ગણના થઈ છે.

૧૯૬૨માં તેમને ચીનના દગાખોર આક્રમણનો પણ સામનો કરવો પડ્યો હતો. રાષ્ટ્રને 'આરામ હૈ હરામ'નો આદર્શ આપનાર નેહરુજી ૧૭ વર્ષના દીર્ઘકાળ પર્યંત વડાપ્રધાનપદે રહીને ભારતના 'સૌથી લાંબી કારકિર્દી ધરાવતા વડાપ્રધાન' તરીકેનો વિક્રમ ધરાવે છે.

પંડિતજીનું ૧૯૬૪માં હોદ્દા દરમિયાન ઓચિંતું અવસાન થતાં ગુલઝારીલાલ નંદાએ બાર દિવસ માટે કાર્યકારી વડાપ્રધાન તરીકે કામ સંભાળેલું. ભારતનાં વડાપ્રધાનોની તવારીખમાં 'કાર્યવાહક વડાપ્રધાન' (ઇન્ટેરિમ પ્રાઈમ મિનિસ્ટર) ફક્ત નંદાજી જ બન્યા છે!

લાલબહાદુર શાસ્ત્રી



પંડિતજીના અવસાન બાદ વડાપ્રધાનપદ સંભાળનાર શાસ્ત્રીજી ૧૯૬૨માં અલ્હાબાદ બેઠક પરથી ચૂંટાયેલા હતા અને ૧૯ મહિના દેશનો કાર્યભાર સંભાળ્યો હતો. દેશના પ્રજાકીય અને પ્રજાપ્રિય વડાનું દેશ બહાર અવસાન થયું હોય એવો એકમાત્ર દુ:ખદ બનાવ શાસ્ત્રીજીની બાબતમાં જ બન્યો છે.

'જય જવાન - જય કિસાન'નું સૂત્ર આપીને શાસ્ત્રીજીએ સંરક્ષણ અને કૃષિ બંનેને સરખું મહત્ત્વ આપ્યું હતું. ૧૯૬૫માં પાકિસ્તાને કરેલા ઓચિંતા હુમલાનો સફળતાપૂર્વક સામનો કરીને ભારતના આ બહાદુર લાલે દેશને યુદ્ધમાં જ્વલંત વિજય અપાવ્યો હતો અને 'વામનમાંથી વિરાટ' સ્વરૂપે ઊપસી આવ્યા હતા.

૧૯૬૬માં શાસ્ત્રીજીના તાશ્કંદ ખાતે થયેલા અચાનક નિધન બાદ ફરી ગુલઝારીલાલ નંદા તેર દિવસ માટે કાર્યવાહક વડાપ્રધાનપદે રહ્યા હતા. આમ, નંદાજી અલગ-અલગ સમયે બે વખત ભારતના વચગાળાના વડાપ્રધાન બનેલા.

શ્રીમતી ઇન્દિરા ગાંધી



શાસ્ત્રીજી પછી આવેલાં શ્રીમતી ઇન્દિરા ગાંધી દેશનાં 'પ્રથમ મહિલા વડાપ્રધાન'નું બિરુદ ધરાવે છે. ૧૯૬૭ની ચૂંટણીઓ બાદ પણ મોરારજી દેસાઈ સાથે નેતાપદની સીધી સ્પર્ધામાં બળાબળના પારખા દ્વારા વડાપ્રધાન થનાર તેઓ પ્રથમ અને એકમાત્ર વડાંપ્રધાન છે. તેઓ ૧૯૬૭ અને ૧૯૭૧માં રાયબરેલી બેઠક પરથી ચૂંટાયાં હતાં.

૧૯૬૭ની ચૂંટણીઓમાં ઇન્દિરા ગાંધી ભારતની 'નઈ રોશની'નાં પ્રતીક બની ગયાં હતાં અને બાદની ચૂંટણીઓમાં 'ગરીબી હટાવો' સૂત્ર વહેતું કરીને સફળતા મેળવી હતી. ૧૯૭૦માં બાંગ્લાદેશના મુક્તિસંગ્રામ સમયે પાકિસ્તાન સાથેના યુદ્ધમાં તેમણે ભારતને ગૌરવવંતો વિજય અપાવ્યો હતો.

રાજકારણમાં એક સમયે 'ગૂંગી ગુડિયા' મનાતાં શ્રીમતી ઇન્દિરા ગાંધી પાછળથી રાજકારણમાં અને ખાસ કરીને પોતાના પક્ષમાં 'સર્વેસર્વા' બની ગયાં હતાં. વડાપ્રધાનપદના આ પ્રથમ સમયગાળામાં બૅન્કોનું રાષ્ટ્રિયકરણ અને રાજવીઓનાં સાલિયાણાં નાબુદી જેવાં ઐતિહાસિક કદમો તેમણે લીધાં. તો, દેશમાં 'આંતરિક કટોકટી' જેવું અંતિમ પગલું ભરનાર પણ તેઓ પ્રથમ અને એકમાત્ર વડાંપ્રધાન બની રહ્યાં છે. ભારતીય વડાપ્રધાનોની તવારીખમાં કોઈ વડાપ્રધાનની ચૂંટણી રદ્દબાતલ થઈ હોય એવો એકમાત્ર બનાવ શ્રીમતી ગાંધીની બાબતમાં જ બન્યો છે. તો, હોદ્દા પર રહેલાં કોઈ વડાંપ્રધાન ચૂંટણી હારી ગયાં હોય એવાં પણ એકમાત્ર વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી છે.

મોરારજી દેસાઈ



કટોકટી-કાળનાં અતિરેકો થકી ઊભી થયેલી વિપક્ષી એકતા, 'ઇન્દિરા હટાવ' મોજું અને 'ઇન્દિરા હરાવ' વાતાવરણને પરિણામે ૧૯૭૭ની ચૂંટણીઓમાં દેશમાં પ્રથમવાર સત્તા પરિવર્તન થતાં કૉંગ્રેસના સ્થાને જનતાપક્ષનું શાસન આવ્યું અને ગુજરાતના મોરારજી દેસાઈ વડાપ્રધાન બનતાં દેશને સુકાની પૂરો પાડવાની ઉત્તરપ્રદેશની પરંપરા પ્રથમ વખત તૂટી હતી. હકીકતે તો આ સર્વોચ્ચ સ્થાને બિરાજનાર મોરારજીભાઈ સમગ્ર 'પશ્ચિમ ભારત'ની પણ પ્રથમ વ્યક્તિ છે.

સુરત બેઠક પરથી ચૂંટાઈ આવેલા શ્રી દેસાઈ ભારતના 'સૌથી મોટી ઉંમરના વડાપ્રધાન' બનવાનો વિશિષ્ટ વિક્રમ ધરાવે છે. ૧૯૭૭માં તેમણે આ હોદ્દો સંભાળ્યો ત્યારે તેઓ ૮૧ વર્ષની વયના હતા. આંતરિક વિખવાદો થકી ૧૯૭૯માં વડાપ્રધાનપદના હોદ્દા પરથી રાજીનામું આપનારા તેઓ પ્રથમ વડાપ્રધાન હતા.

ચૌધરી ચરણસિંહ



રાજકીય કાવાદાવા કરીને ૧૯૭૯માં વડાપ્રધાન બનેલા ચરણસિંહ બાગપત બેઠકનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા. કૉંગ્રેસના ટેકાથી માંડ સાડા પાંચ મહિના મહાપરાણે સત્તા પર ચીટકી રહેનારા ચરણસિંહ તાજેતરમાં વાજપેયીજીની વિદાય લગી (અર્થાત્ સાડા સોળ વર્ષો લગી) ભારતના 'સૌથી અલ્પકાલીન વડાપ્રધાન' તરીકેનો વિક્રમ ધરાવતા હતા.

આપણા આ જાટ ખેડૂત નેતા 'લોકસભાનો એક પણ દિવસ સામનો ન કરનારા વડાપ્રધાન' હોવાનો પણ અનોખો વિક્રમ ધરાવે છે! કૉંગ્રેસે ટેકો પાછો ખેંચતાં તેમણે તરત જ લોકસભાનું વિસર્જન કરી નાખ્યું હતું. વાસ્તવમાં તેઓ દેશના માત્ર 'રખેવાળ વડાપ્રધાન' (કૅર-ટેકર પ્રાઈમ મિનિસ્ટર) જ બની રહ્યા હતા.

શ્રીમતી ઇન્દિરા ગાંધી

એક વખત સત્તા પરથી ઊતરી જનારા વડાપ્રધાન થોડા સમય બાદ પુનઃ સત્તારૂઢ થાય એવું હજુ સુધી માત્ર શ્રીમતી ગાંધીની બાબતમાં જ બન્યું છે. ૧૯૮૦ની મધ્યસત્રી ચૂંટણીઓમાં ઇન્દિરાજીએ 'કામ કરતી સરકાર'નું સૂત્ર આપીને મતદારોને આકર્ષી લીધા હતા તથા મેડક (આંધ્રપ્રદેશ) અને રાયબરેલી (ઉત્તર પ્રદેશ) એમ બે બેઠકો પરથી ચૂંટાઈ આવ્યાં હતાં. મેડકની બેઠક તેમણે જાળવી રાખી હતી.

તેમના વડાપ્રધાનપદનો આ દ્વિતીય સમયગાળો ભારતના 'અવકાશ ક્ષેત્રનો સુવર્ણકાળ' હતો. પંજાબ-પ્રશ્ને તેમને 'ઑપરેશન બ્લ્યુ સ્ટાર' જેવો સખત અને હિંમતભર્યો નિર્ણય પણ લેવો પડ્યો હતો. પરિણામ સ્વરૂપ પ્રથમવાર સત્તા પરનાં વડાંપ્રધાનની હત્યા થઈ હતી.

વડાપ્રધાનપદની બે અલગ અલગ સમયાવધિમાં ઇન્દિરાજીએ કુલ ૧૬ વર્ષ (તેમના પિતા નેહરુ કરતાં એક વર્ષ ઓછું) ભારત પર શાસન કર્યું હતું.

રાજીવ ગાંધી



શ્રીમતી ગાંધીની હત્યા બાદ ઓચિંતા વડાપ્રધાનપદે આવેલા તેમના પુત્ર રાજીવ ગાંધી અમેઠી બેઠક પરથી ચૂંટાયેલા હતા. ઇન્દિરાજીની શહાદતની સહાનુભૂતિના મોજે તેઓ લોકસભામાં કોઈનેય ન મળી હોય તેવી ગંજાવર બહુમતી મેળવનાર વડાપ્રધાન બન્યા હતા.

'પાઈલોટમાંથી પ્રાઈમ મિનિસ્ટર'ના પદે પહોંચેલા રાજીવજીના સમયમાં 'ઇલેક્ટ્રોનિક્સ યુગ'નાં મંડાણ થયાં હતાં. માત્ર ૪૦ વર્ષની વયે દેશના સર્વોચ્ચ સત્તાસ્થાને બિરાજીને 'સૌથી નાની ઉંમરના વડાપ્રધાન' બનવાનો વિક્રમ રાજીવ ગાંધીના નામે અકબંધ છે.

પ્રથમ નેહરુ, પછી નેહરુના પુત્રી ઇન્દિરા અને તે પછી ઇન્દિરાના પુત્ર રાજીવ... એમ એક જ વંશની સળંગ ત્રણ પેઢીએ ભારતના વડાપ્રધાનપદે રહીને 'આનુવંશિક હૅટટ્રિક' પૂરી કરી હતી. (બીજા શબ્દોમાં કહીએ તો ભારતની આઝાદીનાં પૂરાં થયેલાં ૪૨ વર્ષોમાંથી ૩૮ વર્ષો સુધી એક જ પરિવારનું શાસન રહ્યું હોય એ પણ ભારતનાં વડાપ્રધાનોની તવારીખમાં એક 'મહાવિક્રમ' છે)

વિશ્વનાથ પ્રતાપસિંહ



૧૯૮૯ની ચૂંટણીઓમાં 'મૂલ્યનિષ્ઠ રાજકારણ'ના મુદ્દા પર વિપક્ષોનો રાષ્ટ્રિય મોરચો લોકસભામાં સૌથી મોટા જૂથ તરીકે ઊપસતાં ભાજપના ટેકાથી કેન્દ્રમાં બીજી બિનકૉંગ્રેસી સરકાર રચાઈ હતી અને ફતેહપુર બેઠક પરથી ચૂંટાઈ આવેલા વી.પી. સિંહ દેશના આઠમા વડાપ્રધાન બન્યા હતા.

લોકસભામાં 'વિશ્વાસનો મત' માગનારા તેઓ પ્રથમ વડાપ્રધાન હતા. પોતાના એક વર્ષ કરતાં ઓછા કાર્યકાળમાં શ્રી સિંહને મંડલ પંચ અને મંદિર-મસ્જિદ જેવા વિવાદનો સામનો કરવો પડ્યો હતો.

ભાજપે ટેકો પાછો ખેંચી લેતાં લોકસભામાં અવિશ્વાસને કારણે થયેલા પરાજય પછી રાજીનામું આપનારા પણ વી.પી. સિંહ પહેલા વડાપ્રધાન હતા. કોઈ સરકારનું સંસદમાં સત્તા-પતન થાય એવો આ પ્રથમ અને એકમાત્ર બનાવ છે.

ચન્દ્રશેખર ઠાકુર



ત્યાર બાદ ચરણસિંહની જેમ જ ચંદ્રશેખર પણ ૧૯૯૦માં 'નયા ભારત'ના એલાન સાથે કૉંગ્રેસના ટેકાથી વડાપ્રધાન બન્યા હતા. માત્ર સાતેક મહિના સત્તા પર રહેલા આ લડાયક મિજાજી નેતા ત્યારે બલિયા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હતા.

તેઓ પ્રથમ એવા વડાપ્રધાન હતા કે જેમણે અગાઉ કોઈ સરકારી હોદ્દો ધારણ કર્યો ન હતો. (અર્થાત્ તેઓ પોતાની જિંદગીમાં સીધા વડાપ્રધાન બન્યા હતા.) વળી, તેમણે તે સમયે સૌથી ઓછા (માત્ર ૫૪) સંસદ સભ્યો સાથે સરકાર રચી હતી. (જે વિક્રમ હાલે સંસદમાં ૪૩ સભ્યોવાળા જનતાદળના વડાપ્રધાન દેવગોવડાના આગમન સાથે તૂટ્યો છે.)

ચંદ્રશેખરની બાબતમાં પણ આખરે ચરણસિંહવાળી જ ઘટનાનું પુનરાવર્તન થઈને રહ્યું હતું. કૉંગ્રેસે સંસદ-બહિષ્કાર કરતાં સરકારનો ગૃહમાં જ પરાજય થાય એ સ્પષ્ટ હતું. તેથી ચંદ્રશેખરે પણ લોકસભા વિસર્જનની ભલામણ સાથે રાજીનામું આપી દીધું હતું.

પી.વી. નરસિંહરાવ



૧૯૯૧ની ચૂંટણીઓમાં પણ કોઈ પક્ષને બહુમતી મળી નહોતી. પરંતુ સૌથી મોટા પક્ષ તરીકે કૉંગ્રેસે અન્ય પક્ષોના ટેકાથી સરકાર રચી અને વડાપ્રધાનોની તવારીખમાં નરસિંહરાવ દેશના 'પ્રથમ દક્ષિણ ભારતીય વડાપ્રધાન' તરીકે આરૂઢ થયા હતા.

રાવજી પ્રથમ એવા વડાપ્રધાન પણ છે કે જે વડાપ્રધાન બનવા સમયે સંસદના કોઈ ગૃહમાં પ્રતિનિધિત્વ ધરાવતા ન હોય. પાછળથી તેઓ પોતાના રાજ્ય આંધ્રપ્રદેશની નાંદયાલ બેઠક પરથી લોકસભામાં પ્રવેશ્યા હતા. બહુમુખી પ્રતિભા ધરાવતા દક્ષિણના સૌમ્ય રાજપુરુષ નરસિંહરાવ જેવા એકસાથે

'અનેક ભાષાઓ જાણતા વડાપ્રધાન' પણ ભારતને પ્રથમ વાર મળ્યા હતા.

વિવિધ કૌભાંડો, આંતરિક વિખવાદો અને આર્થિક કટોકટી વચ્ચે પણ તેઓ કૉંગ્રેસનું લઘુમતી શાસન ટકાવી ગયા હતા અને નેતા તરીકે પોતે પણ ટકી ગયા હતા. ભારતની છ લઘુમતી સરકારોમાંથી પાંચ વર્ષની મુદત પૂરી કરનાર એકમાત્ર રાવ સરકાર છે. આર્થિક ક્ષેત્રે ઉદારીકરણ રાવ-શાસનની ઉલ્લેખનીય બાબત ગણી શકાય.

અટલબિહારી વાજપેયી



૧૯૯૬ની ચૂંટણીઓમાં પણ કોઈ પક્ષને બહુમતી ન મળતાં મોટા પક્ષ તરીકે ભારતીય જનતા પક્ષે કેન્દ્રમાં પ્રથમ ભાજપી, ત્રીજી બિનકૉંગ્રેસી અને છઠ્ઠી લઘુમતી સરકારનાં મંડાણ કર્યાં હતાં અને અટલબિહારી વાજપેયી ૧૧મા વડાપ્રધાન તરીકે વરાયા હતા. પરંતુ બહુમતી સિદ્ધ ન કરી શકવાના કારણે માત્ર તેર દિવસ બાદ ગત ૨૮મી મેના રોજ રાજીનામું આપી દેતાં તેઓ દેશનાં 'સૌથી અલ્પકાલીન વડાપ્રધાન' તરીકેનું સ્થાન પામ્યા છે.

ભારતનાં વડાપ્રધાનોનો કાર્યકાળ

૧. જવાહરલાલ નેહરુ	૧૫-૮-૧૯૪૭ થી ૨૭-૫-૧૯૬૪
ગુલઝારીલાલ નંદા	૨૭-૫-૧૯૬૪ થી ૮-૬-૧૯૬૪
૨. લાલબહાદુર શાસ્ત્રી	૯-૬-૧૯૬૪ થી ૧૧-૧-૧૯૬૬
ગુલઝારીલાલ નંદા	૧૧-૧-૧૯૬૬ થી ૨૩-૧-૧૯૬૬
૩. શ્રીમતી ઇન્દિરા ગાંધી	૨૪-૧-૧૯૬૬ થી ૨૩-૩-૧૯૭૭
૪. મોરારજી દેસાઈ	૨૪-૩-૧૯૭૭ થી ૨૭-૭-૧૯૭૯
૫. ચૌધરી ચરણસિંહ	૨૮-૭-૧૯૭૯ થી ૧૩-૧-૧૯૮૦
૬. શ્રીમતી ઇન્દિરા ગાંધી	૧૪-૧-૧૯૮૦ થી ૩૧-૧૦-૧૯૮૪
૭. રાજીવ ગાંધી	૧-૧૧-૧૯૮૪ થી ૧-૧૨-૧૯૮૯
૮. વિશ્વનાથ પ્રતાપસિંહ	૨-૧૨-૧૯૮૯ થી ૯-૧૧-૧૯૯૦
૯. ચન્દ્રશેખર ઠાકુર	૧૦-૧૧-૧૯૯૦ થી ૨૦-૬-૧૯૯૧
૧૦. પી.વી. નરસિંહરાવ	૨૧-૬-૧૯૯૧ થી ૧૫-૫-૧૯૯૬
૧૧. અટલબિહારી વાજપેયી	૧૬-૫-૧૯૯૬ થી ૩૧-૫-૧૯૯૬
૧૨. એચ.ડી. દેવગોવડા	૧-૬-૧૯૯૬ થી ....

કોઈ રાજકીય પક્ષે પહેલેથી જ પોતાના નેતાને 'ભાવિ વડાપ્રધાન' તરીકે ઉપસાવ્યા હોય અને તે વડાપ્રધાન બન્યા હોય એવા વાજપેયી પ્રથમ વ્યક્તિ છે. દાયકાઓ પહેલાં જવાહરલાલ નેહરુએ પણ તેમની પ્રતિભા પીછાણીને તેમને 'ભવિષ્યના વડાપ્રધાન' તરીકે ઓળખાવ્યા હતા.

નિષ્કલંક પ્રતિભા અને રંગદર્શી વ્યક્તિત્વ ધરાવતા તથા ઉદારમતવાદી તરીકે જાણીતા અટલબિહારી લખનૌ (ઉત્તરપ્રદેશ) અને ગાંધીનગર (ગુજરાત) એમ બે બેઠકો પરથી ચૂંટાઈ આવ્યા હતા. લખનૌ બેઠક તેમણે જાળવી રાખી હતી. અવિવાહિત વ્યક્તિએ દેશનું સુકાની પદ સંભાળ્યું હોય એવા પ્રથમ વડાપ્રધાન પણ વાજપેયી છે.

એચ.ડી. દેવગોવડા



ભાજપને સત્તાથી દૂર રાખવાના મુદ્દે એકત્ર થયેલા વિવિધ તેર વિપક્ષોના બનેલા સંયુક્ત મોરચાએ કર્ણાટકના મુખ્યપ્રધાન એચ.ડી. દેવગોવડાના નેતૃત્વમાં સરકાર રચી છે. ચરણસિંહ અને ચંદ્રશેખર પછી કૉંગ્રેસના ટેકાથી રચાયેલી આ ત્રીજી સરકાર છે.

અત્યાર લગી વડાપ્રધાન થનાર અગિયારમાંથી આઠ વ્યક્તિઓ ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી આવેલી છે. વડાપ્રધાન તરીકે કર્ણાટકના દેવગોવડા બિરાજિત થયા એ સાથે દેશને સુકાની પૂરો પાડવાની ઉત્તરપ્રદેશની પરંપરા ત્રીજી વખત તૂટી છે. (આ અગાઉ ગુજરાતના મોરારજી દેસાઈ અને આંધ્રપ્રદેશના નરસિંહરાવ 'ઉત્તર પ્રદેશ સિવાયના વડાપ્રધાનો' હતા.)

કોઈ રાજ્યના હોદ્દા પરના મુખ્યપ્રધાન સીધા દેશના વડાપ્રધાન બનતા હોય એવો આ પ્રથમ દાખલો છે. વળી, વડાપ્રધાન બનવા સમયે સંસદના કોઈ ગૃહમાં પ્રતિનિધિત્વ ધરાવતા ન હોય એવા નરસિંહરાવ પછી દેવગોવડા બીજા વડાપ્રધાન છે.

ચરણસિંહ પછી રાષ્ટ્રના ઉચ્ચ સત્તાપદે બિરાજેલા તેઓ બીજા ભૂમિપુત્ર નેતા છે. શાંત અને ઠરેલ વ્યક્તિત્વ ધરાવતા ૬૩ વર્ષીય દેવગોવડાને પણ ભૂતપૂર્વ જનતાપક્ષ અને રાષ્ટ્રિય મોરચાની સરકારોની માફક આંતરિક વિરોધો વચ્ચે કામ કરવું પડશે. દેશના રાજકારણની વર્તમાન અસ્થિર તાસીર જોતાં સત્તાની દોડમાં દેવગોવડાનો ઘોડો પણ કેટલા સમયનું અંતર કાપે છે એ જોવાનું છે. □

> સત્તા ભ્રષ્ટ કરે છે, અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણપણે ભ્રષ્ટ કરે છે. - લૉર્ડ એક્ટન

વડાપ્રધાનોની સ્મૃતિમાં નીકળેલી રંગબેરંગી ટપાલ-ટિકિટો

જગતભરનાં અનેક દેશોની અસંખ્ય ટપાલ-ટિકિટો સંઘરવાને બદલે સંગ્રાહકોમાં આજે કોઈ ચોક્કસ વિષયો પસંદ કરીને વિષયગત સંગ્રહ (થિમેટિક્સ કલેક્શન) કરવાનું વલણ અને ચલણ વધતું જાય છે. તેમાં 'દેશનાં શાસકો'નો વિષય પણ રસપ્રદ રહ્યો છે.

અત્યાર સુધી ભારતનાં તમામ છ દિવંગત વડાપ્રધાનો જવાહરલાલ નેહરુ, લાલબહાદુર શાસ્ત્રી, શ્રીમતી ઇન્દિરા ગાંધી, મોરારજી દેસાઈ, ચૌધરી ચરણસિંહ અને રાજીવ ગાંધીના માનમાં ટિકિટો પ્રસિદ્ધ કરાઈ છે. આમાં સૌથી વધુ નેહરુની ટિકિટો બહાર પડી છે. તેમાં પણ રસપ્રદ હકીકત એ છે કે ભારતીય ટપાલ-ટિકિટોની તવારીખમાં પણ મહાત્મા ગાંધીજી પછી ટિકિટો પર સૌથી વિશેષ સ્થાન નેહરુને મળ્યું છે. તેમના અવસાન પામ્યાના વર્ષ ૧૯૬૪થી લઈને જન્મશતાબ્દી વર્ષ ૧૯૮૯ સુધીમાં કુલ ૧૬ જેટલી ટિકિટો ભારતના આ શાંતિદૂતના માનમાં પ્રકટ કરવામાં આવી છે.



પંડિત જવાહરલાલ નેહરુ

પંડિતજી પ્રથમ વડાપ્રધાન હોવાથી અને હોદ્દા દરમિયાન મૃત્યુ થતાં વડાપ્રધાનોમાં પહેલી ટિકિટ એમની સ્મૃતિમાં બહાર પડી હોય એ સ્વાભાવિક છે. ૧૪મી નવેમ્બર, ૧૮૮૯ના અલ્હાબાદ (ઉત્તર પ્રદેશ)માં જન્મેલા પંડિત જવાહરલાલ મોતીલાલ નેહરુનું ૭૫ વર્ષની વયે ૨૭મી મે, ૧૯૬૪ના રોજ દિલ્હી ખાતે અવસાન થયેલું.

તેમના નિધનના એક પખવાડિયા બાદ ૧૨મી જૂનના દિવસે ૧૫ પૈસાના મૂલ્યની સાદી છતાં સુંદર ટિકિટ પ્રકટ કરીને ભારતે પોતાના આ પનોતા પુત્રને શ્રદ્ધાંજલિ આપી હતી. રાખોડી રંગની આ ટિકિટ પર નેહરુના પરિચિત ચહેરાવાળી છબી, તેની સામે તેમના નામવાળા અંગ્રેજી હસ્તાક્ષર અને નીચે લોકસમુદાય દર્શાવાયેલ છે.

નેહરુનો જન્મદિન ૧૪મી નવેમ્બર દેશભરમાં 'બાલદિન' તરીકે ઉજવાય છે અને ટપાલ ખાતું ૧૯૫૭થી દર વર્ષે બાલદિનની સ્મૃતિમાં ખાસ ટપાલ-ટિકિટો બહાર પાડે છે. તેમાં મોટા ભાગે બાળસહજ ક્રિયાકલાપો, બાળકોને લગતા વિષયો અને ૧૯૭૧થી તેના પર બાળકોએ દોરેલાં ચિત્રો દર્શાવવામાં આવે છે.

ફક્ત ૧૯૬૪માં બહાર પડેલી 'બાલદિન'ની ટિકિટ પર પરોક્ષ રીતે નેહરુજીનું ચિત્ર મુકાયું છે. તેમના મૃત્યુ-વર્ષમાં આવેલા બાલદિન નિમિત્તેની આ ભૂખરા રંગની ૧૫ પૈસાવાળી ટિકિટ પર 'મૂંડિયા નેહરુ'ના ચિત્રવાળા (સંભવતઃ આઠ આનાવાળા) સ્મૃતિ સિક્કાનો 'છાપવાળો' ભાગ બતાવાયો છે.

નેહરુવિષયક અન્ય ટિકિટો

એ પછી એમની પ્રથમ પુણ્યતિથિના અવસરે ૨૭મી મે, ૧૯૬૫ના રોજ 'જવાહર જ્યોતિ' દર્શાવતી લાલ-વાદળી (કાર્માઇન-મોનેસ્ટ્રલ બ્લુ) રંગમાં ટિકિટ પ્રકટ કરાઈ હતી. તો, ૧લી ડિસેમ્બર, ૧૯૬૭ના 'નેહરુ ઔર નાગાલેન્ડ'ના વિષય પર બહાર પડેલી ૧૫ પૈસાની આસમાની (માલ્ટીઝ બ્લુ) રંગછટા ધરાવતી ટિકિટ પર નાગ આદિવાસીઓની પાર્શ્વભૂમાં હાથમાં ભાલો અને માથે આદિવાસી ટોપી પહેરેલ નેહરુની લાક્ષણિક તસવીર દર્શાવાઈ છે.

ત્યાર બાદ ૧૫મી ઑગસ્ટ, ૧૯૭૩ના સ્વતંત્રતાની ૨૬મી વર્ષગાંઠ પ્રસંગે નેહરુ અને ગાંધીજીને દર્શાવતી ૨૦ પૈસાના મૂલ્યની એક દ્વિરંગી ટિકિટ બહાર પડી હતી, જેમાં પાસપાસે

બેસી હસીને વાતો કરતા બંને મહાનુભાવોની જાણીતી છબી ઝિલાઈ છે.

૭થી ૧૧મી માર્ચ, ૧૯૮૩ દરમિયાન ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી અલિપ્ત દેશોની સાતમી શિખર પરિષદ પ્રસંગે બહાર પાડવામાં આવેલી બે રૂપિયાની સ્મારક ટપાલ-ટિકિટ ઉપર આ ચળવળના સ્થાપકો પૈકીના એક પંડિત નેહરુની રંગીન છબી મૂકવામાં આવી છે.

ભારતની આઝાદી માટેની લડતની સીમાચિહ્નરૂપ ઘટનાઓ દર્શાવતી ટપાલ-ટિકિટોની શ્રેણીઓમાં ૯મી ઑગસ્ટ, ૧૯૮૩ના રોજ પ્રત્યેક ૫૦ પૈસાની કિંમતની ત્રણ ટિકિટોનો એક સુંદર સંપુટ બહાર પાડવામાં આવેલો. તેમાંની એક બહુરંગી ટિકિટ પર અખિલ ભારતીય કૉંગ્રેસ મહાસમિતિએ 'ભારત છોડો' ઠરાવ પસાર કર્યો તેની બેઠકમાં નેહરુ અને ગાંધીજીને બેઠેલા બતાવવામાં આવ્યા છે.

જન્મશતાબ્દી ટિકિટ

સાડા છ વર્ષ પહેલાં ઉજવાયેલ નેહરુ જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં ૧૪મી નવેમ્બર, ૧૯૮૯ના રોજ એક રૂપિયાના મૂલ્યની બહુરંગી ટિકિટ બહાર પડી હતી. અનોખી વર્ગાકાર (ચતુષ્કોણાકાર) ડિઝાઈન ધરાવતી આ ટિકિટ પર રાષ્ટ્રિય સ્વાતંત્ર્ય સંગ્રામ સમયની વિશિષ્ટ ખાદીનો પોશાક પહેરેલા યુવાન નેહરુની પ્રસિદ્ધ તસવીર અને તેમની ટૂંકી અંગ્રેજી સહી આપવામાં આવી છે.

મહાપુરુષો અને ખાસ પ્રસંગોની સ્મૃતિમાં બહાર પાડવાની વિશેષ સ્મારક ટિકિટો (કૉમેમૉરેટિવ સ્ટેમ્પ્સ) ઉપરાંત ચાલુ વપરાશ માટેની ટિકિટો (ડિફિનિટિવ સ્ટેમ્પ્સ) પણ બહાર પડતી હોય છે. તેમાં ૧૯૭૬થી નેહરુ અને ગાંધીજીના ચહેરા દર્શાવતી 'ખાસ રોજવપરાશની ટિકિટો' બહાર પાડવાનું શરૂ થયું છે.

તેમાં ૨૭મી મે, ૧૯૭૬ના રોજ એક પાનામાં ૪૨ ટિકિટો સમાવે એવા મોટા કદની ૨૫ પૈસાની કિંમતની, ૨૫મી જૂન, ૧૯૭૬ના આ જ ટિકિટ સુધારેલા હિન્દી લખાણ સાથે ૧૪મી નવેમ્બર, ૧૯૭૬ના એક પાનામાં ૪૮ ટિકિટો સમાવે એવા મધ્યમ કદની ૨૫ પૈસાની, ૨૭મી મે, ૧૯૮૦ના ૩૦ પૈસાની તથા ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૦ના ૩૫ પૈસાની તેમજ પાછળથી ૫૦ પૈસા, ૬૦ પૈસા અને ૧૦૦ પૈસાની એમ સમયાંતરે રોજ-વપરાશની જાંબલી (વાયોલેટ) રંગની કુલ આઠ નેહરુ-ટિકિટો બહાર પડી છે.

આ ઉપરાંત, નેહરુજીની સ્મૃતિમાં તત્કાલીન સોવિયેત સંઘે પણ ચાર કોપેક કિંમતની સુંદર ટિકિટ બહાર પાડી છે.

લાલબહાદુર શાસ્ત્રી

ટપાલ-ટિકિટો પર નેહરુ પછી બીજું સ્થાન બીજા વડાપ્રધાન શાસ્ત્રીજીને મળ્યું હતું. ૨જી ઑક્ટોબર, ૧૯૦૪ના રોજ મુગલસરાઈ (ઉત્તર પ્રદેશ)માં જન્મેલા લાલબહાદુર શારદાપ્રસાદ શાસ્ત્રીનું ૬૨ વર્ષની વયે ૧૧મી જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ તાશકંદ (રશિયા) ખાતે અવસાન થયેલું. તેમના નિધન પછી બરાબર પંદર દિવસે એટલે કે ૨૬મી જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ તેમની સુંદર તસવીરવાળી ભૂખરા (સ્યુએડ ગ્રે) રંગમાં ૧૫ પૈસાની ટિકિટ બહાર પાડીને શ્રદ્ધાંજલિ અપાઈ.

શાસ્ત્રીજીએ આપેલા 'જય જવાન - જય કિસાન'ના સૂત્રને પ્રતિબિંબિત કરતા ચિત્રોવાળી પ્રત્યેક ૧૫ પૈસાની કિંમતની એકસરખા કદ અને ડિઝાઈનની બે અલગ-અલગ ટિકિટો પણ કાઢવામાં આવી છે. તેમાં ૨૬-૧-૬૬ના શાસ્ત્રીજીની ટિકિટ સાથે જ ભૂરા જાંબુડી (વાયોલેટ) રંગમાં 'જય જવાન'ના વિષયને નિરૂપતી તથા શાસ્ત્રીજીની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે ૧૧મી જાન્યુઆરી, ૧૯૬૭ના લીલા (ઑલિવ ગ્રીન) રંગમાં 'જય કિસાન' વિષયને નિરૂપતી ટિકિટ પ્રકટ થઈ હતી.

આ ઉપરાંત, શાસ્ત્રીજીની સ્મૃતિમાં હંગેરીએ પણ એક ફોરિન્ટની કિંમતની જાંબલી રંગમાં મોટા કદની સુંદર ટિકિટ બહાર પાડેલી છે.

ઇન્દિરા ગાંધી

ભારતના ત્રીજા અને છઠ્ઠા ક્રમનાં વડાપ્રધાન બનેલાં ઇન્દિરાબેન ટિકિટ પર સ્થાન પામનારાં ત્રીજાં વડાપ્રધાન બન્યાં હતાં. ૧૯મી નવેમ્બર, ૧૯૧૭માં જન્મેલાં શ્રીમતી ઇન્દિરા ફિરોઝ ગાંધીનું ૬૭ વર્ષની વયે ૩૧મી ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ દિલ્હી ખાતે અવસાન થયું હતું.

તેમની હત્યા કરાયાના બીજા વર્ષે ૧૯૮૫માં (સંભવતઃ પ્રથમ પુણ્યતિથિ પર) બે રૂપિયાનું મૂલ્ય ધરાવતી મોટા કદની ટિકિટ બહાર પાડવામાં આવી હતી. આછા કાળા રંગની આ ટિકિટ પર જનસમુદાયની પાર્શ્વભૂ આગળ એક હાથમાં ફૂલમાળા અને બીજો હાથ આગળ લંબાવી લોકોનું અભિવાદન કરતાં ગળામાં રુદ્રાક્ષ ધારણ કરેલાં ઇન્દિરાજીનું ચિત્ર દર્શાવાયું છે. ટિકિટના મથાળે 'ઇન્દિરા ગાંધી - દેશસેવિકા' (ઇન્દિરા ગાંધી - ઇન ધ સર્વિસ ઓફ ધ નેશન) વાક્ય મૂકવામાં આવ્યું છે.

ચૌધરી ચરણસિંહ

ભારતના પાંચમા ક્રમના વડાપ્રધાન બનેલા ચરણસિંહ ટિકિટ પર સ્થાન પામનારા ચોથા વડાપ્રધાન હતા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૦૨ના મેરઠ (ઉત્તર પ્રદેશ)માં જન્મેલા ચરણસિંહ મીરસિંહ ચૌધરીનું ૮૫ વર્ષની વયે ૨૯મી મે, ૧૯૮૭ના રોજ અવસાન થયું હતું.

તેમની ત્રીજી પુણ્યતિથિના પ્રસંગ પર ૨૯મી મે, ૧૯૯૦ના દિને આછા બદામી રંગમાં એક રૂપિયાના મૂલ્યની ટિકિટ

કાઢવામાં આવી હતી.

રાજીવ ગાંધી

ભારતના સાતમા ક્રમના વડાપ્રધાન બનેલા રાજીવ ટિકિટ પર સ્થાન પામનારા પાંચમા વડાપ્રધાન હતા. ૨૦મી ઑગસ્ટ, ૧૯૪૪ના મુંબઈમાં જન્મેલા રાજીવ ફિરોઝ ગાંધીનું ૪૭ વર્ષની ભરયુવાન વયે ૨૧મી મે, ૧૯૯૧ના રોજ શ્રીપેરુમ્બુદુર (તામિલનાડુ) ખાતે અવસાન થયું હતું.

બૉમ્બ ધડાકામાં હત્યા થયાના બરાબર ત્રણ મહિને આવેલી તેમની ૪૭મી જન્મજયંતીના પ્રસંગે રાષ્ટ્રે પોતાના આ સૌથી યુવાન વડાપ્રધાનની સ્મૃતિમાં ૨૦મી ઑગસ્ટ, ૧૯૯૧ના રોજ એક રૂપિયાના મૂલ્યની અને મોટા કદની બહુરંગી ટિકિટ બહાર પાડી હતી. તેના મથાળે આ વાક્ય મુકાયું છે : 'રાજીવ ગાંધી - એક જીવન ભારત કો સમર્પિત' (રાજીવ ગાંધી - અ લાઈફ ફોર ઈન્ડિયા).

મોરારજી દેસાઈ

ભારતના ચોથા ક્રમના વડાપ્રધાન બનેલા મોરારજીભાઈ ટિકિટ પર સ્થાન પામનારા છઠ્ઠા અને છેલ્લા વડાપ્રધાન છે. ૨૯મી ફેબ્રુઆરી, ૧૮૯૬ના જન્મેલા મોરારજીભાઈ રણછોડજી દેસાઈનું ૯૯ વર્ષની પાકટ વયે ૧૦મી એપ્રિલ, ૧૯૯૫ના મુંબઈ ખાતે અવસાન થયું હતું.

ચાલુ વર્ષે તેમની પ્રથમ પુણ્યતિથિના પ્રસંગ પર ૧૦મી એપ્રિલ, ૧૯૯૬ના રોજ એક રૂપિયાની કિંમતમાં બદામી રંગની સુંદર ટપાલ-ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે. એ નોંધનીય અને વિચિત્ર બાબત છે કે રાષ્ટ્રપતિ ઝૈલસિંહની ટિકિટની માફક આ ગાંધીવાદી નેતાની ટિકિટ ઉપર પણ જન્મ-મરણની સાલ બતાવાઈ નથી.

આમ, ભારતીય ટપાલ-ટિકિટો ઉપર વડાપ્રધાનોની સમીક્ષાનો વિષય પણ રસિક અને રોમાંચક છે. – **'ભરત'કુમાર પ્રા. ઠાકર**

અનુસંધાન] **ખેલ** [પૃ. ૪૦૦થી

'ડુ યુ વૉન્ટ એનિ જોબ? કમ વિથ મી. આઈ વિલ ગિવ યુ સમ વર્ક. યુ વિલ ગેટ મોર મનિ.'

'થેંક યૂ મૅડમ. બટ...' નટ તરફ એક ઈશારો કરી યુવાને કશુંક સમજાવ્યું. મૅડમ ખડખડાટ હસી પડી ને પછી મદદનું વચન તેમજ સરનામું આપી મોટરકારમાં ચાલી ગઈ...

... ને નટ રામજીએ ગાલ પર ચૂંટી ખણી. 'આ સપનું તો નથી ને?' આટલા બધા પૈસા જિંદગીમાં આ પહેલાં ક્યારેય નહોતા ભાળ્યા. ખેલ પત્યા પછી મળેલા ઓછા પૈસા નિરાશ વદને ગણ્યા વગર ગજવામાં મૂકી દેવાના અગણિત કિસ્સા બન્યા હતા. ને આજે તો ખેલ થવાની શક્યતા જ ક્યાં હતી? એને બદલે આ તો સાવ ઊલટું.!! રામજી પૈસા ગણવા લાગ્યો, પણ એને 'ફાવ્યું' નહિ. એટલે યુવાન મદદે આવ્યો. યુવાને કહેલો આંકડો ફાંકડો હતો, સાંકડો નહિ.

અધધધ.... ત્રણસો ને ત્રીસ રૂપિયા...! રામજીનું આશ્ચર્ય શમે એ પહેલાં યુવાને સો-સોની બીજી બે નોટ પોતાના તરફથી ઉમેરતાં કહ્યું, 'હવે ઝટ વતન જવાની તૈયારી કરો. આટલા પૈસા થઈ રહેશેને? કે પછી વધારે આપું?' બીમાર મોહનનો ખ્યાલ આવતાં તેણે ઉમેર્યું, 'તારા દીકરાની સારવાર જલદી ને સારી કરાવજે એટલે એ ફરી દોરડા પર ચાલવાનો ખેલ કરી શકે. નવું દોરડું લઈ લેજે... ને હા, પેલી મૅડમ પાસે જજે. તને સારું કામ મળી જશે. સમજ્યો?'

'સાહેબ, તમારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. તમે આવડા મોટા સાહેબ થઈને દોરડા ઉપર આવો ખેલ... સાહેબ મને માફ...'

'અરે, એમાં શું? ને હવે વાતોનાં વડાં ન કર. ચાલ, આવજે... તું રાજી એમાં હું ય રાજી, બરાબરને?'

અને લશ્કરના આ જવાન અફસરે નટની પીઠ થાબડી, ને રજામાં વતનમાં આવતાવેંત જ એક સારું કામ કર્યાનો સંતોષ અનુભવી તેણે જોશભેર પોતાના પગ ઘર ભણી ઉપાડ્યા. રાષ્ટ્રની સુરક્ષા માટે જીવસટોસટનાં અનેક સાહસો ખેડનારા આ અફસર માટે નટનો ખેલ ડાબા હાથનો ખેલ હતો. ઉપરી-અધિકારીની રજા લઈ ઘણાં વર્ષો બાદ પોતે વતનમાં આવ્યો હોઈ લગભગ કોઈ તેને ઓળખી હોતું શક્યું ને જે એક-બે મિત્રોએ તેને ઓળખી કાઢ્યો હતો તેમને ખેલ દરમિયાન જ તેણે ચૂપ રહેવાનો સંકેત આપી દીધો હતો.

પણ નટ રામજીને તો આ યુવાનની ખરી ઓળખ મળી ચૂકી હતી. રામજી, નજર પહોંચે ત્યાં સુધી, આ ભલા યુવાનને કૃતજ્ઞતાપૂર્વક જોઈ જ રહ્યો, બસ જોઈ જ રહ્યો. □

અનુસંધાન] **એક શહેર, બે પ્રવેશ** [પૃ. ૪૦૪થી

એ સ્પષ્ટ હતું કે દસ વર્ષમાં ચીન કેટલુંયે બદલાઈ ગયું હતું. એક તો, શહેર ઘણું ફાલ્યું, ફૂલ્યું, ફેલાયું હતું. એનો પ્રસ્તાર ૧૬,૮૦૦ ચો. કિ.મી.નો થયો હતો.ને વસ્તી સવા કરોડની થઈ હતી. પેલી લાખો સાઈકલો ક્યાં ગઈ? દેખાતી હતી અનેક મોટરો. હું જેમાં બેઠી હતી તેવી મર્સિડિસ, બિ.એમ. ડબ્લ્યુ, વૉલ્વો - બધી સ્માર્ટ, નવી, યુરોપી મોટરો. અને કેટલીયે 'પેટી-પૅક' સાવ નવી, 'બ્રાઈટ યેલો' - ઘેરી પીળી ટૅક્સીઓ. અરે ભઈ કયો દેશ હતો આ?

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

જાજરૂનો સંઘર્ષ

તા. ૪-૮-૮૪ : ગઈ કાલે સવારે અમે છાપામાં વાંચ્યું, 'શારદામંદિર વિસ્તારમાં પોલીસનો ગોળીબાર. કોઈ મરણ થયાં નથી પણ પથ્થરમારાથી પોલીસના માણસો સહિત કેટલાંક ઘાયલ થયા છે !' વળી ગઈ કાલે રાત્રે કલકતાથી ટેલિફોન આવ્યો, 'બધાં છો તો મઝામાંને? કાલે રાત્રે તમારા વિસ્તારમાં ગોળીબાર થયા?' પહેલાંના જમાનામાં કહેતા કે, 'વા વાતો લઈ જાય છે'; પણ હવે તો 'વા' નહિ પણ ઈલેક્ટ્રોમેગ્નેટિક મોજાં વાત લઈ જાય છે! અને અમે જે સવારે છાપામાં વાંચ્યું (ગોળીબાર કેમ થયો, ક્યાં થયો, ક્યારે થયો) તેની અમને તે પહેલાં જરાય ખબર પડી ન હતી. તે જ સવારે કલકત્તા પણ એ ખબર પહોંચી ગયા!

અને આખીય ઘટના ભારતીય સમાજમાં જે નવા સંઘર્ષો ઊભા થતા આવે છે તેની દ્યોતક છે. વાત આ પ્રમાણે છે. ૩૪ નંબરની બસ શારદા સોસાયટીના બસ સ્ટૅન્ડથી ઊપડે, પછી પહેલું બસ-સ્ટૉપ શારદામંદિરનું. પછી મોટું બસ-સ્ટૉપ તો સુખીપુરાનું છે. પણ વચ્ચે એક નાનું સ્ટૉપ હમણાં થયું છે. રંગવર્ષા સોસાયટીનું સ્ટૉપ. આ રંગવર્ષા સોસાયટી શારદામંદિર રોડ અને રેલવેના પાટા વચ્ચે આવેલી છે. પાટાની પેલે પાર મહેનતપુરા નામની હરિજનોની ચાલીઓ આવેલી છે. આ ચાલીઓમાં તથા આસપાસનાં ઝૂંપડાંમાં રહેતી વસ્તી રેલવેના પાટાવિસ્તારમાં જાજરૂ જાય છે. પણ ચોમાસામાં પાટા સિવાય ખુલ્લી જમીનમાં ઘાસ ઊગી નીકળે એટલે સમસ્યા ઊભી થાય. પાટાપાર આવેલી સોસાયટીના રસ્તા ચોખ્ખા, ઘાસ ઊગેલું નહિ એટલે રાતના સમયે ચાલીઓનાં રહીશો હાથમાં પાણીનાં ડબલાં લઈને પાટા ઓળંગી સોસાયટીના રસ્તા પર આવી જાય. (ખાસ કરીને ચાલીની બહેનો) આ બાબત અંગે રંગવર્ષા સોસાયટીનાં રહીશો અને ચાલીનાં રહીશો વચ્ચે કચકચ તો કેટલાય વખતથી ચાલ્યા કરતી હતી. પરમ દિવસે રાત્રે ચાલીનાં બે-ત્રણ બાળકો તે સોસાયટીના બંગલાના દરવાજા આગળ જ ડબલાં લઈને બેઠાં. મકાનમાલિક ઊકળી ગયો. બોલાચાલી થઈ. વાત વધી પડી. ચાલીનાં રહીશો પથ્થર લઈને બંગલા ઉપર ફેંકવા લાગ્યાં. બંગલાવાળા તો મોટા માણસો. પોલીસને ટેલિફોન થયા. પોલીસ આવી તેમ તો આખું મહેનતપુરા એકઠું થઈ ગયું. ટીઅરગૅસના શેલ ફૂટ્યા, હવામાં પચ્ચીસ જેટલા ગોળીબાર થયા ત્યારે ટોળું વિખરાયું.

અંગ્રેજીમાં Have અને Have not વચ્ચેનો સંઘર્ષ (જેની પાસે છે અને જેની પાસે નથી તેવા વચ્ચેનો સંઘર્ષ) કહે છે તેવો આ સંઘર્ષ નથી. આ તો 'જાજરૂ છે-વાળા અને જાજરૂ નથી-વાળાં વચ્ચેનો સંઘર્ષ છે. કાર્લ માકર્સે જ્યારે સામ્યવાદના સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યા ત્યારે તેને જાજરૂ છે-નથી વચ્ચેના વર્ગ-વિગ્રહનો ખ્યાલ પણ નહિ હોય!

આનો ઉપાય શું? અત્યારનું ભારતનું રાજકારણ આનો જવાબ આપી શકે તેમ નથી. આ રંગવર્ષા સોસાયટીમાં ઈન્દિરા કૉન્ગ્રેસ તરફથી કૉર્પોરેશનમાં ચૂંટાયેલા એક સભ્યનો બંગલો છે. (એટલે જ તો શારદામંદિર અને સુખીપુરા વચ્ચે આ રંગવર્ષા સોસાયટીનું બસ-સ્ટૉપ થયું!) હાઉ. રંગવર્ષા સોસાયટી તો ઈન્દિરા કૉન્ગ્રેસવાળાની જ છે. તેથી જ અડધી રાતે પોલીસ દોડી આવી અને નાની એવી બાબતમાં ગોળીબાર પણ કરી નાખ્યો. એમ વાત વહેતી થઈ. એટલું જ નહિ, પણ જનતા પાર્ટીએ તો નિવેદન કર્યું કે પોલીસે મહેનતપુરાના હરિજનો ઉપર અત્યાચાર કર્યો છે. આમ, ગાડી આડા પાટે ચઢવા લાગી છે. મૂળ સામાજિક સંઘર્ષ કેમ ઊભો થયો, આવા સંઘર્ષ નિવારવા શું પગલાં લેવાં જોઈએ તે વાત બાજુ પર રહી જશે. બહુ બહુ તો ગોળીબારની 'અદાલતી' તપાસ થશે.

આ છે Have જાજરૂ અને Have not જાજરૂ વચ્ચેના સંઘર્ષની વાત.

પ્રધાન, રામન અને મસ્તી

તા. ૧૭-૮-૮૪ : ૧૪મી તારીખે ભાવનગરમાં લો પાવર ટી.વી. ટ્રાન્સમીટરનું ઉદ્‌ઘાટન થયું. દેશનું એ નવમું ટ્રાન્સમીટર છે. ૧૯૮૪નું વર્ષ પૂરું થાય એ પહેલાં આવાં ૧૮૦ ટ્રાન્સમીટરો જુદેજુદે સ્થળે ચાલુ થઈ જશે. રોજ એક નવા ટ્રાન્સમીટરનું ઉદ્‌ઘાટન થાય છે. આ બધાં રિલે સ્ટેશન છે. તેમનો પોતાનો ટી.વી. સ્ટૂડિઓ નથી. પોતાના કાર્યક્રમો નથી. દિલ્હીના કાર્યક્રમો રિલે કરે છે. આ રિલે ઉપગ્રહ insat 1b મારફત થાય છે.

ભાવનગરના ટ્રાન્સમીટરનું ઉદ્‌ઘાટન ગુજરાતના હરિજન નેતા અને દિલ્હીના નાયબ પ્રધાને કર્યું. ત્રિવેન્દ્રમમાં સાયન્સ ઍકેડેમીની વાર્ષિક સભા હતી. તે નિમિત્તે ગવર્નરે ભોજન ગોઠવ્યું હતું. કેન્દ્રના આ પ્રધાન ત્યારે ત્રિવેન્દ્રમમાં હાજર હતા. એટલે તે પણ ભોજનમાં હાજર હતા. વાતો નીકળતાં સી. વી. રામનની વાત નીકળી. દસેક મિનિટ વાત ચાલી ત્યાં આ પ્રધાન સાહેબે પૃચ્છા કરી. 'રામન હાલ ક્યાં કામ કરે છે?'

આ પ્રધાનશ્રીને કારણે ભાવનગર યુનિવર્સિટીમાં કોયડો ઊભો થયો છે. આમ તો ભાઈ ઈતિહાસ લઈને બી.એ. થયા છે. પણ એમણે ભાવનગર યુનિવર્સિટીમાં Ph.D. થવા માટે એડમિશન માગ્યું છે. હવે યુનિવર્સિટીના નિયમ મુજબ તો M.A. થયા પછી જ Ph.D. માટે થિસિસ લખી શકાય. પણ તેમાં અપવાદ જરૂર કરી શકાય અને તેથી યુનિવર્સિટીની ઍકેડેમિક કાઉન્સિલે Ph.D. કરવાની પરવાનગી આપતો ઠરાવ કર્યો. પછી તે ઠરાવ સિન્ડિકેટ સમક્ષ આવવાનો હતો. હવે ગુજરાતની ઈન્દિરા કૉન્ગ્રેસમાં બે જૂથ છે. તેમાં આ પ્રધાન જે

જૂથમાં છે તેના વિરોધી જૂથમાં ભાવનગરના ઇન્દિરા કૉન્ગ્રેસી છે. એટલે તેમને અપવાદરૂપ Ph.D. કરવા દેવાનો ઠરાવ સિન્ડિકેટ પસાર કરશે નહિ એમ વાઈસ ચાન્સેલરને લાગ્યું અને એક વાર સિન્ડિકેટ ના પાડે એટલે દરવાજા બંધ થઈ જાય. એટલે વા.ચા.એ રસ્તો કાઢ્યો : નિયમમાં અપવાદ કરવાનો છે એટલે આ બાબત ચાન્સેલર (જે રાજ્યના ગવર્નર છે)ને નિર્ણય માટે સોંપવી. આમ, 'રામન હાલ ક્યાં કામ કરે છે?' એટલું જનરલ નૉલેજ ધરાવતા પ્રધાનશ્રીને ઇતિહાસમાં Ph.D. કરવા દેવું કે નહિ તે રાજ્યના ગવર્નર નક્કી કરશે! છેને રાજકારણ-મય યુનિવર્સિટી!!

આ વર્ષનો ભારતીય સાહિત્યનો જ્ઞાનપીઠ ઍવૉર્ડ કન્નડ સાહિત્યકાર માસ્તી વ્યંકટેશ આયંગરને મળ્યો. અત્યારે માસ્તીની ઉંમર ૯૨ વર્ષની છે. ૧૯૧૨માં એમણે પહેલી વાર્તા લખી ત્યારથી જ તે 'કન્નડ કથાસાહિત્યના જનક' થઈ ગયા. ઍવૉર્ડ મળ્યા પછી એક મુલાકાતમાં તેમને પૂછ્યું, 'તમે તમારાં સાહિત્યસર્જનને ઘાટ કેવી રીતે આપો છો?' તેનો જવાબ હતો, 'એક માતા પોતાના ઉદરમાં શિશુને ઘાટ કેવી રીતે આપે છે, તેનો જવાબ માતા પાસે શું હોય!'

તેમની એક વાર્તામાં તૉલ્સ્તૉયની દુવિધાનું વર્ણન કરે છે. ગરીબ ખેડૂતોને તૉલ્સ્તૉય પોતાની જાગીર વહેંચી આપવા માગે છે. પણ તેનું મન જાગીર ઉપર ઉગેલાં વૃક્ષોમાં પરોવાયેલું છે. જાગીર ખેડૂતોને આપે તો ખેડૂતો તો ખેતી માટે વૃક્ષો કાપી નાખશે. જો ખેડૂતોને જમીન નહિ આપે તો તેમનાં કુટુમ્બો ભૂખે ટળવળશે. આ દુવિધામાં શું કરવું તે તૉલ્સ્તૉયને સૂઝતું નથી. એક સવારે તૉલ્સ્તૉય પોતાની જમીન ઉપર ફરવા નીકળે છે. વૃક્ષોને જોતો જાય છે. ચાલતો ચાલતો દોડવા લાગે છે. દોડતો જ જાય છે, દોડતો જ જાય છે અને છેવટે મૃત થઈને જમીન ઉપર પડે છે!! આખું દર્દભર્યું વર્ણન વાચકની આંખમાં આંસુ લાવે છે!

૯૨ વર્ષની ઉંમરે તેમને પુરસ્કાર મળ્યો ત્યારે મુલાકાતમાં પૂછ્યું, 'તમને ઍવૉર્ડ મળવાનો આનંદ થયો છે ને?' તેનો જવાબ હતો, 'I am too old to be happy.' (આ ઉંમરે હવે આનંદ શું અને શોક શું?)

રાજકારણનું દૂષિત ગણિત ૨૯૫-૩૯ તો ૧૪૮થી ઓછું!

તા. ૨૪-૮-૮૪ : ઓલિમ્પિક્સમાં ભારતની પી.ટી. ઉષા ફાઈનલમાં દોડી. પણ તમે લખો છે તેમ પાંચમી નહિ પરંતુ ચોથી આવી! ભારતનો કોઈ ખેલાડી કોઈ ખેલમાં પહેલા ત્રણમાં ન આવ્યો કે ન આવી શક્યો તેનાં કારણો શોધવા જવાં પડે તેમ નથી. તમને ખબર છે? આ ઉષા કેરલમાં રેલવે સ્ટેશનમાં બુકિંગ ક્લાર્ક છે. આપણા ખેલાડીઓ ભારતીય ભોજનથી ટેવાયેલા છે. તેમના માટે ભારતીય ભોજનની કશી વ્યવસ્થા કોઈએ કરી ન હતી! કોણ કરે? રમતગમતની વ્યવસ્થામાં ભારતમાં રાજકારણ અને લાગવગશાહી સંપૂર્ણપણે પ્રસરી ગયાં છે. ભારતીય ટુકડીમાં ૧૬ હૉકી ખેલાડી, ૨૬ અન્ય ખેલાડી અને ૩૩ ઑફિસર્સ! અને આ ૩૩માંથી કોચ પાંચસાત હશે. બાકીના સરકારને ખર્ચે લહેર કરવા જ જાય છે. વિલાયતી ભોજનથી કાં તો ખેલાડીઓને ભારતમાં જ ટેવાવી દેવા જોઈએ અને નહિતર ત્યાં ભારતીય ભોજનની વ્યવસ્થા કરવી જોઈએ. આમ તો તદ્દન elementary (નાની) બાબત છે, જેના ઉપર તરત જ ધ્યાન જાય. પણ લહેરી લાગવગીઆઓનું ધ્યાન શેનું જાય! એટલું જ નહિ પણ ભારતનાં છાપાંમાં જે બધાં કારણોની વાત આવે છે તેમાં આ પાયાની વાત (ભારતીય ભોજનની વ્યવસ્થા ન હતી તેની વાત) તો ક્યાંય આવતી જ નથી!

ભારતમાં આજકાલ બધાં જ ક્ષેત્રોમાં રાજકારણ પેસી ગયું છે અને રાજકારણનું પોતાનું ધોરણ ઘણું નીચું ઊતરી ગયું છે. આંધ્રપ્રદેશમાં બે વરસ પહેલાં ચૂંટણી થઈ હતી અને તેમાં પેલા ફિલ્મ ઍક્ટર ntr નવો પક્ષ તેલુગુદેશમ્ બનાવી પ્રચંડ બહુમતી જીતી આવ્યા હતા. ૨૯૫ સભ્યોની ધારાસભામાં તેમના ૨૦૫ સભ્યો હતા. તેમાંથી ૩૯ સભ્યો છૂટા થયા અને તેનો નેતા ભાસ્કરરાવ ગવર્નરને મળ્યા. ગવર્નર રામલાલ મૂળ તો ઇન્દિરા કૉન્ગ્રેસી. હિમાચલ પ્રદેશના મુખ્યપ્રધાન હતા, પણ ત્યાં બરોબર ચાલ્યું નહિ એટલે ઇન્દિરાએ 'ઉઠાડી' મૂક્યો અને આંધ્રપ્રદેશના ગવર્નર બનાવ્યા. ગવર્નરને થયું કે ઇન્દિરાને વહાલા થવાનો આ સારો મોકો છે. એટલે તેણે ntrને કહ્યું, તમે બહુમતિ ગુમાવી છે માટે રાજીનામું આપો. ntr કહે, મારા ૨૦૫ સભ્યોમાંથી ૩૯ જતા રહે તો પણ ૧૬૬ રહે અને ૨૯૫ની સભામાં બહુમતી માટે ૧૪૮ જોઈએ. મેં ક્યાં બહુમતી ગુમાવી છે? પણ ગવર્નર કહે, 'I am satisfied that you have lost the majority.' ntr કહે કાલે સવારે ધારાસભા બોલાવો, હું બહુમતી પુરવાર કરી દઉં. પણ ગવર્નર માન્યા નહિ. તેમણે ntrને બરતરફ કર્યા અને પેલા ભાસ્કરરાવને પ્રધાનમંડળ રચવાનું આમંત્રણ આપ્યું. તરત જ તેમનો સોગંદવિધિ થયો. આ કક્ષાએ અમારું રાજકારણ ગયું છે. દેશ આખામાં ઊહાપોહ થયો. ટાઈમ્સ ઑફ ઇન્ડિયાએ પહેલે પાને અગ્રલેખ લખ્યો. 'Sack the Governer', 'ગવર્નરને પાણીચું પકડાવો.' ntr તેના ૧૬૫ ટેકેદારોને લઈને દિલ્હી ઊપડ્યો અને રાષ્ટ્રપતિ સામે તેમને ઊભા કર્યા. પાર્લમેન્ટમાં ચર્ચા થઈ. ઇન્દિરાએ તો ઠૂંઠું પકડી રાખ્યું. 'મને કંઈ ખબર નથી. ગવર્નરે પોતાની મરજીથી આ કર્યું છે.' પણ ઇન્દિરાની આ વાત દેશમાં કોઈએ સાચી માની નહિ.

લોકશાહીને બચાવવા માટે બધા જ ઇન્દિરા-વિરોધી પક્ષો એકઠા થયા અને આવતી કાલથી દેશવ્યાપી વિરોધ દિન ઊજવવાનું નક્કી કર્યું છે. ઇન્દિરાને થયું, લાગે છે કે બહુ જ કાચું કપાઈ ગયું છે અને આ વિરોધપક્ષો જો ભેગા થઈ જશે તો નવેમ્બરની ચૂંટણીમાં ભારે પડી જશે. અત્યારે સાંજના ૬-૦૦ વાગ્યાના સમાચારમાં જાણ્યું કે ગવર્નર રામલાલે રાજીનામું આપ્યું છે! ઇન્દિરાજી ઠેકાણે આવ્યાં ખરાં અને ૨૦૫ - ૩૯ એ ૧૪૮ થી વધુ કે ઓછા એ સાદું ગણિત રામલાલને સમજાવવામાં સફળ થયાં લાગે છે! □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૨૪]

કનુભાઈ જાની

ગયા અંકમાં આપણે જેમની વાત કરી તે હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ (૨૦-૧૧-૧૮૮૦થી ૩૧-૩-૧૯૫૦) આપણા ગુજરાતનું એક ન ભૂલવા જેવું મહામૂલું નરરત્ન હતા. વ્યવસાયે ડૉક્ટર 'સર્જન', ૨૬ વર્ષ સુધી અમદાવાદની નગરપાલિકાના સભ્ય; એક વાર એના પ્રમુખ પણ; 'કુમાર-ચંદ્રક' મેળવનાર લેખક ચરિત્રો, સ્મરણો, કલાચર્ચા, સાહિત્યચર્ચા, આનંદશંકર ધ્રુવ સ્મારકગ્રંથનું સંપાદન, તૉલ્સ્તૉય વગેરેની કથાઓનાં રૂપાન્તરો, એક નવલકથા વગેરેથી ભાતીગળ સાહિત્ય આપનાર. નિરભિમાની, નિખાલસ, પ્રેમાળ, દેશદાઝવાળા, ત્યાગી; ખાદીનું સફેદ ધોતિયું, ઝભ્ભો, ટોપી ને સાઈકલ! એમની પાસે મેઘાણી અંતર ખોલતા. મેઘાણી 'નિરાશાવાદી ને દુઃખી' હોવાની છાપ એમના પર પડી છે. પણ જેલમાં તો ખીલતા. કોઈ છૂટવાનું હોય ત્યારે 'શિવરાતનો મેળો' રચે કે એવો - સૌ જેમાં ભળી શકે એવો કાર્યક્રમ કરે. પોતે ૧૯૨૯માં સંપાદિત કરીને છાપવા આપી દીધેલ (છતાં જે ત્યારેય પુસ્તકરૂપે પ્રસિદ્ધ નહિ થયેલ) એ ગીતકથાઓમાંથી દુહાઓ માંડે. પોતે લખે છે:

'સાબરમતીની જેલમાં... જ્યારે કોઈનો છુટકારો થતો ત્યારે આગલી સાંજનો એક પહોર શિવરાતનો મેળો રચાતો. ગુજરાતના વીશેક કાવ્યરસિયા, સાહિત્યપ્રેમી ને સંસ્કારશીલ પુરુષો વચ્ચે કેટલીક ગીતકથાઓ મેં ગાઈ સંભળાવેલી. તેમાં શેણી-વીજાણંદનો કિસ્સો તો કયો જુવાન વિસરશે? કારાવાસના મારા રસગુરુ શ્રી મહાદેવ દેસાઈ અને ઉચ્ચ ઉર્દૂ તેમજ સંસ્કૃત રસ-સાહિત્યના મસ્ત અનુરાગી શ્રી દેવદાસ ગાંધી - બેએ પહેલી જ વાર સોરઠી ગીતકથાનું શ્રવણ કર્યું. શેણી-વીજાણંદે તો એમને ચકચૂર બનાવ્યા.' ('સોરઠી ગીતકથાઓ' પ્રથમ આવૃત્તિ, ૧૯૩૧; પ્રસ્તાવના, પૃ. ૧૭)



ને ડૉક્ટર હરિપ્રસાદ દેસાઈ છૂટ્યા ત્યારે તો ઔર રંગ જમાવ્યો :

'હું છૂટવાનો હતો ત્યારે માતાજીનાં નોરતાં કરેલાં અને જાગ ઘૂમવાનું રાખેલું, એમાં પણ મેઘાણીએ ઢોલીનો અને પછીથી માથે જાગ લઈને ઘૂમનાર સૌભાગ્યવતીનો વેશ લીધેલો. ભીમનાથમાં શંકર-ભીલડીનું નૃત્ય થતું તે પણ એમણે ત્યાં ભજવેલું.' ('સ્ત્રીજીવન,' જૂન ૧૯૪૭; પૃ. ૪૮૪)

ગાંધીની અસરવાળા લોક હજી રુક્ષ (સુક્કાં) અને સોગિયા નહોતા બન્યા ત્યારનું આ ચિત્ર. રણજિતરામ સુવર્ણચંદ્રકનો વિજેતા, લોકપ્રિય અને વિદ્વદ્પ્રિય એવો લેખક-સર્જક, સ્ત્રીનો વેશ લઈ, માથે મંડપે સાથે ઘૂમતો હોય - એ કલ્પનાથી મ્હાણવામાંય કેવી મજા આવે છે! ગંભીર બનીને જીવનના કોચલામાં સંકોડાઈ જાય એવો આ જણ નહોતો. જોકે, ઝીણી નજરે જોઈએ તો આ ગાળો, એના આંતર્પરિવર્તનનો કાળ હતો. આ દસ માસમાં મેઘાણીને જે વાંચવા-વિચારવા મળ્યું, જે સત્સંગ થયો, એ બધાંની અસર આંતર્ઘડતર પર પડી છે. પ્રેમનું મૂલ્ય વધ્યું છે. જેલમાં દમયન્તીબહેન મળવા આવવાનાં હોય, તેની ખબર મેઘાણીભાઈની હલચલ પરથી આપોઆપ સૌને થઈ જાય! બાગમાં ફૂલો વીણતા હોય, વેણી ગૂંથતા હોય, ખુશખુશાલ હોય. રામનારાયણ પાઠક જેવા ગંભીર વિદ્વાન વિવેચક, ન્હાનાલાલીય શૈલીમાં મેઘાણીનું શબ્દચિત્ર આપે છે. એ આખુંય કાવ્ય શેષ-મેઘાણીની મૈત્રીના અમર પુષ્પ જેવું પણ હોઈ, જેલજીવનનો અવિસ્મરણીય ઉપહાર છે. પ્રતિકાવ્ય તરીકે પણ અનુપમ. મૂળમાંથી કેટલાક અંશો જોઈએ :

'કોઈ કહેશો
યુવાન ક્યાં સિધાવતો હતો?
વર્ષના લાંબામાં લાંબા દિવસોનો
તે વિયોગલાંબો મધ્યાહ્ન હતો.
ખોવાયેલી વીજળીની શોધમાં
મેઘમંડળી છોડી જતા એકલ મેઘ સમો,
મેઘશ્યામ યુવાન જતો હતો.
હોજના અને નળના તાજા
એમ બબ્બે પાણીએ નાહ્યો છે.
બબ્બે વાર તેણે ગોદરેજનો સાબુ દીધો છે.
બબ્બે વાર તેણે હજામતનો હાથ ફેરવાવ્યો છે.
બબ્બે વાર તેણે આર્જિરોલ આંખે અંજાવ્યું છે.
બબ્બે કાંસકે તેણે વાળ ઓળ્યા છે.
અને ઓળતાં ઓળતાં
કાઠિયાવાડી કજ્જલશ્યામ કાનશિયામાં
પખવાડીએ પખવાડીએ એકેક વધતો,
સાતમો સફેદ વાળ ગણ્યો છે.

દેવે દીધેલ કોઈ પ્રતિભાશાળી કવિ,
જૂના લોકસાહિત્યની શૈલીમાં
નવીન અસહકારના ભાવ ગૂંથે તેમ
આધુનિક ચંપા અને અનામી અંગ્રેજી ફૂલો સાથે
તેણે પ્રાચીન શિરીષોને ગૂંથ્યાં છે.
ફૂલમાળા સંતાડી,
પ્રગલ્ભ પણ શરમાતો,
સુખી પણ દુઃખી,
આશાભર્યો પણ નિરાશ,
તે દીન પણ ઉત્સુક પગલે ચાલે છે.
નળને દમયન્તી માટે
જે ગમગીની થઈ નથી,
દુષ્યન્તને શકુન્તલા માટે
જે ઉત્સુક્તા થઈ નથી,
અર્જુનને દ્રૌપદી માટે
જે ચિંતા થઈ નથી,
તે ચિંતા, તે ઉત્સુક્તા, તે ગમગીની,
તેની આંખમાં ભરી હતી.
ગગનનો ગુંબજ ભેદી,
વીજળીનો ચમકારો થાય તેમ
તેના સહવાસીઓને પ્રશ્ન થયો,
કહેશો - કોઈ કહેશો
યુવાન ક્યાં સિધાવતો હતો?'

('શેષનાં કાવ્યો'માંથી)

પાઠકસાહેબ થોડા વહેલા છૂટ્યા. એટલે એમણે 'પ્રસ્થાન'માં 'જેલવિહાર' પરના એમના સ્વૈરવિહારમાં આ કાવ્ય પણ મૂક્યું. સૌને ગમ્યું. એમાં 'દમયન્તી' નામ પણ, સંદર્ભફેરે, મૂક્યું છે. મેઘાણીને પોતાને પણ ખૂબ ગમેલું.

એ પછી, મેઘાણી છૂટે તે પહેલાં, જેલમાં જ દેવદાસ ગાંધીએ (ઘણાઓએ બિન્દાસપણે લખ્યું છે તેમ મહાદેવભાઈ નહિ) જૂની 'રૉયલ રીડર'માંના મિસિસ લા કૉસ્ટેના 'Somebody's Darling' કાવ્ય તરફ ધ્યાન દોર્યું. (એમાં જ Bingen on the Rhine હતું; તે પરથી 'સૂના સમદરની પાળે' રચ્યું.) મેઘાણીભાઈએ 'સમબડીઝ ડાર્લિંગ'નું સર્જનાન્તર કર્યું 'કોઈનો લાડકવાયો' અને એ જેલબહાર સરકાવી, પાઠકસાહેબ સુધી પહોંચાડ્યું. એમણે એ 'Z' (ઝેડ) સંજ્ઞા મૂકીને પ્રકટ કર્યું. વાંચીને ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યાએ પત્ર લખ્યો કે ગુજરાતી વર્ણમાલામાંથી કોઈ અક્ષર ન જડ્યો તે અંગ્રેજી અક્ષર લીધો? મૂળ ને આ બન્ને સુંદર છે; પણ આ તદ્દન જુદું જ લાગે. સ્વતન્ત્ર. કવિની રૂપાન્તરકળાનો અદ્ભુત નમૂનો. મૂળ આઠ પંક્તિની એક એવી છ કડીઓનું, ૪૮ પંક્તિનું કાવ્ય છે, અહીં ૧૫ કડીઓ ને ૬૦ પંક્તિઓ. મૂળમાં એ સમાજને અનુરૂપ ચિત્ર છે, આ અહીંનાને. વાતાવરણ આખું ફરી જાય છે. મૂળના વસ્તુમાંથી રણાંગણેથી આવેલ એક શહીદનો મૃતદેહ - એટલો જ તંતુ રહે છે. સમરસેવિકા, માતની આઝાદી, સૌ ઘવાયેલાંના પ્રિયજનો આવ્યાં છે ત્યારે આનું જ કોઈ નહિ! ત્યાં હળવે પદ સંચરવું; ધૂપસળી ધરવી; કંકાવટીએ ઘોળવાં આંસુ; ચિતા પર હળવેકથી મૃતદેહ મૂકવો; ખાંભી ચણો ત્યાં લખવું : 'ખાખ પડી આંહી કોઈના લાડકવાયાની.' અહીં 'કોઈ' ને 'લાડકવાયો' બે બાબતો તરત ધ્યાન પર આવે એમ ચિત્રિત થઈ. મૂળ પ્રશસ્તિ છે, આ અંજલિ છે. મૂળ શૌર્યગીત છે, આ પ્રેમશૌર્યની કારુણિકા છે. જરાક ઈશારે મેઘાણીની સર્જકતાએ આગવું જ રૂપ લીધું. આમાં એમની પોતાની વિરહાનુભૂતિનાં કામણ કામ નહિ કરી ગયાં હોય? મેઘાણીનાં આવાં પ્રસંગકાવ્યો ને કેટલાંક કથાગીતો 'બૅલડ'નાં સ્વરૂપનાં છે. ગુજરાતીમાં પછી આવાં 'બૅલડ્ઝ' બીજા કોઈએ આપ્યાં નથી. આમાંની મેઘાણીની ફાવટની કે કલાકર્મની નોંધ આપણી વિવેચનાએ લીધી નથી! મેઘાણીએ જેલ દરમિયાન અન્ય કાવ્યો પણ રચ્યાં: 'સ્વતંત્રતાની મીઠાશ', 'વિદાય', 'શૌર્યવતીના વિલાપ', 'હાલરડું', 'આખરી સંદેશ', 'મૃત્યુનો ગરબો', 'એક જન્મતિથિ', 'સૂનાં સમદરની પાળે', 'કોઈનો લાડકવાયો', ને 'ફૂલમાળ'. ભગતસિંહની ફાંસીનો પ્રતિભાવ પાડતું એ છેલ્લું પણ જેલબહાર સરકાવાયેલું. ફાંસી અપાઈ એની વેદનાને વહેતું ભજન! આપણા કેટલાક મરશિયા પણ ભજનની લગોલગના હોય છે. અહીં પણ રુદન નથી, પ્રેરણા ને શ્રદ્ધા છે.

જેલના અવિસ્મરણી રૂપ પામેલા સંસ્કારમાં સંભારવી પડે પેલી 'બારી' ને એમની ખોલીની બાજુમાંના ફાંસીખાના-ફાંસીતુરંગ, એટલે એમના ચિત્તની કંકાવટી અનેકનાં આંસુઓથી સદાય ઘોળાયેલી જ રહેતી, ને મનોમન પેલા ફટકા-માર એ સહન કરતા! ક્યારેક એ કેદીઓની સહનશક્તિ વીરત્વની સીમાનીયે પારની લાગતી. ત્યારે પ્રશસ્તિ સંવાદ બનીને સ્મૃતિમાં કોતરાતી :

'ટાટ કપડેકી સઝા તુમકો!'
'ઔર કુછ?'
'ચુપ રહો! હાથબેડી ડાલો. લે જાવ ઇસકો.'
'ઔર કુછ?'
'ઐસા? પાંઉબેડી.'
'ઔર કુછ?'
'દો દિન કાંજી.'
'ઔર કુછ?'
'આડીબેડી.'
'ઔર કુછ?'
'લે જાવ યે બદમાશકો, કલ પચીસ ફટકા લગાઓ.' ('જે.બા.' પ્ર.૧૦.) કંપારીનો અનુભવ કરાવે એવા ત્રાસનું આવું ચિત્ર આપવું

(અનુસંધાન પૃ. ૪૩૬ ઉપર)



ફિલ્મનું અનુભાવન [૧૧]

હસમુખ બારાડી

ગતિ (Movement)

એ ચિત્ર ચલિત છે, જેના પરથી એ 'ચલચિત્ર' (Movie) કહેવાય છે.

પહેલી ફિલ્મો 'મૂંગી' (માત્ર ચિત્ર, ધ્વનિ-હીન) હતી. કૅમેરા અને પ્રોજેક્ટર હાથથી ચલાવાતાં; એ બન્નેની ગતિ એકસરખી ન રહે તો અવારનવાર પાત્રગતિ મંદ કે ઝડપી બની જતી; કૅમેરામાં ફિલ્મની પટ્ટી ચાલે ત્યાં સુધી દૃશ્યાંશ (shot) એના પર ઝિલાતો અને પ્રોજેક્ટરમાં એ દર્શાવાતો; અને પછી એમાં બીજી પટ્ટી નાખવામાં આવતી. મોટે ભાગે એ પટ્ટીમાં ઝિલાય એટલા સમયમાં કથા કે પ્રસંગ પૂરાં કરવાં પડતાં. પ્રથમ ફિલ્મ સર્જકો લૂમિયે-બંધુઓએ એટલે તો ટૂંકી એકબે મિનિટની ફિલ્મથી શરૂઆત કરી હતી. પરંતુ ફિલ્મની પટ્ટી વધુ લાંબી મળતી થઈ એ પછી પણ તેઓ, અને એના અનુગામી ફિલ્મ દિગ્દર્શકો, 'એક દૃશ્ય એક ફિલ્મ'ની મર્યાદામાં કામ કરતા હતા; જેમાં માત્ર પાત્ર જ ગતિ કરતું - અંગોઉપાંગની કે પાત્રની ડાબે-જમણે કે દૂર-નજીક સરવાની ગતિ, એટલે કે તખ્તા ઉપર થતી ગતિને એની સામે કૅમેરો મૂકીને ઝડપવામાં આવી હોય તે જ પ્રેક્ષકોને જોવા મળતું.

ત્યાર બાદ એક દૃશ્ય પૂરું થતાં બીજું દૃશ્ય (cutથી બીજું દૃશ્ય કે એક જ દૃશ્યના જુદા-જુદા ભાગો-દૃશ્યાંશો) જોડી શકાય એ સંકલન (editing) શરૂ થયું ત્યારથી ગતિ વિશેનો ખ્યાલ બદલાવા માંડ્યો. કૅમેરા અને પાત્રને જુદા જુદા અંતરે અને ઉપરનીચે કે ડાબે-જમણે અંશે રાખી ગતિનો વિશિષ્ટ ઉપયોગ થવા માંડ્યો.

પરંતુ સ્થિર તસ્વીરકલાના વારસામાંથી ચલિત તસ્વીરકલા હજી મુક્ત થઈ નહોતી. કૅમેરા હજી સ્થિર હતો. એની ત્રણ પાયાવાળી ઘોડી અને મંચ (Padestal) પર એ આસન જમાવી કલાકારો અને પત્રકારોને પોતાની સામે બોલાવતો અને એમને નચાવતો ફેરવતો. કદાચ કૅમેરાની એ શક્તિ નહોતી; વાસ્તવિક્તાને ઝીલવાની કે એનું કલાત્મક અર્થઘટન કરવાની એની શક્તિ તો ત્યારે જ પૂરી વિકસી જ્યારે પાત્ર-ગતિમાં જ માત્ર સંતોષ લેવાને બદલે એનો દિગ્દર્શક કૅમેરાની ઘોડીના ત્રણેય પાયાને પૈડાં પર મૂકી ડાબે-જમણે, આગળ-પાછળ એને ખેંચવા માંડ્યો; ક્રેઇન ઉપર ચડાવી એને નીચે-ઉપર ઝુલાવવા માંડ્યો; ઘોડી ઉપર બેસાડેલા કૅમેરાને પણ ડાબે-જમણે, ઉપરનીચે ઘુમાવવા માંડ્યો અને છેવટે એના લેન્સને આગળ-પાછળ કરી જુદા જુદા લેન્સકોણોથી દૃશ્ય ઝડપી પાત્રથી દૂર-નજીક આવતાં-જતાં હોવાનો અહેસાસ પ્રેક્ષકોને આપવા માંડ્યો.

પણ ત્યારે હજી કૅમેરા એટલો જ વજનદાર હતો. ધીમે ધીમે હળવો કૅમેરા, ૩૫ એમ.એમ.ને બદલે ૧૬ એમ.એમ.ની પહોળાઈની પટ્ટીનો અને એને અનુકૂળ વીજળીથી પટ્ટી સ્થિર ગતિએ કૅમેરા અને પ્રોજેક્ટરમાં ફરે એ યંત્રવિદ્યા વિકસી, ત્યારે દિગ્દર્શકે પહેલું કામ પોતાને કે કૅમેરામૅનને ખભે કૅમેરા મૂકી ચાલવા-દોડવાનું કર્યું. પરિણામે મોટા સ્ટૂડિઓમાં કૃત્રિમ બનાવેલા સેટ ઉપર કે જાહેર સ્થળોએ વિપુલ સરંજામો સાથે કામ કરવાને બદલે શેરીગલીઓમાં અને સામાન્ય લોકોના શયનખંડોમાં કૅમેરા ઘૂસી ગયો. વાસ્તવિક્તાનો નવો અર્થ ત્યારે દિગ્દર્શક અને પ્રેક્ષક પામ્યા. કારણ કે એ દ્વારા હાંસલ થયેલી ગતિ આ માધ્યમને સંપૂર્ણ મુક્તિ આપતી હતી.

અને પછી તો દિગ્દર્શકે કૅમેરાને પોતાની કમરે બાંધી બે હાથે એના લેન્સ અને ફોક્સને બદલાવા માંડ્યાં ત્યારે એ પાત્રની પાછળ (વસ્તુપરક) કે પાત્રની જેમ (આત્મપરક) સીડીઓ ચડવા-ઊતરવા માંડ્યો. વિમાનમાંથી કૂદવા માંડ્યો, કે સાગરપેટાળોમાં સરકવા માંડ્યો.

આજે આપણે કમ્પ્યૂટર, ટી.વી.ની વીજાણુ દૃશ્યમુદ્રણની ડિજિટલ પદ્ધતિ અને વર્ચ્યુઅલ રિઆલિટિ વગેરેથી તો સતત ગતિશીલ દૃશ્યો જોઈ રહ્યા છીએ. એમાં તો આ માધ્યમે 'ગતિ' હાંસલ કરવામાં જે ગતિ કરી છે એણે આડો આંક વાળી દીધો છે. જૂની ફિલ્મો જોતાં ગતિનો જે અભાવ, અને પરિણામે મંદ કથાપ્રસ્તુતિનો આપણને જે અનુભવ થાય છે એ તો એ યંત્રવિદ્યાને કારણે હતો. પરંતુ આ માધ્યમના કલાકાર અને વિજ્ઞાનીઓએ એને સતત વિકસાવવા મથ્યા કર્યું છે; કારણ કે ગયા આખા શતક દરમિયાન શરૂના એકાદ દાયકા પછીથી જ કથા, વર્ણન અને માનવ જીવનનાં ઊંડાણો દર્શાવવાની આ કલાને મનોરંજનના મહાઉદ્યોગનું સ્થાન મળતાં સાધન-સંપત્તિની કે પ્રયોગખોરીની કોઈ ઓછપ નડી નથી. એ માટે મથામણો અખૂટ કરવી પડી હોય એ સ્વાભાવિક છે; પરંતુ આ દૃશ્યશ્રાવ્ય કલાની વિભાવનાઓ વિકસાવતા કલાકારે એના યાંત્રિક અને યંત્રવિદ્યાકીય કસબને આગળ ધપાવવા વિજ્ઞાનીઓ ઉપર સતત દબાણ કર્યા કર્યું છે. એ જૂથકાર્યની સાર્થક સફળતા આજે સિનેમા થીએટરને રૂપેરી પડદે કે ટીવીની કાચની

ટ્યૂબે આપણે જોઈએ છીએ.


પ્રારંભમાં ફિલ્મ-માધ્યમના મહાન સર્જકો કૅમેરા સામેની પાત્રગતિને જ મહત્ત્વ આપતા, પરંતુ કૅમેરાને હલવા કે ફરવા દેવાનું ટાળતા. દલીલ એમની એવી હતી, કે કૅમેરા હલે તો પ્રેક્ષકોને એમ લાગે કે તેઓ સામેને પડદે કોઈના દ્વારા ઝડપેલું દૃશ્ય જોઈ રહ્યાં છે, તેથી તેઓને એ કૃત્રિમ લાગશે, કૅમેરાની હાજરી તેઓ અનુભવશે.

એક દૃશ્યને સ્થાને બીજું દૃશ્ય જુદા દૃષ્ટિકોણ (angle) થી (cut કરીને) જોડવામાં આવે ત્યારે થતું દૃશ્ય-પરિવર્તન પણ એક રીતે તો કૃત્રિમ જ છે; પરંતુ એ દૃશ્ય-પરિવર્તન જો સકારણ હોય અને એના કલાશાસ્ત્રીય નિયમો (જેના વિશે આપણે પછી વાત કરવાના છીએ તે) મુજબ હોય તો એ દૃશ્યપરિવર્તન સ્વાભાવિક જ માત્ર નહિ, પરંતુ પ્રેક્ષકોની એ દૃશ્યાંશ પૂરતી અપેક્ષા સંતોષતું પણ બને છે. કારણ કે પ્રસંગ પ્રમાણે પ્રેક્ષક એના સામાન્ય જીવનમાં પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ નજર ઠેરવતો હોય છે.

એ જ રીતે પ્રેક્ષક પોતાની આંખ ડાબે-જમણે, ઉપર-નીચે, દૂર-નજીક, નિહાળીને વાસ્તવિકતાનો ક્યાસ કાઢતો હોય છે. એ પણ જો કલાશાસ્ત્રીય નિયમો અને પ્રસંગને અનુરૂપ કારણોથી દર્શાવાયાં હોય તો વાસ્તવિકતાનો નવો અર્થ પામવામાં અચૂક સહાયક બને. અને એટલે તો શક્ય એટલી રીતે અને ઝડપે ગતિ હાંસલ કરવાની કોશિશ આ માધ્યમનો કલાકાર અને કસબી કરતો રહ્યો છે.

અલબત્ત, પરદા ઉપર ડાબે-જમણે ઉપરનીચે કે દૂર-નજીકની ગતિ નિહાળતો પ્રેક્ષક એ વખતે પાત્ર કે વસ્તુની દૂર-નજીક કે ડાબેજમણે સરતા હોવાનું અનુભવે ભલે, પણ ખરી રીતે તો પોતાના **આસનમાં એ સ્થિર હોય છે**, ત્યાં સુધી કે એ સ્થિર આંખે જ પાત્ર કે વસ્તુથી ડાબેજમણે, ઉપરનીચે કે આજુબાજુ નિહાળતો હોય છે. એટલે કે પ્રેક્ષક કોઈ જ પ્રકારની અંગ-ઉપાંગની ગતિ કર્યા વિના ગતિ **નિહાળે અને પછી અનુભવે** છે. પરંતુ ફિલ્મનો કલાકાર-કસબી ચતુરાઈપૂર્વક પાત્રપ્રસંગમાં પ્રેક્ષકને ગૂંચવી એને આસનમાંથી ઉઠાડી પડદા પરનાં જગ્યા અને જગતમાં વિચરતો કરી મૂકે છે, એ પણ ત્યાં સુધી કે એ દેખાતા/ સંભળાતાં ચિત્રો/ધ્વનિઓની કાલ્પનિક દુનિયાને જ 'વાસ્તવિક' અને 'સત્ય' માની બેસે!

પડદા ઉપર પાંચ પ્રકારની ગતિએ પ્રેક્ષકને અનુભવ થાય છે. (એક) પડદા ઉપર પાત્રની ડાબેજમણે, ઉપરનીચે, દૂરનજીક પૂરા અંગની ગતિ, કે સ્થિર પાત્રના હાથ પગ કે આંખ જેવા ઉપાંગોની ગતિ; (બે) ઘોડી પરની બેઠક ઉપરનીચે કરવાથી કૅમેરાની સ્થિતિમાં આવતો તફાવત અને ગતિ; (ત્રણ) ઘોડી પર બેસાડેલા કે કૅમેરામેનને ખભે રાખેલા સ્થિર કૅમેરાની ડાબે-જમણે, ઉપરનીચે ગતિ; (ચાર) ઘોડીના પાયાને પૈડાં મૂકી કે ક્રેન કે રેલવે જેવા પાટાઓ



પર મંચે ગોઠવેલા કે કૅમેરામૅનને ખભે પકડાયેલા કે પછી એની કમરે બાંધેલા કૅમેરાની પાત્રથી ડાબે-જમણે, ઉપરનીચે, દૂરનજીક અને પાસચોપાસ થતી ગતિ; (પાંચ) કૅમેરાનો લેન્સ હાથથી કે આપમેળે ફેરવી એના લેન્સ કોણથી દૂરનજીક આવતુંજતું લાગતું પાત્ર દર્શાવી અનુભવાતી ગતિ.

સ્થિર ફ્રેમમાં દેખાતા સ્થિર દૃશ્યમાંની પાત્રગતિ પ્રેક્ષકને સૌથી વધુ સ્વાભાવિક લાગે, પરંતુ ઘોડી ઉપર સ્થિર બેસાડેલા કૅમેરાને ઉપરનીચે કરવાથી (Padestal up-down) પ્રેક્ષક ઊભો થતો હોય કે બેસતો હોય એવું એને અનુભવાવી શકાય (આકૃતિ-૧). અલબત્ત, મોટે ભાગે ક્રેન ઉપર કે કૅમેરા-મૅનને ખભે રાખેલા કૅમેરાથી આવી ગતિ હાંસલ કરવામાં આવે છે.

આકૃતિ ૨ અને ૩માં સ્થિર બેઠક ઉપર એક જ ઊંચાઈએ રાખેલો કૅમેરા ઉપર-નીચે જઈ Tilt up- down થાય. અને ત્યાં જ ડાબે-જમણે ફેરવી pan right- left કરાય. પાત્ર, વૃક્ષ, મિનારો, કે થાંભલા જેવી ઊંચી વસ્તુને એ કેટલા ઊંચાં છે એ બતાવવા કૅમેરાને ઉપરથી નીચે ફેરવવામાં આવે છે. તેમ ઉપરનીચે જતાં પાત્રની સાથે કૅમેરાને આવી ઊંચી-નીચી ગતિ આપવામાં આવે છે, જેથી પ્રેક્ષક પાત્ર વગેરેની ઊંચાઈ અનુભવી શકે.

પેનોરામા મૂળ શબ્દના ટૂંકા રૂપે Pan right-leftમાં કૅમેરા ડાબે-જમણે ફરે છે, ત્યારે પ્રેક્ષક મોટે ભાગે એક ફ્રેમમાં ન સમાતા દૃશ્યની ડાબેજમણે આવેલો એનો વિસ્તાર નિહાળતો હોય છે - ગિરિમાળાઓ, ખેતરો, ખંડના બીજા ભાગો વગેરે. પાત્રની ડાબે-જમણે થતી ગતિને અનુસરવામાં પણ આ Panનો ઉપયોગ થાય છે. ઝડપી Panને સ્વિશ (swish) અથવા વ્હિપ (whip) કહેવાય છે. આ ગતિમાં ઝડપથી સરકતાં દૃશ્યો ક્યારેક અસ્પષ્ટ બને, કે એને ખાસ અર્થ આપવા અસ્પષ્ટ બનાવી પણ શકાય છે. અગાઉની ફિલ્મોમાં દૃશ્યપરિવર્તન માટે પણ એનો એવો ઉપયોગ થતો હતો.

આ Tilt અને Panની ગતિ પછી આવતી સ્થિર ફ્રેમ એ બિંદુએ અટકવી જોઈએ જે સાર્થક અને હેતુપૂર્વકની લાગે. ખરી રીતે આવી કે કોઈ પણ ગતિ માટે, એની આગળના કે પછીના દૃશ્યાંશ-(shot)નો ઉચિત ઉદ્દેશ આપવા પાત્રની ઉપરનીચે કે ડાબેજમણે ફરતી નજર જેવું કોઈ ને કોઈ કારણ દિગ્દર્શક આપતો હોય છે. કેટલાક દિગ્દર્શકો એની અવેજીમાં Tilt અને Panની આરંભ-અંતની સ્થિર ફ્રેમો કલાત્મક આકૃતિ લાગે એવી બનાવતા હોય છે. પાત્ર વિનાની દસ્તાવેજી ફિલ્મોમાં તો એનું ખૂબ મહત્ત્વ રહે.

Pandestal up-down કરતાં Tilt up-downનો દૃશ્ય અનુભવ જે લક્ષણે જુદો છે એ જ લક્ષણે Pan right left કરતાં પૈડાંવાળી ઘોડી પર રાખેલા કૅમેરાને ડાબેજમણે ખેંચવાથી (Truck right-left)થી જુદો પડે છે. (આકૃતિ ૪) કૅમેરામૅન ખભે કૅમેરા લઈને પણ ડાબેજમણે ચાલી શકે તેમ રેલવેના પાટા (Track) ઉપરના Padestalને પણ ડાબેજમણે ઘોડીસહિત આખા કૅમેરાને (અને કૅમેરામૅનને) Track right - left કરી શકાય; pan કરતાં આ Truck કે Trackમાં દૃશ્યના પરિપ્રેક્ષ્ય (Peru-pective)માં તફાવત પડે છે. પાત્રની સાથે ડાબે-જમણે જવામાં પણ આ કૅમેરાની ગતિનો ઉપયોગ થાય છે.

પાત્રની સાથે એ જ રીતે આગળ-પાછળ જવા માટેની ગતિને Truck કે dolly in-out કહે છે, એમાં પણ પૈડાં કે કૅમેરામૅનને ખભે રાખેલા કૅમેરાની પાત્ર સામે આગળ-પાછળ ગતિ કરવામાં આવે છે (આકૃતિ-૫)

Dolly અને Truckને સાથે કરવામાં આવતી પાત્ર કે દૃશ્ય સામેની વર્તુળાકાર ગતિ Arc right-left (આકૃતિ ૬) થાય. પાત્ર કે વસ્તુની પાછળનું દૃશ્ય બતાવવાનો એનો હેતુ હોય છે, જ્યારે સ્થિર કૅમેરાની ચોતરફ ગોળ ઘૂમતા પાત્ર કે પ્રાણીને સતત ફ્રેમમાં રાખી કૅમેરો ઘુમાવવામાં આવે, તો પાત્ર સાથે કૅમેરા Pan right-left થતો કહેવાય છે. આ બધી ગતિ ફિલ્મ કે ટીવીને પડદે પ્રેક્ષકો સતત નિહાળતા હોય છે. માત્ર એનો અર્થ પ્રેક્ષકો સુધી પહોંચે એ મહત્ત્વનું છે. માત્ર સનસનાટી કે દૃશ્યવૈવિધ્ય માટે એ વપરાય તો એ દુરુપયોગ ગણાય.

Dolly in-outમાં કૅમેરા પાત્ર કે વસ્તુની દૂરનજીક સરે એ જ અનુભવ પ્રેક્ષકને લેન્સના કોણપરિવર્તન(Zoom in-out)થી થાય. એમાં પણ પરિપ્રેક્ષ્યનો નિરાળો અનુભવ થતો હોય છે. ઝૂમ પણ ધીમો-ઝડપી કરાય, તો ક્યારેક વારેવારે ઝૂમ કરી એના આંચકાથી પ્રેક્ષકનું ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

આ બધી જ કૅમેરાગતિ એક સાથે કૅમેરા અને કૅમેરામૅનને ક્રેન પર ગોઠવી કરવામાં આવે છે. એમાં એકી સાથે કૅમેરા ઊંચે જતાં ડાબે સરકે, જમણે Pan થાય અને Zoom in કરે ત્યારે પાત્ર કણ કોઈક ગતિ કરતું હોય તો ક્રેન નીચે જતાં કૅમેરા ટિલ્ટ કરી જમણે ફરી Zoom out પણ કરે... અલબત્ત, આવી ઉદ્દેશહીન ગતિ દિગ્દર્શકના શિખાઉપણાને છતી કરે છે, તો આવશ્યક અર્થપૂર્ણ ગતિ પ્રેક્ષકને કલાત્મક અનુભવ કરાવી શકે.

સામાન્ય જીવનમાં પ્રેક્ષક આ બધી જ ગતિઓ કરતો હોય છે, ચોતરફ આંખ ફેરવી નિહાળતો હોય છે અને અમુક સંજોગોમાં પોતે મંદ કે ઝડપી ગતિએ પાત્ર કે વસ્તુથી નજીક કે દૂર જવા ઝંખતો હોય છે. શારીરિક અને માનસિક ગતિ માનવી માટે સાવ સ્વાભાવિક છે. એથી સ્થિર ચિત્ર ચલિત બન્યાં અને માનવીના અનુભવ/ઝંખના સાથે તાલ મિલાવતાં થયાં ત્યારે એની ગતિએ એક બાજુ પડદા પર કૃત્રિમ રીતે ફ્રેમ થયેલી વાસ્તવિક્તામાં પ્રેક્ષકનો વિશ્વાસ વધવા માંડ્યો, તો બીજી બાજુ પ્રત્યાયનકુશળ દિગ્દર્શક ગતિ દ્વારા જ પ્રેક્ષકના કલાત્મક અનુભવને સમૃદ્ધ કરવા માંડ્યો. **પરિણામે પ્રાકૃતિક હતું તે કલાત્મક બન્યું, અને જે કલાત્મક હતું તે પ્રતીતિજનક પ્રાકૃતિક બન્યું.** □

પ્રસંગપરાગ

નાટક દુનિયાનું દર્પણ રૂડું, ગુણદોષ જોવાનું



વાત છે જૂની રંગભૂમિના જમાનાની. ભાટિયા કોમના સ્વ. કવિનાટ્યકાર જામન (૧૮૮૮-૧૯૫૫)ની વિચાર-સરણી ક્રાન્તિકારી હતી. વૈષ્ણવ સંપ્રદાયનાં ગોંસાઈજી મહારાજોની ભાવિક સ્ત્રીઓ સાથેની લંપટ લીલાઓને ખુલ્લી પાડતું, અને પડકારતું 'સોનેરી જાળ' નામનું તેમણે એક નાટક લખેલું. તે જમાનાની જાણીતી 'રૉયલ' નાટક કંપની મુંબઈમાં આ નાટક ભજવતી. ભાટિયા કોમ વૈષ્ણવ સંપ્રદાયની અનુયાયી હતી. એ કોમના ભાટિયા શ્રેષ્ઠીઓ આ નાટક જોઈને સમસમી ગયા અને નાટક બંધ કરાવવા માટે 'રૉયલ' કંપનીના માલિક મહાભાઈને મળ્યા. અને 'શામ, દામ, ભેદ, દંડ'ની નીતિ અજમાવી આ નાટક નહિ ભજવવા તેમને સમજાવ્યા. મહાભાઈ કોઈ પણ પ્રલોભન કે ધાક-ધમકીને વશ થયા નહિ. અને 'નાટક છે તેમને તેમ જ ભજવાશે જ' એવો મક્કમ જવાબ આપી શ્રેષ્ઠીઓને વિદાય કર્યા. આ શ્રેષ્ઠીઓ નાટકના દિગ્દર્શક સ્વ. સોહરાબજી કાત્રકને મળ્યા અને નાટકનાં કેટલાંક દશ્યો અને સંવાદોમાં ફેરફાર કરવા સૂચવ્યું. સ્વ. કાત્રકે લેખક જામનભાઈની પરવાનગી વિના નાટકમાં લેશમાત્ર પણ ફેરફાર કરવાનો ઈન્કાર કર્યો... એટલે આ મહાજનમંડળ સ્વ. જામનભાઈ પાસે ગયું. નાટકમાં કાપકૂપ અને સંવાદોમાં ફેરફાર કરવા સૂચવ્યું. સ્વ. જામને આ સૂચનનો દૃઢતાપૂર્વક ઈન્કાર કર્યો. એટલે તેમને પણ પ્રલોભનો અને ધાકધમકી આપ્યાં. પણ સ્વ. જામને તો નાટકમાં લેશમાત્ર પણ ફેરફાર કરવાની ના ભણી. એટલે એક શ્રેષ્ઠી મહાશયે લાલ આંખ કરી કડક શબ્દોમાં સ્વ. જામનભાઈને કહ્યું, 'તો પછી અમારે છેલ્લું શસ્ત્ર અજમાવવું પડશે.' સ્વ. જામનભાઈએ પૂછ્યું, 'કયું શસ્ત્ર?' શ્રેષ્ઠીએ જવાબ આપ્યો, 'તમને ભાટિયા જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવાનું.' સ્વ. જામનભાઈએ પ્રગલ્ભતાપૂર્વક પણ પૂરી વિનમ્રતાથી જવાબ આપ્યો : 'શ્રેષ્ઠીઓ, માફ કરજો. તમે તો મને આજે જ્ઞાતિમાંથી બહિષ્કૃત કરવાની વાત કરી છે. પણ હું તો જ્ઞાતિને ક્યારનીય બહિષ્કૃત કરી ચૂક્યો છું.' આવી હતી જામનભાઈની ખુમારી. નાટક વિશેનો તેમનો આદર્શ તો હતો, લેખને મથાળે ટાંકેલી સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજીની ગીત પંક્તિ :

'નાટક દુનિયાનું દર્પણ રૂડું, ગુણદોષ જોવાનું.'

-ધનુભાઈ બી. મહેતા

લઘુકથા

ભૂખ

મુકુન્દ દે. ભટ્ટ

જીવીનો જીવ મૂંઝાતો હતો.

હજુ પણ તનસુખ મુકાદમના શબ્દો મનમાં તડાપીટ બોલાવતા હતા, 'એ...ય જીવલી, જો ઓણ સાલ જીવતા રે'વું હોય તો ડાહી થઈ દાડીએ આવજે... સરકારી કામ અને સરકારી દામ...'

જીવી પણ પરણીને પીળા હાથે આવી ત્યારથી આજ દિ સુધી ત્રિકમના તનને કોરી ખાતા કારમા ટી.બી.થી બચાવવા અને પંડ્યના પૂત્તર કાનાને ઉછેરવા તેણે ક્યાં રાતદિવસ એક નહોતાં કર્યાં ?? છતાં પણ ઉપરવાળો તેના સામું ક્યાં જોતો હતો??

આ...ખ્ખી રાત તેની અને ત્રિકમ વચ્ચે જીભાજોડી થતી રહી.

જીવી નામક્કર હતી. દાડીએ જવા જ્યારે ત્રિકમ કોઈ પણ પ્રકારે જીવીને...

જીવીના મન સમક્ષ પોતાના પિયરની અને પરણીને પોતાની સાથે જ આ ગામમાં આવેલી સહિયર પૂનમનો નરાધમો દ્વારા ચૂંથાયેલો લોહિયાળ દેહ તરવરતો હતો. વગવાળાઓએ વાયરે વાત વહેતી મૂકી હતી કે પાલખ પરથી પગ લપસતાં પડતાં વ્હેંત જ પ્રાણ નીકળી ગયા હતા. તનસુખે છૂટા હાથે નાણાં વેર્યાં અને પરિણામે પોલીસખાતાથી માંડીને પૂનમના સસરા પરસોતમના મોંએ દાટા દેવાઈ ગયેલા ! તેના ધણીએ પણ ધક્કા-ધુક્કી ઘણા ખાધા, પણ...

સવારના શાંત વાતાવરણને ત્રિકમની ત્રાડે છિન્નભિન્ન કરી નાખ્યું : 'અરે... એ મોઢામાં મગ ઓર્યા છે?? જવાબ દે...'

જીવીનો જીવ ચૂંથાતો હતો... તે ન બોલી.

જવાબ ન મળતાં, કાળઝાળ બનેલા ત્રિકમે ઢોરમાર મારી પોતાની દાઝ ઉતારી, માને મારમાંથી બચાવવા વચ્ચે પડેલા કાનાને પણ બે-ચાર અડબોથ પડી.

ઝૂંપડી છોડી ધૂંધવાતા મને ઝડપભેર જતો ત્રિકમ બોલ્યો... 'રાંડ...કોણ પેટનો ખાડો પૂરશે ??? તારો બા...પ ?? જો...આ અબઘડીએ કામે નથી ગઈ જાણી તો મોકલી દઈશ... તારી મા ગઈ...' ઊગતા પ્રભાતથી હિંગળોકશા બનેલા આકાશમાં જીવી અવાક્ બની ફાટી આંખે પોતાના ચૂંથાયેલા લોહિયાળ દેહને જોઈ રહી... □

(ધરતીનો છેડો ઘર)


સ્ટોરેજ

- હેમન્ત વાળા -

'સંઘર્યો સાપ પણ કામનો' પ્રકારના અભિગમવાળા આ સમાજના પ્રત્યેક આવાસમાં સ્ટોર-રૂમ મહત્ત્વનો બની રહે છે. અગાઉના એક લેખમાં જણાવ્યા પ્રમાણે આદિ આવાસ માત્ર એક સ્ટોરરૂમનો જ બનેલો હતો. માનવી જેમ જેમ સામાજિક બનતો ગયો તેમ તેમ તેની પાસે સંગ્રહ કરવાની ચીજ-વસ્તુઓ વધતી ગઈ. તેની સાચવણી તથા રક્ષણ માટે એક ઓરડો બનાવાયો. જે સ્ટોરરૂમ હતો. આદિ-આવાસની રચનાની આ શરૂઆત હતી. તે સમયે પણ માનવી પોતાની દિનચર્યા કુદરતના સાન્નિધ્યમાં જ કરતો. સમય જતાં વધુ સવલતભર્યું જીવન જીવવા, ગોપનીયતા મેળવવા, સમાજમાં પોતાનો મોભો મેળવવા તથા કુદરતનાં વિપરીત પરિબળો સામે રક્ષણ મેળવવા પોતાની જરૂરિયાત તથા આવા અન્ય ઓરડાઓ ઉમેરાતાં આવાસની રચનામાં સ્ટોરરૂમનું મહત્ત્વ ઘટતું ગયું અને એક સમય એવો આવ્યો કે આવાસમાંથી સ્ટોરરૂમ લુપ્ત થવા લાગ્યો, અને તેને બદલે દરેક ઓરડામાં સ્ટોર કરવાની સંગ્રહ કરવાની જગ્યાઓ નિર્માતી ગઈ; છતાં પણ જ્યાં અને જ્યારે સંજોગો અનુકૂળ રહ્યા ત્યાં અને ત્યારે સ્ટોર-રૂમ બનાવાતો રહ્યો.

દરેક વ્યક્તિની સંગ્રહ કરવાની રીત, સંગ્રહ કરવાની ચીજ-વસ્તુઓ તથા તેની માત્રા અલગ અલગ હોય છે. કેટલીક વ્યક્તિઓ આખા વરસનું કરિયાણું ભેગું કરે જ્યારે કેટલીક માત્ર મહિનાનું. ઘણાં કુટુંબો બે કે ત્રણ મહેમાનો માટે ઓઢવા-પાથરવાની વધારાની વ્યવસ્થા રાખે છે, જ્યારે કેટલાંક કુટુંબો પચ્ચીસ-ત્રીસ મહેમાનો હોય તો પણ ઓઢવા-પાથરવાનાં ગાદલાં-ચાદર ઉપરાંત વાસણો અને અન્ય ન ખૂટે તેટલી ચીજ-વસ્તુઓ સંઘરે છે. કેટલાંક ઘરોમાં છોકરાંના અભ્યાસક્રમ ઉપરાંતની માત્ર ચાર કે પાંચ ચોપડીઓ જ મળે છે, જ્યારે કેટલાંક ઘરોમાં હજારથી પણ વધુ ચોપડીઓ હોય છે. કેટલીક ગૃહિણીઓ ગેસના ચાલુ વપરાશના બાટલાથી જ સંતોષ માને, જ્યારે અન્યના ગેસના એકાધિક બાટલા જોવા મળતા હોય છે. વ્યક્તિ પોતાની પસંદ, આગવા સૂઝ તથા 'જરૂરિયાત'ના વ્યક્તિગત અર્ધજ્ઞાન મુજબ સંગ્રહ કરે છે, એટલું જ નહિ, પરંતુ વ્યક્તિ જરૂરી ઉપરાંત બિનજરૂરી ચીજ-વસ્તુઓ પણ સંઘરતી હોય છે, જેમ કે તૂટેલાં ડબલાં-ડૂબલી, કાચની નકામી બાટલીઓ, ફેંકી દેવા જેવા લાકડાના ટુકડા વગેરે. આ બધાંના સમાવેશ માટે સ્ટોરરૂમ અથવા સ્ટોરેજ યૂનિટ તો જોઈએ જ ને!

સંગ્રહ કરવાની રીતભાત અલગ અલગ હોય છે. સંગ્રહ કરેલી વસ્તુઓના સમાવેશ માટે કેટલીક વાર જુદો ઓરડો ફાળવાય છે તો




પારંપરિક ઘરોમાં વાસણોની સુશોભિત ગોઠવણી

ક્યારેક દરેક રૂમમાં નાના નાના સ્ટોરેજની સગવડ રખાતી હોય છે. સંગ્રહ કરેલી કેટલીક વસ્તુઓ ચોક્કસ સમયે જ ચોક્કસ ઉપયોગમાં આવતી હોય છે, જ્યારે કેટલીક વસ્તુઓ સામાન્ય ઉપયોગમાં આવે તેવી હોય છે. ઘણી વસ્તુઓનો સંગ્રહ થોડા સમયગાળા માટે કરાય છે, જ્યારે અમુક વસ્તુઓ લાંબા સમયગાળા માટે સંગ્રહાય કેટલીક ચીજ-વસ્તુઓ કાળે-ક્રમે ખલાસ થાય છે - વપરાઈ જાય છે, જ્યારે અન્ય કેટલીક વાપરવા છતાં ખલાસ થઈ જતી નથી. અમુક વસ્તુઓ ક્યારેક જ ઉપયોગમાં આવે તેમ હોય છે, જ્યારે અમુક વારંવાર ઉપયોગમાં લેવાતી હોય છે. આવી બધી જ સંગ્રહ કરાયેલી ચીજ-વસ્તુઓને તેની ઉપયોગિતા પ્રમાણે રખાય છે અને તે રીતે જ સંગ્રહ કરવાની વિવિધ તરકીબો પ્રયોજાતી રહી છે. સંગ્રહ કરવાની આવી જે તરકીબો પ્રયોજાતી રહી છે તેમાં વૉર્ડ-રોબ, વૉક-ઈન કબાટ, દીવાલને અડીને મૂકેલ કબાટ, મોટા રૂમને બે ભાગમાં વહેંચતા રૂમ-ડિવાઈડર, અભરાઈ, માળિયાં, ભોંયરુ, રાચ-રચીલાંનાં માળખાં તથા અગાસી કે છજા જેવી ખુલ્લી જગ્યાઓનો સમાવેશ થાય છે.

વૉર્ડ-રોબ એ બેડ-રૂમમાં બનાવાતું મુખ્યત્વે કપડાં તથા અન્ય

વ્યક્તિગત ચીજવસ્તુઓ રાખવાનું દીવાલને અડાડીને બનાવેલું કબાટ છે. તેની ઊંડાઈ ૨૧થી ૨૪ ઇંચ જેટલી અને ઊંચાઈ ૬ ફૂટથી ૭ ફૂટ જેટલી હોય છે. સ્ટીલનાં આવાં તૈયાર કબાટ પણ મળે છે. જેને સામાન્ય રીતે તિજોરી કહેવાય છે. બારણાં બંધ રખાતાં આવાં કબાટમાં જરૂરિયાત પ્રમાણે ગડી વાળેલાં કપડાં મૂકવા ડ્રૉઅર કે અભરાઈ, લટકતાં કપડાં રાખવા હૅંગરની જગ્યા તથા અન્ય શણગારની કે કીમતી ચીજ-વસ્તુઓ રાખવા અંદર બીજાં નાનાં બારણાંવાળાં ખાનાં હોય છે. વૉર્ડ-રોબનાં બારણાં પાછળ પણ નાની-નાની વસ્તુઓ મૂકી શકાય તેવી વ્યવસ્થા કરાતી હોય છે. સામાન્ય રીતે એક વ્યક્તિ માટે ૧૪થી ૨૦ ચોરસ ફૂટ જેટલા વૉર્ડ-રોબની જરૂર હોય. પશ્ચિમના દેશોમાં વૉર્ડ-રોબને બદલે વૉક-ઇન-કબાટ વધુ ઉપયોગમાં લેવાય છે. આવા કબાટનો ઉપયોગ વૉર્ડ-રોબ જેવો જ હોય છે, પણ તે કબાટની અંદર વ્યક્તિ જઈ શકે તેવી રચના કરાય છે. આમ થવાથી કબાટ વધુ જગ્યા રોકે તે સ્વાભાવિક છે પણ તેથી ઉપયોગમાં વૈવિધ્ય શક્ય બને છે. દરેક ઓરડામાં રાચરચીલાં માટેની તથા આવન-જાવનની જગ્યા નિર્ધારિત કર્યા પછી કેટલાંક સ્થાનો એવાં રહે છે કે જ્યાં નાનાં કબાટ મૂકી શકાય. સામાન્ય રીતે દીવાલને અડાડી મુકાતાં આવાં કબાટથી એક રીતે ખાલી જગ્યા ભરાય છે અને સાથે સાથે જે તે ઓરડાની ખાસ ચીજવસ્તુઓ પણ તેમાં સંગ્રહી શકાય છે. આ કબાટ ઘણી વાર નીચે ફર્શ પર ન ટેકવાતાં તેને દીવાલ પર પણ જડી દેવાય છે. રસોડાના પ્લૅટફૉર્મ નીચે બનતાં કબાટનો પણ આ પ્રકારમાં સમાવેશ થાય. વૉલ-યૂનિટ તરીકે ઓળખાતાં આવાં કબાટ જરૂરિયાત તથા પ્રાપ્ય જગ્યાનાં પ્રમાણમાપ પ્રમાણે બનાવી શકાય. તેવી જ રીતે ઓરડાને બે ભાગમાં વહેંચતા રૂમ-ડિવાઈડરનું પ્રમાણમાપ પણ જરૂરિયાત પ્રમાણે નક્કી કરી શકાય. રૂમ-ડિવાઈડરની રચનામાં સંગ્રહ માટે કરાતી અન્ય બધી જ રચનાઓ કરતાં વધુ વૈવિધ્ય શક્ય હોય છે. તે બન્ને તરફથી ઉપયોગમાં આવી શકે તેવું તો બનાવી જ શકાય



બેડ-રૂમનો વૉર્ડ-રોબ

છે, પરંતુ તે ઉપરાંત તેમાં અમુક ભાગ ખુલ્લો છોડી ઓરડાના બન્ને ભાગો વચ્ચે દૃશ્ય-સંપર્ક પણ જાળવી શકાય. વળી, તે રચનામાં મૂર્તિ કે ફૂલદાની જેવી સુશોભનની ચીજવસ્તુઓ પણ સાંકળી શકાય છે. જો કે સારું તો એ કહેવાય કે સમગ્ર રૂમ-ડિવાઈડરને જ નયન-રમ્ય બનાવવું. દીવાન તથા ભોજન-ખંડ વચ્ચે આવતાં આવા રૂમ-ડિવાઈડરમાં ટીવી-વીડિઓ, મ્યૂઝિકલ યૂનિટ સીંક જેવાં આધુનિક-ઉપકરણો પણ રખાય છે.

સંગ્રહ કરેલી વસ્તુઓ મૂકવાની પરંપરાગત રીત અભરાઈની છે. દીવાલને જડેલી અભરાઈથી ઓરડાનું પ્રમાણમાપ ઘટતું નથી અને જો અભરાઈની ઊંડાઈ ઓછી હોય તો સંગ્રહ કરેલી વસ્તુઓને બીજી વસ્તુઓ ખસેડ્યા વગર જોઈ શકાય અને લઈ પણ શકાય છે. સામાન્ય રીતે અભરાઈ માત્ર એક પાટિયામાંથી બનાવેલી ખુલ્લી હોય છે. અભરાઈનો એક વિશિષ્ટ પ્રકાર ઘોડો છે. તેમાં અભરાઈઓ એકબીજા પર આવેલી હોય છે. તે બધી દીવાલ પર ન ટેકવાતાં લોખંડ કે લાકડાના માળખા પર ટેકવાય છે આવા ઘોડાને બારણાં પણ બનાવી શકાય. દીવાલે જડેલી અભરાઈની સરખામણીમાં

બેઠકોની નીચે સ્ટોરેજની વ્યવસ્થા



ઓરડાને વિભક્ત કરતું ડિવાઈડર



આવા ઘોડાનો ફાયદો તે છે કે તેને ખસેડી શકાય છે. અભરાઈને વિવિધ ઊંચાઈએ ગોઠવી શકાય. ઓરડો વધુ નાનો ન લાગે તે માટે નાની અભરાઈઓને જ બારણાથી નીચેની - સાત ફૂટથી નીચેની - ઊંચાઈએ અને મોટી અભરાઈઓ બારણાની ઉપરના ભાગમાં રખાય છે. હાલમાં આવી બારણા પરની અભરાઈઓ કૉંક્રિટમાંથી જ બનાવી દેવાય છે. ઊંચે આવેલી અભરાઈના ઉપયોગમાં કેટલીક અડચણો રહેલી હોવા છતાં તેનો ક્યારેક વપરાતી ચીજવસ્તુઓ રાખવા માટે મહત્તમ ઉપયોગ થાય છે. બારણાની ઉપર આવેલી અભરાઈની ઊંડાઈ ત્રણ ફૂટથી વધે ત્યારે તે માળિયા તરીકે લેખાય. આવાસમાં ઓરડાઓની સામાન્ય ઊંચાઈ દશ ફૂટ જેટલી જ રહેતી હોવાથી માળિયાની ઊંચાઈ અઢી ફૂટ જેટલી જ મળતી હોય છે. પરિણામે માળિયામાં હંમેશાં બેસીને જ જવું પડે. વળી, માળિયાની ઊંડાઈ પણ વધારે હોવાથી પાછળ મૂકેલી વસ્તુઓ લેવા ઘણી વાર આગળ મૂકેલી ચીજ-વસ્તુઓ પણ ઉતારવી પડે. હવે તો માળિયાં તેની સમગ્ર લંબાઈમાં ખુલ્લા ન રાખી તેમાં માત્ર ત્રણ ફૂટની પહોળાઈનું દ્વાર જ રખાય છે, જેને કારણે માળિયામાં પ્રવેશમાં અડચણ અને ઉપયોગમાં મર્યાદા આવે છે. વળી, સફાઈ તથા હવા-ઉજાસના પ્રશ્નો તો ખરા જ. તે છતાં ભાગ્યે જ ઉપયોગમાં લેવાતી તથા નાખી નહિ દેતાં સંગ્રહી રાખેલી ચીજ-વસ્તુઓ રાખવા માળિયાનો મહત્તમ ઉપયોગ થાય છે. ઘણી વાર આવી જરૂરી વસ્તુઓ જે વરસાદ-તાપથી ખરાબ થાય તેવી ન હોય તેને અગાસી કે બારી-બારણાંના છજા પર પણ મૂકી રખાય છે.

સંગ્રહ કરેલી ચીજ-વસ્તુઓને વિવિધ પ્રકારમાં વર્ગીકૃત કરી સ્ટોર-રૂમમાં પણ રાખી શકાય. આવો સ્ટોરરૂમ ભોંયતળિયે અને/અથવા ભોંયરામાં હોઈ શકે. સામાન્ય રીતે આ રૂમમાં સામાન્ય ઉપયોગની, ઓછી ઉપયોગની કે કોક વાર ઉપયોગમાં લેવાતી વસ્તુઓ અભરાઈ, ઘોડા કે માળિયાં બનાવીને રખાય છે. દરેક ઓરડામાંથી સ્ટોર-રૂમમાં વારંવાર જવું-આવવું સહેલું ન બનતું હોવાથી દરેક ઓરડામાં જરૂરિયાત પ્રમાણેની ચીજ-વસ્તુઓ રાખવી તો પડે જ અને તેથી સાંપ્રત વિચારસરણી પ્રમાણે દરેક ઓરડામાં જ સ્ટોરેજની વિસ્તૃત સગવડ હોય તે હિતાવહ ગણાય છે. આ માટે જો જગ્યાની ખેંચ હોય તો પેટીપલંગની જેમ રાચરચીલાના માળખામાં પણ સ્ટોરેજની ગોઠવણ કરી શકાય.

સંગ્રહ કરેલી વસ્તુઓ યોગ્ય સમયે હાથ લાગે તે જરૂરી છે. આ માટે તે વસ્તુ દેખાવી જોઈએ અને બીજી વસ્તુઓને ખસેડ્યા વગર તેને લઈ શકાવી જોઈએ. આ માટે ડ્રૉઅરની રચના યોગ્ય ગણાય છે. ડ્રૉઅર ખોલવાથી તેમાં રહેલી બધી જ વસ્તુઓ દેખાય છે અને લઈ પણ શકાય છે. પરંતુ તે માટે ડ્રૉઅરની ઊંડાઈ સંગ્રહ કરેલી વસ્તુઓને અનુરૂપ જોઈએ. ડ્રૉઅર આખું બહાર કાઢી સફાઈ પણ કરી શકાય છે. ડ્રૉઅરની સરખામણીમાં અભરાઈની ઉપયોગિતા ઓછી રહે છે, પરંતુ તેની સામે તેની કિંમત પણ ઘણી ઓછી થાય છે. અભરાઈની ઊંડાઈ જેમ જેમ વધતી જાય તેમ તેમ તેની ઉપયોગિતામાં અડચણો વધતી જાય. ઉપયોગિતામાં સૌથી વધુ સગવડ ઊંડા કબાટ તથા પેટી-પ્રકારના સ્ટોરેજમાં અનુભવાય છે. ઊંડા કબાટમાં પાછળ રાખેલી વસ્તુઓ લેવામાં અગવડ રહે છે, જ્યારે પેટી-પ્રકારના સ્ટોરેજમાં પણ વસ્તુઓ એકબીજા પર ખડકાતી હોવાથી તેનો ઉપયોગ પણ અગવડભર્યો જ બને છે.

સ્ટોરેજની રચનામાં સંગ્રહાયેલી વસ્તુઓ ને જોઈ શકાય અને સહેલાઈથી લઈ શકી તે બાબત અગત્યની બને છે. વળી, ચીજવસ્તુનું વજન પણ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. સામાન્ય રીતે વજનદાર વસ્તુઓનો સંગ્રહ નીચે કરાય છે અને હલકી વસ્તુઓ ઉપર રખાય છે. તેવી જ રીતે મોટી વસ્તુઓ નીચે અને નાની વસ્તુઓને ઉપર રાખવાની પ્રથા પણ યોગ્ય છે. વળી, ઢોળાઈ જાય કે ફૂટી જાય તેવાં પદાર્થ અને વસ્તુઓ આવનજાવનના માર્ગથી દૂર સ્ટોર કરવાં જોઈએ. ઘણી વાર કેટલાંક ઉપકરણોને કે ચીજ-વસ્તુઓને તેના રખાયેલા સ્થાને જ ઉપયોગમાં લેવાય છે. સંગ્રહ કરેલી ચીજ-વસ્તુઓ મૂકવા લાકડા કે લોખંડના ઘોડા બનાવી શકાય. વળી, લાકડા કે પથ્થરની અભરાઈઓ પણ મૂકી શકાય. સ્ટોરેજના ઢાંકણ માટે પ્લાસ્ટિકના, એલ્યુમિનિયમ કે લાકડાનાં માળખાંમાં કાચ, કે લાકડાનાં પાટિયાં કે પતરાં જડી બારણાં બનાવી શકાય. જો કે આવી કોઈ પણ સામગ્રીની પસંદગી વખતે તેની મજબૂતાઈ તથા તેની સાફ-સૂફીમાં સરળતા વિશે વિચારી લેવું પડે.

પરંપરાગત આવાસોમાં સંગ્રહાયેલી ચીજ-વસ્તુઓને સુશોભનની ચીજવસ્તુઓ તરીકે પણ લેવાય. જૂના આવાસોમાં અભરાઈ પર મૂકેલાં પિત્તળનાં ચકચકિત વાસણો એક સુંદર દૃશ્ય-અનુભૂતિ કરાવતાં. હાલના સમયમાં સંગ્રહ કરાયેલી વસ્તુઓને ઢાંકીને - બંધ - રાખવાનો અભિગમ પ્રચલિત છે. સમય, શક્તિ, ઉત્સાહ તથા ધગશના અભાવે સ્ટોરને આવાસનો અણમાનીતો છોકરો બનાવી દીધો છે. પરિણામે સ્ટોરેજ કરવાની રીતભાતનું સ્વરૂપ બદલાયું છે અને બદલાતું રહે છે. સંગ્રહ કરવાની ચીજ-વસ્તુઓમાં મોટા ફેરફારો આવ્યા છે અને ભવિષ્યમાં આવતા રહેશે. જ્યાં એક સમયે આવાસમાં ચોપડીઓ સંગ્રહાતી ત્યાં હવે કોમ્પ્યૂટરની ફ્લૉપિ સંગ્રહાશે, દાળ-ચોખાને બદલે તૈયાર ફૂડ-પૅક રખાશે. પિત્તળના ગ્લાસ તો અદૃશ્ય જ થઈ ગયા છે, પણ સ્ટીલ અને કાચના ગ્લાસની જગ્યા ડિસ્પોઝેબલ ગ્લાસ લેશે. આવી ડિસ્પોઝેબલ વસ્તુઓનો વપરાશ વધતાં સ્ટોરેજ તો મોટો થશે જ પણ સાથે સાથે કચરાપેટી પણ મોટી થતી જશે ! □

અશોક હર્ષ

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય વિપ્લવમાં ગોંડવાના વિસ્તારમાં દશેરાના દિવસથી વિપ્લવનો આરંભ કરનાર રાજા શંકર સાહી તથા તેમના પુત્ર રઘુનાથને તોપોના ગોળાએ ઉડાવી દીધેલા, પણ તેમના વિપ્લવની એ યોજનામાં રામગઢની રાણી અવન્તીબાઈ પણ સામેલ હતી. ગોંડવાના સમગ્ર વિસ્તારમાં વિપ્લવની આગ ફરી વળી હતી જેનો મુખ્ય મોરચો અવન્તીબાઈ સંભાળીને શંકર સાહીની હત્યાનો બંદલો લેવા માગતી હતી.

મંડલાથી એક માઈલ દૂર આવેલા ખૈફા ગામથી અવન્તીબાઈએ કૂચ શરૂ કરી. સેનાપતિ વેડિંગ્ટનની સરદારી નીચે અંગ્રેજ સેનાનો ભેટો થયો, પરંતુ અવન્તીબાઈનો યુદ્ધવ્યૂહ કામયાબ રહેતાં વેડિંગ્ટનના જબલપુર ભણી નાઠો. નાસતા વેડિંગ્ટનનો પીછો પકડી અવન્તીબાઈએ તેના ઘોડા પર તલવારનો એવો તો પ્રહાર કર્યો કે ઘોડાના બે ટુકડા થઈ ગયા અને વેડિંગ્ટન જીવતો ઝડપાઈ ગયો. તેણે રાણી પાસે પોતાને જીવતદાન આપવાનાં કાલાંવાલાં કરતાં ભારતીય ઈતિહાસમાં જે ભૂલ થતી આવી છે એ જ ભૂલ અવન્તીબાઈએ કરી તેને જીવતો જવા દીધો.

રાણી અવન્તીબાઈના પતિનું નામ વિક્રમાદિત્ય. પતિની બીમાર તબિયતના કારણે રાજ્યનો વહીવટ સંભાળી લઈ પ્રજાનો પૂરો પ્રેમ મેળવ્યો હતો. રાજાના મૃત્યુ પછી રાણીએ જેને જીવતદાન આપેલું એ વેડિંગ્ટન જ નવી લશ્કરી કુમક મેળવીને આવી પહોંચ્યો હતો. રાણી પરિસ્થિતિ સમજી દેવહારગઢના પહાડી વિસ્તાર ભણી ઊપડી ગઈ. વેડિંગ્ટને રામગઢને સળગાવી દઈને પછી દેવહારગઢના પહાડી વિસ્તારને ઘેરી લીધો. રાણીએ પોતાના રહ્યાસહ્યા સૈનિકો સાથે સામનો ચાલુ રાખ્યો, પણ જ્યારે લાગ્યું કે પોતે હવે દુશ્મન સામે વધુ સમય ટકી શકે એમ નથી, ત્યારે જીવતે અંગ્રેજોને હાથ પડવા કરતાં આ વીર ક્ષત્રિયાણીએ જાતે જ પોતાની તલવાર વડે પોતાનો શિરચ્છેદ કરી નાખ્યો. એ દિવસ હતો ઈ. ૧૮૫૮ના માર્ચની ૨૦મીનો.

*

ભારત પરની બ્રિટિશ હકૂમતે ૧૮૫૭નો સ્વાતંત્ર્ય વિપ્લવ કચડી કાઢ્યા પછી દમનનો એવો દોર શરૂ કરેલો કે ભારતીયો ફરી તેની સામે માથું ઊંચકવાની હિંમત ન કરે. પકડાયેલા અને શકમંદ વિપ્લવીઓને વૃક્ષો પર જાહેરમાં ફાંસીએ લટકાવવામાં આવતા અને લોકોની મેદની તે જોવા એકઠી મળતી.

આવી રીતે કાનપુર જિલ્લા જેલની બહારના ઝાડ પર બે લાશો લટકાવવામાં આવેલી. એમાંની એક લાશ હતી નારગોરના સ્વાતંત્ર્ય-સેનાની રાજા દરિયાવચંદની; જ્યારે બીજી હતી તેમના સેનાપતિ ફકીરશાહની. એકઠી મળેલી લોકમેદનીમાં એક જુવાન હતો જેનું હૃદય સ્વાતંત્ર્યસંગ્રામના એ બે શહીદો પ્રત્યે શ્રદ્ધા, સ્નેહ અને આત્મીયતાથી પ્લાવિત થઈ ઊઠ્યું. એ જુવાન હતો બીજો કોઈ નહિ પણ શહીદ ફકીરશાહનો પુત્ર દરાબશાહ.

આ પછી એ જુવાન દરરોજ ફકીરશાહની કબ્ર પર ધૂપદીવો કરી મનોમન કંઈક સંકલ્પ કરતો રહેતો. થોડા સમયમાં જ તેણે પોતાના જેવા સ્વાતંત્ર્યપ્રિય જુવાનોની ટુકડી ઊભી કરી ઇટાવા, કાનપુર અને ફર્રૂખાબાદનો વિસ્તાર ધમરોળવા માંડ્યો. ઇટાવાથી ફર્રૂખાબાદ જઈ રહેલા સરકારી ખજાના પર ત્રાટકીને તે કબજે કર્યો, અને તેની સાથેના ચોકીદારોના અરધા ચહેરા પર ચૂનો અને અરધા ચહેરા પર મેશ ચોપડી તેમને વિદાય કરતાં કહ્યું, 'તમે અમારા દેશભાઈઓ છો અને પેટને ખાતર અંગ્રેજોની નોકરી કરો છો એટલે તમને જવા દઈએ છીએ, પરંતુ જઈને તમારા માલિકોને કહી દેજો ને કોઈ પણ ગોરો અમારે હાથ ચડ્યો તો તે અમારી બંદૂકનું નિશાન બન્યા વિના નહિ રહે.'

ત્યાર પછી તો રોજે રોજ ક્યાંક સરકારી કચેરીઓ લૂંટાયાના અને અંગ્રેજ અધિકારીઓની હત્યાના સમાચાર આવતા રહેતાં વિદેશી સરકાર ચોંકી ઊઠી. એક વાર કાનપુર અને દેરડીની સરહદ પર દરાબશાહ અને તેની ટુકડી ભઠ્ઠા પર તળાતી ખારી પૂરીઓની મોજ માણી રહી હતી. કેટલીક વાર સામેથી સરકારી ફોજી ટુકડી આવતી દેખાતાં સૌ પોબારા ગણી ગયા. દુશ્મનોને મળી માત્ર ભઠ્ઠામાંની ગરમ રાખ તથા નજીકથી એક ચિઠ્ઠી, જેમાં લખ્યું હતું. 'જાનની ખેરિયત ઇચ્છતા હો તો આ ભઠ્ઠાની રાખ મોંએ ચોપડી ચૂપચાપ પાછા વળી જાઓ.'

દરાબશાહનું મૂળ વતન ફર્રૂખાબાદ જિલ્લાનું પીરપુર ગામ. તેની દીકરીનાં લગ્ન હોઈ સરકારી અફસરોને લાગ્યું કે, દરાબશાહ તેના લગ્નમાં આવ્યા વિના નહિ રહે. દરાબશાહના ઘર પાસે ઊભેલો ગોરો અફસર આગંતુક એકેક વ્યક્તિનું બારીકીથી નિરીક્ષણ કરતો રહ્યો. પણ પરદાનશીન ઓરત તરીકે એવી અન્ય ઓરતોમાં ભળી જાઈ દરાબશાહ પેસી ગયો.

ઘરમાં પ્રવેશી દરાબશાહે પડદો દૂર કરી પુત્રીનું મસ્તક સૂંઘી આંખો બંધ કરી તેને ખૂબ ખૂબ દુઆઓ આપી. બાદ ઝડપભેર છત પર ચડી જઈ ગર્જના કરી : 'આ આવી પહોંચ્યો છે દરાબ. આવી જાય જેની માએ શેર સૂંઠ ખાધી હોય તે!'

'ફાયર!' તરત ગોરા અફસરે હુકમ છોડ્યો. પરંતુ તેની ટુકડીમાંના કોઈની ગોળી છૂટે તે પહેલાં તો દરાબશાહની ગોળીએ એ મોટા અફસરને વીંધી નાખ્યો અને તે એક ચીસ સાથે ત્યાં જ ઢળી પડ્યો. (અનુસંધાન પૃ. ૪૩૬ ઉપર)

ધારાવાહી રહસ્યકથા

કબ્રસ્તાનનો ભેદ

મૂ.લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

દસેક વાર હચમચાવ્યા પછી પણ જો લાલમોહનબાબુ ભાનમાં ન આવત તો ખરેખર મુશ્કેલી થાત, કારણ આવી સ્થિતિમાં હું પહેલાં ક્યારેય મુકાયો નહોતો. એ સજ્જન પોતાના શરીર પરથી ધૂળ-માટી ખંખેરી બોલ્યા : 'સાહિત્યિકોમાં, સહેલાઈથી બેહોશ થવાની ટેન્ડેન્સી સત્ય છે, ખાસ કરીને ડર લાગે તો. કેમ કે, એમની કલ્પના-શક્તિ સાધારણ લોકો કરતાં ઘણી વધારે ધારદાર હોય છે. તારા મોટાભાઈ જે કુસંસ્કારની વાત કરતા હતા એ બિલકુલ ખોટી છે. મારામાં એ બધું મુદ્દલે નથી.'

અમે જો કે પછી એક પણ મિનિટ બગાડ્યા વિના સીધા ફેલુદા પાસે ચાલ્યા ગયા. એનું કામ પતી ગયું હતું, ન પત્યું હોત તો પણ આ ખબર સાંભળીને એ બધું જ કામ છોડીને કબ્રસ્તાનમાં ચાલ્યો આવત એની મને ખબર હતી. ગોડવીનની કબર જોઈને જમીનની નીચેથી ડોકિયું કરતા લગભગ દોઢસો વર્ષ પુરાણા મડદાની ખોપરી જોઈને અને ચારેકોર સરખી રીતે તપાસ કરતાં કબરથી દસેક હાથ દૂર પડેલી એક કોદાળી સિવાય ફેલુદાને કશું જ ન મળ્યું.

આ વખતે જો કે દરવાન મળ્યો. એ કહે, એ એના ભત્રીજાની પાનની દુકાન છે. પાસે જ લોઅર સર્ક્યુલર રોડના નાકા પર. એ ત્યાં એક જરૂરી વાત કરવા ગયો હતો. એને કબર ખોદવાના બનાવની વાત મુદ્દલે ખબર નથી. એ માનતો હતો કે એ બનાવ આગલી રાતે બન્યો હશે, અને જેણે ખબર ખોદી હશે તેઓ દીવાલ ટપીને આવ્યા હશે. ફેલુદાએ દરવાનની મદદથી પંદર મિનિટમાં માટી અને ઝાડનાં પાંદડાંથી ખાડો, લગભગ પૂરી દીધો. જતી વખતે દરવાનને કહેતો ગયો કે, આ બનાવની વાત એ કોઈને ન કરે.

કબ્રસ્તાનમાંથી અમે સીધા રિપન લેન ચાલ્યા ગયા. ચૌદ બાય એક ફૂટનો દાદર ચડતાં અમને જરાક અગવડ પડી. એક જણ દાદર પરથી ઊતરતા હતા. એમના હાથમાં એક લાંબો ચામડાનો કેસ હતો. ગિટારનો કેસ. પચીસેક વર્ષનો એક યુવાન માણસ. આવી જાતનો ચહેરો, અને દેખાવ ગમે તે સમયે, ખાસ કરીને સાંજેકના, પાર્ક સ્ટ્રીટમાં જાઓ તો નજરે પડે, તેથી વર્ણન કરવાની જરૂર નથી. ક્રિસ ગોડવીન અત્યારે જે નીકળ્યો છે, એ લાગે છે રાતના પાછો આવશે, બ્લુ-ફોક્સમાં વાજાં વગાડવાનું પૂરું થયે.

પહેલો માળો, આજે હવે કાલની જેમ નિસ્તબ્ધ નહોતો; બેઠકખંડમાં બૂમાબૂમ ચાલતી હતી. એક અવાજ અમારો જાણીતો હતો, બીજો લાગે છે બીજે માળના સાહેબનો હતો. પહેલો અવાજ કટુ ભાષામાં ધમકાવતો હતો, અને બીજો અવાજ રાંકડા સ્વરે દોષ કબૂલ કરતો હતો. 'કાસ્કેટ' શબ્દ બંને જણા વારંવાર વાપરતા હતા.

ફેલુદાએ બારામદામાં જઈને બારણે ટકોરા માર્યા, સાથે સાથે વિસ્ફોરણની જેમ સંભળાયું : 'કૌન હૈ!' અમે ત્રણે જણાએ ઊંબરો વટાવ્યો. અજાણ્યા સજ્જનનો શરીરનો રંગ પીળો હતો. આખા શરીર પર તલ જેવાં કાળાં ટપકાં, માથા પર ટાલ, બંને દાંત સોનાના હતા. ઉંમર હશે સાઠ-પાંસઠ વર્ષ. એ શ્રીમાન અમારી તરફ પીઠ કરી ઊભા હતા. ફેલુદા એની બાજુમાં થઈને આગળ વધ્યો અને હાથનું બૉક્સ, પેકેટ ખોલી સોફા પર બેઠેલા મિસ્ટર ગોડવીનની તરફ લંબાવ્યું.

'આ કાલે લઈ જવાની લાલચ હું રોકી શક્યો નહિ, મારી રિસર્ચમાં એ ખૂબ મદદગાર નીવડશે એમ માનીને.' ગોડવીનને બૉક્સ મળતાં, એક પળ તો હતવાક્ બની ગયા, એ પછી ખડખડાટ હસી પડ્યા.

'સો યૂ ફૂલ્ડ ધેમ. યૂ ફૂલ્ડ ધેમ! ધોઝ ફૂલ્સ! ધુતારા, ઠગ, લુચ્ચા, બનાવટખોર!' આ ફેરે હતો કેવળ ગુસ્સો અને વિદ્રૂપ અને એ બધું પેલા બીજા માણસને સંબોધીને હતું. 'ટૉમસ ગોડવીનનો પ્રેતાત્મા લઈ ગયો છે એનો બૉક્સ! આ શું ટૉમસ ગોડવીનના પ્રેતાત્મા છે! ધિસ જેન્ટલમેન! તમને શું લાગે છે! આ જે, આ જ છે મિસ્ટર એરકિસ, મારા બીજા માળના પાડોશી, જેના ટેબલનો ખડખડાટ, ધડધડાટ મારી દરેક ગુરુવારની સાંજને ધૂળમાં મેળવી દે છે.'

મિસ્ટર એરકિસ બુદ્ધની જેમ બૉક્સ ભણી અત્યાર સુધી તાકી રહ્યા હતા; એ પછી એમની નજર ગઈ ફેલુદા ભણી. એ પછી ફરી બુદ્ધની જેમ નજર ફેરવી દરવાજા ભણી આગળ વધવા જતા હતા કે એમને અટકી જવું પડ્યું. ફેલુદા એમનું નામ લઈને બોલાવતો હતો : 'મિસ્ટર એરકિસ.'

એ સજ્જને ફેલુદા ભણી જોયું. ફેલુદાએ ધીરેથી કહ્યું, 'આ બૉક્સની એક વસ્તુ લાગે છે તમારી પાસે રહી ગઈ છે.'

'સર્ટનલી નોટ!' એરકિસ ગર્જી ઊઠ્યા. 'અને એ તમે શી રીતે જાણ્યું! માર્ક્સ, તું બૉક્સ ખોલી જોઈ લે તો, કોઈ વસ્તુ ઓછી છે કે નહિ.'

આટલી વાર પછી મિસ્ટર ગોડવીનનું નામ ખબર પડી અને

એ સાથે આર્કિસ-માર્કિસના રહસ્યનું સમાધાન થયું.

માર્ક્સ ગોડવીને બૉક્સ ખોલ્યો અને અંદર હાથથી ફંફોળી જરાક અચકાતાં કહ્યું : 'કેમ, મિસ્ટર મિટર, આમાં તો બધી જ વસ્તુ હોય એવું લાગે છે.'

'પેલી છીંકણીની ડબ્બી એક વાર બહાર કાઢો તો, જેનું વર્ણન શાર્લોટ ગોડવીને એની ડાયરીમાં આપ્યું છે. એમાં કહે છે, એના પર પન્ના, માણેક અને નીલમ જડેલાં હતાં.'

મિસ્ટર ગોડવીને ડબ્બી બહાર કાઢી ફેરવી ફેરવીને જોવા માંડ્યા.

ફેલુદા બોલ્યો : 'કેમ હવે સમજાયું કે આ એક સસ્તી નવી ડબ્બી છે. અને એને કાળો રંગ કરી જૂની બનાવવાનો પ્રયત્ન કર્યો છે, મિ. એરકિસે!'

પાંચ મિનિટમાં ઉપર જઈને મિસ્ટર એરકિસે અસલ છીંકણીની ડબ્બી લાવી આપી, અને મિસ્ટર ગોડવીને એમને ઈશ્વરની દુહાઈ દઈ મોંએથી કહેવડાવ્યું કે, આવતા ગુરુવારે જો ફરી ટેબલનો ખડખડાટ કાને પડ્યો છે તો પોલીસમાં ખબર દેશે. મોં કાળું ધબ્બ કરી ચોર એરકિસ ચોરની જેમ ચૂપચાપ ઘરમાંથી બહાર નીકળી ગયો.

'થેંક યૂ મિસ્ટર મિટર.' હાશકારો કરી માર્ક્સ ગોડવીન બોલ્યા.

'શાર્લોટ ગોડવીનની ડાયરી એ બૉક્સમાં હતી એ તો મને ખબરે નહોતી.'

માર્ક્સ ગોડવીન બોલ્યા : 'તમને એક વાત કહી રાખું મિસ્ટર મિટર - મારા બાપદાદાઓ વિષે મને મુદલે કુતૂહલ નથી. સાચું કહું તો મને કોઈ બાબતમાં કશું જ કુતૂહલ નથી. હવે કેવળ મરવાના દિવસની રાહ જોઈને બેઠો છું. પેલી બિલાડી સિવાય હવે મારું કહી શકાય એવું કોઈ નથી. સાંજના એક જણને ત્યાં જઈને પોકર રમતો, અત્યારે હવે ગાઉટને લીધે એ ય નથી કરી શકતો.'

'તો પછી સવાલ પૂછવાથી કશો જ ફાયદો નથી.'

'શું સવાલ?'

'તમારા દાદાના બાપાનું નામ હતું ડેવિડ, જેની કબર સર્ક્યુલર રોડના કબ્રસ્તાનમાં છે.'

'યસ.'

'ડેવિડને કોઈ ભાઈ-બહેન હતાં કે?'

'યાદ નથી, મારા એક પૂર્વજે આપઘાત કર્યો હતો. એ ડેવિડના ભાઈ હતા કે નહિ એય યાદ નથી.'

'ડેવિડના દીકરા, એટલે કે તમારા દાદાનું નામ એન્ડ્રુઝ હતું?'

'યસ, હી વોઝ ઇન ધી આર્મી.'

'શાર્લોટ ગોડવીને એની એક ભાણેજ કે ભત્રીજીની વાત લખી છે. ગણત્રી કરતાં લાગ્યું કે એ તમારા દાદાની બેન કે -'

'મારા દાદાને કોઈ ભાઈ-બેન નહોતાં.'

'તો પછી કઝીન?'

'એમના વિષે હું કંઈ જ કહી શકતો નથી મિસ્ટર મિટર. મારી યાદદાસ્ત ઘણા સમયથી ક્ષીણ થઈ ગઈ છે. એ સિવાય અમારા કુટુંબનાં લોકો તમારા લોકોની જેમ ગાઢ પાસે પાસે નથી રહેતાં. સહુ અલગ અલગ જ મન ફાવે ત્યાં રહે. આ કંઈ તમારું બંગાળીઓનું સંયુક્ત કુટુંબ નથી.'

*

સોસાયટી સિનેમા સામેના નિઝામીમાં બેસી મટન રોલ ખાતાં ખાતાં ફેલુદાએ લાલમોહનબાબુને એક સવાલ પૂછ્યો :

'નરેન વિશ્વાસ તમને કેવો માણસ લાગ્યો?'

લાલ મોહનબાબુ ચાવવાનું પૂરું કરી થૂંક ગળી બોલ્યા : 'સારો જ તો! આંખોમાં ખાસ્સો એવો શું કહેવાય સારો ભાવ હતો.'

'મને પણ એમ જ લાગ્યું હતું.'

'અત્યારે નથી લાગતું!'

'જોકે એક અવગુણથી એક માણસનું આખું ચરિત્ર ખરાબ ન થઈ જાય. પણ એક વાત ચોક્કસ, એ સજ્જને એક મારાત્મક અન્યાય કરી નાખ્યો છે.'

અમે બંને ખાતા ખાતા અટકી ગયા.

'આજે એક પ્રમાણ મળ્યું કે, એમની મની બેગમાં જે બે કટિંગ હતાં તે નેશનલ લાયબ્રેરીના રીડિંગ રૂમમાં સાચવીને રાખેલા દોઢસો-બસો વર્ષ જૂના છાપામાંથી બ્લેડ વડે કાપી લીધાં હતાં. હું માનું છું આ અપરાધ માટે એ માણસને જેલ થવી જરૂરી છે.'

મેં કલ્પના કરવાની કોશિશ કરી. નરેનબાબુ રીડિંગ રૂમમાં બેસી અધ્ધર શ્વાસે છાનામાના, કર્મચારીની નજર બચાવી આ દુષ્કર્મ કરે છે, પણ હું ન કરી શક્યો.

'આને એક રોગ કહી શકો.' ફેલુદા બોલતો રહ્યો. 'અને આ જાતનાં અન્યાયી કામ પકડાયા વિના સક્સેસફુલ કરી શકે તો માણસને ઉત્કટ આનંદ થાય અને પોતાને પાંચ જણથી વધુ ચતુર માની આત્મતૃપ્તિ અનુભવે. વેરી સેડ!'

મટન રોલ પછી લસ્સીના ઑર્ડરની સાથે સાથે બિલ લાવવાનું પણ કહ્યું હતું. ઘડિયાળમાં વાગ્યા હતા અઢી. હજુ ત્રણ કલાકનો સમય વિતાવ્યા પછી ઘડિયાળઘેલા મિસ્ટર ચૌધરી પાસે જવાનું હતું. હું જાણું છું પેરિગેલ રિપિટરની સમસ્યાનો ઉકેલ આવ્યા વિના ફેલુદાને શાંતિ નથી થવાની.

'અચ્છા મોશાઈ, હાડગિલે (ગીધ જેવું પ્રાણી) શું આ રીતે

ખોરાકની પ્રત્યાશામાં બારી પર બેસી આમ ચીસાટા પાડતું હશે?' અમારી પાસે જ રસ્તા ભણી એક બારી, તેના પર એક કાગડો બેસી ઘણી વારથી કા-કા કરતો હતો. એના તરફ જોઈને લાલમોહનબાબુએ સવાલ પૂછ્યો.

'સંભવત:' ફેલુદા બોલ્યો. 'જો કે મકાનની કાર્નિશ પર, કે છાપરા પર કે અગાશીની ભીંત પર બેસતો, એનું પ્રમાણ જૂનાં પુરાણાં ચિત્રોમાં મળે છે.'

'આશ્ચર્ય, એ પક્ષીનો ચહેરો-દેખાવ કેવો હશે એય ખબર નથી.'

'જાણવાનો એક ઉપાય છે. પ્રાણીબાગમાં (ચિડિયા ખાનામાં) જવું. અને એમ નહિ તો ચાલો કૉર્પોરેશન સ્ટ્રીટ થઈને નીકળીએ. મ્યુનિસિપલ બિલ્ડિંગની સામે કૉર્પોરેશનના સિમ્બોલમાં 'હાડગિલે'નો દેખાવ બતાવી દઉં.'

'તમે હજુ કૉર્પોરેશન સ્ટ્રીટ કહો છો!' હસીને જટાયુ બોલ્યા.

'સોરી, સુરેન બૅનરજી.'

ફેલુદા અટકી ગયો. આંખની નજર ચેંજ થઈ ગઈ હતી. ખીસામાંથી નોંધપોથી કાઢી, ખબર નહિ કંઈક લખ્યું. એ પછી ઊંચો-નીચો થવા માંડ્યો, કારણ બિલ દેવામાં મોડું થયું હતું. ફેલુદાએ બેરાને બૂમ પાડી - જે એ કદી કરતો નથી. બિલ આપી ગાડીમાં બેસી ડ્રાઈવર હરિપદને એણે નિર્દેશ આપ્યો. ગાડી સુરેન બેનરજી રોડ પર પહોંચી ફેલુદા ઘરના નંબર જોતો હતો. જો કે બધાં જ મકાનોને નંબર નથી - કલકત્તાની આ એક મુસીબત છે.'જરાક આગળ લો તો ભાઈ... તોપસે, ૧૪૧ દેખાય તો કહેજે.'

મને યાદ આવ્યું : ૧૪૧ SN.B. (Surendranath Banerji) સુરેન્દ્રનાથ બેનરજી. મારું હૃદય કંપી ઊઠ્યું.

'આ રહ્યું એકસો એકતાળીસ.'

ગાડી ઊભી રહી. મકાન પર લખ્યું હતું. Bourne and Shepherd - B.S. ! 'મળી ગયું, મળી ગયું.'

ફેલુદાની જોડે અમે બંને પણ અંદર ગયા. લિફ્ટમાં જ ઉપર જવાનું હતું.

પહેલે માળે લિફ્ટમાંથી બહાર નીકળતાં જ સોફા - બેન્ચ ગોઠવેલા ખંડ. એક જણ - કર્મચારી અમારી તરફ આગળ વધ્યો. ફેલુદાના મોં પર અવઢવનો ભાવ, કારણ જે સવાલ એમને પૂછવાનો હતો એ બેવકૂફીભર્યો લાગે એમ હતો.

'અરે - વિક્ટોરિયાનો કોઈ ફોટો છે તમારી પાસે?'

'વિક્ટોરિયા મેમોરિયલ?'

'ના, ક્વીન વિક્ટોરિયા.'

'જી ના, એ મારે ત્યાં કેવળ જેઓ હિંદુસ્તાનમાં આવ્યા છે એમના જ ફોટાઓ મળશે. એડવર્ડ ધ સેવન મળશે - જ્યારે પ્રિન્સ ઓવ વેલ્સ હતા. - જ્યોર્જ ધ ફિફ્થ, દિલ્હી દરબાર-'

'પ્રિન્ટ તૈયાર ન હોય નેગેટિવ છે; ઑર્ડર આપો તો કરી દઈએ. ૧૮૫૪ થી બધી જ નેગેટિવ રાખેલી છે.'

'શું કહો છો? અઢારસો ચોપ્પન?'

'બોર્ન ઍન્ડ શેફર્ડ છે પૃથ્વી પરની બીજી પ્રાચીનતમ ફોટોની દુકાન.'

'એનો અર્થ તો એ કે હજારો નેગેટિવ તમારી પાસે અહીં હશે!'

'આવો બતાવી દઉં. આ જુઓ દીવાલ પર લટકે છે - ૧૮૮૦માં મોન્યુમેન્ટ પરથી પાડેલો ફોટો!'

અત્યાર સુધી જોયો નહોતો, એ જ વખતે એમના કહેવાથી નજર પડી. એક હાથ બાય પાંચ હાથ સાઈઝનો ફોટો. મોન્યુમેન્ટ પરથી લગભગ એકસો વર્ષ પહેલાંનું કલકત્તા શહેર. ડેલહાઉઝી - એસ્પ્લેનેડથી શરૂ કરી ઉત્તર તરફ જ્યાં સુધી નજર પહોંચે. ચર્ચોની ટોચ બીજાં બધાં મકાનને ટપી ગઈ હતી. ક્યાંય એકે હાઈ-રાઈઝ મકાન નહિ, જોતાં જ લાગે શાંત શહેર.

નેગેટિવનો રૂમ જોઈને આંખો તો આભી જ બની ગઈ. ઘરની ચારે દીવાલ પર ભોંય પરથી લઈને સીલિંગ સુધી શેલ્ફ બનાવેલા હતા. અને દરેક શેલ્ફ બ્રાઉન રંગના ચપટા ચપટા બૉક્સથી ભરેલા. પ્રત્યેક બૉક્સ પર લખ્યું હતું - તેમાં કઈ સાલની, કઈ જાતનો ફોટો છે.

ફેલુદા શેલ્ફ સામે ફરી ફરીને લખેલા તરફ જોઈ, થોડી વાર ખૂબ ધ્યાનપૂર્વક જોઈ હાથની રિસ્ટવૉચ તરફ નજર નાખી અમારા તરફ ફરી બોલ્યો : 'તમે લોકો એકાદ કલાક ફરી આવો, મારે અહીં જરાક કામ છે.'

'લિફ્ટમાં બેઠા પછી લાલમોહનબાબુ બોલ્યા : 'તારા દાદાનો (મોટાભાઈ) હુકમ સર આંખો પર. એ એક જ માણસને ના ન કહી શકાય. કેવી પરસનાલિટી છે! ચાલ, એક વાર ફ્રેન્ક રોસે.'

ગાડીને સુરેન બેનર્જી રોડ પર મૂકી અમે ચૌરંગી થઈને ગ્રેન્ડ હોટેલ તરફ ચાલવા માંડ્યા. લાલમોહનબાબુ કઈ દવા ખરીદશે એ ખબર નથી. જાણવાની જરૂરે નથી. ઉદ્દેશ છે કેવળ સમય પસાર કરવો.

ભીડમાં કોલિશનથી બચી થોડે દૂર આગળ વધ્યા પછી તેઓ કહે : 'તને કંઈ સમજાય છે ભાઈ તપેશ - તારા દાદાનાં મતિગતિ?'

જો કે કહેવું પડ્યું કે કશું જ સમજતો નથી. પણ તોય જરાક અંદાજ તો કરી જ શકું છું કે ફેલુદા સિવાય પણ કોઈ એક જણે શાર્લોટ ગોડવીનની ડાયરી વાંચી છે. અને એ વાંચવા સાથે ટૉમસ

(અનુસંધાન પૃ. ૪૩૩ ઉપર)

——— હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર ———

કાલિ ફોસ

——— હેમેન્દ્ર એ. શાહ ———

આજથી ચાર દાયકા પહેલાં કાલિ ફોસ વિશેષ કરીને માનસિક તનાવ, નબળી યાદદાસ્ત વગેરે માટે વધુ ઉપયોગમાં લેવાતી દવા હતી. જેમ જેમ તેના પ્રયોગો વધ્યા તેમ તેમ તેના ઘણાબધા ઉપયોગો પ્રકાશમાં આવ્યા.

માનસિક તનાવ ધરાવતા અને વધારે પ્રમાણમાં બૌદ્ધિક કામ કરતા લોકોને આ દવાથી (કાલિ ફોસ ૬ x થી) એટલી બધી રાહત રહેવા માંડી કે તે જમાનામાં તેને પૃથ્વી ઉપરનું અમૃત ગણવામાં આવ્યું. કાલિ ફોસ અત્યારે ઘણાં દર્દોમાં ઉપયોગી સાબિત થયું છે.

વીસ વર્ષ પહેલાં એક યુવાન એન્જિનિયર મારી પાસે આવ્યો અને તેણે પોતાની જાતીય અશક્તિ વિશે મને જણાવ્યું. મેં તેને કાલિ ફોસ ૬ x દિવસમાં ત્રણ વખત લેવા માટે જણાવ્યું, અને અઠવાડિયા પછી મળવા બોલાવ્યો. મારી નવાઈ વચ્ચે તે ત્રીજે દિવસે જ મારી પાસે આવ્યો અને કહ્યું કે, તમે તો ચમત્કાર કરી દીધો. મને ૨૪ કલાકમાં જ એકદમ સારું લાગ્યું. તમે કાંઈ તંત્ર-મંત્ર જાણતા લાગો છો. બાકી આવી નાની ગોળી અસર કરે તેમ માની શકતો નથી. (નોંધ : આવા પ્રકારનાં દર્દ માટે હોમિયોપથીની 'લાયકો' પણ અસરકારક કામ આપે છે.)

વર્ષો પહેલાં ફક્ત ચાર દવાના ઉપયોગથી મને ઘણા લોકો હોમિયોપથીનો નિષ્ણાત સમજતા હતા. તેમાં કાલિ ફોસ, મેગીફોસ, નેટ્રમ મૂર અને આર્નિકાનો સમાવેશ થાય છે.

(૧) કાલિ ફોસ ભૂલકણા સ્વભાવની વ્યક્તિ માટે રામબાણ દવા છે. વિદ્યાર્થીઓએ પણ આ દવા લેવાથી યાદદાસ્ત સુધારવા તે ટૉનિકનું કામ આપે છે.

(૨) જેને વારંવાર ઉશ્કેરાટ આવતો હોય તેને કાલિ ફોસથી ઘણો ફાયદો થાય છે.

(૩) સખત ગાંડપણ, માનસિક બીમારી, તનાવ, ચીડિયો અને ઉશ્કેરાટવાળા સ્વભાવની વ્યક્તિઓને મેં આ દવાથી ઘણો ફાયદો થતો અનુભવ્યો છે.

(૪) માથાનો દુ:ખાવો, જ્ઞાનતંતુની અનેક બીમારી તથા તનાવને કારણે શરીરના અવયવો દુ:ખતા હોય ત્યારે કાલિ ફોસનો ઉપયોગ લાભદાયી છે.

(૫) જે લોકોનું મનોબળ નબળું હોય, પરીક્ષા આપતી વખતે, ઈન્ટરવ્યૂ આપતી વખતે બહુ જ ગભરાઈ જતા હોય તેમને કાલિ ફોસથી માનસિક તાકાત તથા આત્મવિશ્વાસ વધે છે.

(૬) ચિંતા તથા માનસિક રીતે વિક્ષિપ્ત દર્દીને ઊંઘ આવતી ન હોય તો સૂતાં પહેલાં કાલિ ફોસ ૬ x લેવાથી સરસ ઊંઘ આવે છે અને ઊઠતી વખતે સ્ફૂર્તિ લાગે છે.

(૭) જાતીય જીવનની અનેક સમસ્યાઓ માટે પણ આ એક સારી દવા છે.

(૮) બળો મૂતરી જાય, ચામડી ઉપર નાની ફોલ્લીઓ થાય ત્યારે પણ આનો પ્રયોગ કરવો.

(૧૦) કાનમાં અવાજ, મોંઢામાં દુર્ગંધ, પેઢાંમાંથી નજીવા કારણસર લોહી નીકળવું, ઝાડા સફેદ, પાતળા, દુર્ગંધ મારતા હોય તેવા થવા - આ બધા રોગમાં કાલિ ફોસ અસરકારક સુધારો કરી બતાવે છે.

ટૂંકમાં આ એક બ્રેઈન ટૉનિક હોવાથી તેનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

પરદેશના બાયોકેમિક ઔષધના નિષ્ણાતોએ ઉપર જણાવેલાં દર્દો સિવાય પણ ઘણા રોગો માટે સફળતાપૂર્વક પ્રયોગો કર્યા છે. અત્યંત બી જતાં બાળકો, ચીસો પાડી ઊઠતાં બાળકો તથા સહેજ અવાજથી ચમકીને ઊઠી જતી વ્યક્તિઓ માટે પણ આ ઔષધ અત્યંત અસરકારક માલૂમ પડ્યું છે.

પેટના ગૅસ માટે, જમ્યા પછી તરત જ ભૂખ લાગવી, નર્વસ સ્થિતિમાં, અપચો થવો વગેરે માટે પણ કાલિ ફોસ સારી દવા છે.

સુવાવડ વખતે દુ:ખાવો થતો હોય અથવા કસુવાવડનો ભય હોય તેમાં પણ કાલિ ફોસ સારું કામ આપે છે. □

કલાવાર્તા

અનુજા ગાંધી






કોઈ નગરવાસી યુવતી ગ્રામવાસી પાત્રો અને તેમના જીવનને સૂઝબૂઝપૂર્વક આલેખે ત્યારે એનું મૂળ ક્યાં હશે તે પ્રશ્ન થાય. આવાં ચિત્રો બહેન અનુજાએ તૈયાર કર્યાં છે અને એનાં મૂળ એમના પ્રવાસશોખમાં પડેલાં છે. ગ્રામપ્રવાસ દરમિયાન આદિવાસીઓની જીવનશૈલીનું સૂક્ષ્મ નિરીક્ષણ તેમને અહીં ઉપયોગી થયું છે. આમે ય તે જે કલાકાર નિરીક્ષણ કરતો નથી તેના નિરૂપણમાં જેવારો આવતો નથી. અનુજાએ ઈ. ૧૯૭૨માં અમદાવાદમાં જન્મી, શેઠ ચી.ન. કલાવિદ્યાલયમાં અભ્યાસ કરી કલાનો ડિપ્લોમા પ્રાપ્ત કર્યો છે. શરદભાઈ પટેલ તથા નાગજીભાઈ ચૌહાણ એમના કલાગુરુઓ. થોડા સમય પહેલાં જ એમનાં ચિત્રોનું 'અનુભૂતિ' શીર્ષકથી એક પ્રદર્શન અમદાવાદમાં રવિશંકર રાવળ કલાભવનમાં યોજાઈ ગયું.

એમનાં ચિત્રોમાં સ્ત્રીપાત્રો આગળ તરી આવે છે. ખાસ કરીને ગ્રામનારીના મનોભાવ અને દેહસૌંદર્યને એમણે યથોચિત રંગોથી સજીવ બનાવ્યાં છે. એમની રંગસજાવટ અને ચિત્રસંયોજનકળા એમના ઉજ્જ્વળ ભાવિની પ્રતીતિ કરાવે છે. 'અભિસારિકા' કે 'કેડી' જેવાં ચિત્રોમાં એમની આગવી સૂઝ પ્રકટ થવા પામી છે. 'અભિસારિકા' ચિત્રમાં સાંજ ઢળ્યે અભિસાર માટે નીકળી પડેલી કોઈ

માતૃત્વ



અભિસારિકા



ભાથું



ફરકડી



કેડી



યુવતીએ શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં છે ને ઉપરથી નીચે લટકતી પુષ્પખચિત ડાળી એના પ્રેમોર્મિથી ઊભરતા હૈયાને નિરૂપી રહે છે. ચિત્ર સાદું છતાં સૌંદર્યસભર બન્યું છે. 'કેડી'માં ખેતરના અગ્રભાગે ઊભેલી છોકરીની બાજુમાંથી કેડી પસાર થાય છે અને તે એક છેડેથી બીજે છેડે પહોંચે છે. ચિત્રમાં ડાબી બાજુ ચાડિયો અને દૂર કેડીને છેડે જે વૃક્ષો દર્શાવ્યાં છે તે ચિત્રસંયોજનાની અનુજાની કલાસમજ સૂચવી રહે છે.

એમનાં સ્ત્રીપાત્રો યથોચિત ગ્રામ-અલંકારોથી સજાયેલાં છે. અંગમરોડ, પછી તે ગતિચિત્ર હોય કે સ્થિતિચિત્ર, પાત્રને જીવંતતા બક્ષે છે. આ સાથે એમણે માણેલો ગ્રામપ્રકૃતિનો આનંદ પણ ચિત્રોમાં મુખરિત બને છે. પ્રકૃતિનું ક્યાંય ભારણ વધવા દીધા વિના પાત્ર અને પ્રકૃતિને સમુચિત સંયોજનાથી ગોઠવી આપ્યાં છે. એમનાં ચિત્રોમાં કલાત્મક સાદગીનો અનુભવ થાય છે. એમના પ્રથમ પ્રદર્શનમાં રજૂ થયેલી ચિત્રકૃતિઓમાંથી કેટલીક અહીં આસ્વાદ-અર્થે રજૂ કરી છે. - બંસીલાલ દલાલ

અનુસંધાન] કબ્રસ્તાનનો ભેદ [પૃ. ૪૩૦થી

ગોડવીનની કબર ખોદવાને એક સંબંધ છે.

'બસો વર્ષ જમીન નીચે દટાઈ રહ્યા પછી પણ દેહ હાડપિંજર અવસ્થામાં રહે એ વાત તને ખબર હતી?' જટાયુએ પૂછ્યું.

આ બાબતમાં જોબ ચાર્નકના મૃતદેહ વિષે એક ઘટનાની વાત ફેલુદાએ મને કહી હતી; એ મેં લાલમોહનબાબુને કહી. ચાર્નકના મરી ગયા બાદ લગભગ બસો વર્ષ પછી સેન્ટ જોન્સ ચર્ચના એક પાદરીના મનમાં અચાનક સંશય જાગ્યો હતો કે ચાર્નકની કબર ખરેખર કબર છે, કે એમ જ એક સ્તંભ તૈયાર કર્યો છે. એને એટલે હદ સુધી સંદેહ થયો કે અંતે પછી પાદરીએ લોકો પાસે જમીન ખોદાવી. ચાર ફુટ નીચે સુધી કશું જ ન મળ્યું, પણ પછી બીજા બે ફુટ ખોદતાં જ એક હાડપિંજરનો હાથ બહાર નીકળી આવ્યો. પાદરીએ પછી ખાડો પુરાવી દીધો.

ફ્રેન્ક રોસે જઈ લાલમોહનબાબુએ જ્યારે કાઉન્ટર સામે ઊભા રહી કહ્યું : 'વન ફોરહેન્સ ફોર ધ ગમ્સ, ફેમિલી સાઈઝ.' બરાબર તે જ વખતે દુકાનમાં એક ઓળખીતી વ્યક્તિ દાખલ થતી જોઈ. એમણે જો કે અમને જોતાં વેંત ઓળખ્યા નહિ; બે ત્રણ વાર અમારા તરફ જોયા પછી એમના ચહેરા પર હાસ્ય પ્રકટ્યું. નરેનબાબુના ભાઈ ગિરીનબાબુ હાથમાં એક મોટો બૉક્સ, એના પર લખ્યું હતું - હૉંગકૉંગ ડ્રાઈ ક્લીનર્સ. તેઓ કહે:, 'દાદા માટે દવા લેવા આવ્યો છું'

'નરેનબાબુ કેમ છે!' જટાયુએ પૂછ્યું.

'દાદા બેટર છે, અરે હા, તમારી સાથે તે દિવસે જે હતા તેઓ શું ડિટેકટિવ પ્રદોષ મિત્તિર જ ને! દાદાએ ખબર આપ્યા. એ સજ્જનનું નામ મેં પહેલાં સાંભળ્યું છે. મને એમ કે....'

ગિરીનબાબુ ભવાં સંકોરી જરાક અન્ય મનસ્ક થઈ ગયા. એ પછી બોલ્યા : 'તેઓ ઘેર ક્યારે મળે છે!'

'એ તો કહેવું મુશ્કેલ છે.' મેં કહ્યું 'પણ ડિરેક્ટરીમાં નંબર છે. તમારે આવવું હોય ત્યારે પહેલાં ફોન કરી દેજોને!'

'હં - એમની સાથે જરા.. ભલે, હું ટેલિફોન કરી દઈશ. તમે પ્રદોષબાબુને કહી રાખજો, જરૂર પડ્યે હું આવીશ - હેં - હેં -'

અમે પણ હેં - હેં કરી હસીને એ સજ્જન પાસેથી વિદાય લઈ બહાર આવ્યા.

ન્યૂ માર્કેટમાં એક ચક્કર મારી મોતીશીલ સ્ટ્રીટ થઈ સુરેન બેનર્જી પર આવ્યા. બોર્ન એન્ડ શેફર્ડ પાસે આવી જોયું તો ફેલુદા ગાડી પાસે ઊભો હતો. એનું કામ એના અંદાજ કરતાં જરાક જલદી જ પતી ગયું હતું. ગિરીનબાબુ મળ્યા હતા. એ ખબર ફેલુદાને દીધા. 'એમ કે?' કહીને ફેલુદાએ પૂછ્યું 'શું કહ્યું એ સજ્જને?' મને ખબર છે કે ફેલુદાને ઉપર ઉપરથી વાત કરીએ તે ગમતું નથી. તેથી જે વાત થઈ હતી એ બદી ડિટેલમાં, (વિગતવાર) કહી સંભળાવી. એ તો ઠીક એમના હાથમાં લોન્ડ્રીનું બૉક્સ હતું એ વાત પણ કરી. ફેલુદા ચૂપચાપ સાંભળી રહ્યો. 'તમારું કામ કેવું થયું?' લાલમોહનબાબુએ પૂછ્યું.

'ફર્સ્ટ ક્લાસ.' ફેલુદા બોલ્યો, 'એકદમ જાણે રત્નની ખાણ! અન ત્યાંથી ફોન કરી જાણી લીધું છે કે મિસ્ટર ચૌધરી ઘેર આવી ગયા છે. એપોઈન્ટમેન્ટ પાકી કરી લીધી છે. મખમલ જેવો મુલાયમ અવાજ છે એ સજ્જનનો!' (ક્રમશઃ)

કંકાવટી

અરુણા અસફઅલી, સ્વ.



અરુણા ગાંગુલી કહીએ તો જેને ઓળખવામાં વિલંબ થાય, એ જ સન્નારી અરુણા અસફ-અલી નામથી તરત જ ઓળખાઈ જાય. ૧૯૪૨ની આ ક્રાન્તિકાર નારીએ પરધર્મી સાથે ૧૯ની વયે લગ્ન કરીને ક્રાન્તિ કરી; એ માત્ર સામાજિક પરિવર્તનનું પગથિયું હતું. જીવનની આ પ્રથમ ક્રાન્તિથી માંડી આજીવન અરુણા અસફઅલી ક્રાન્તિના પરિસર વચ્ચે જીવ્યાં. ૧૬, જુલાઈ ૧૯૦૯માં કાલકા ખાતે જન્મ થયો. કુટુંબ બ્રહ્મોસમાજમાં માનતું. બ્રાહ્મણ પરિવારમાં જન્મ છતાંય લગ્ન કર્યાં ઈસ્લામધર્મી અસફઅલી સાથે. શિક્ષણ લીધું ખ્રિસ્તી મિશનરીમાં - લાહોર અને નૈનિતાલ ખાતે. ગાંગુલી કુટુંબને ટાગોર પરિવાર સાથે ઘરોબો. પિતા પત્રકારત્વ સાથે સંકળાયેલા એટલે પ્રવર્તમાન રાજકીય પ્રવાહનો પરિચય અરુણાને બાળપણથી. એ ટાણે બંગાળમાં ક્રાન્તિકારીઓનો પ્રભાવ બળવત્તર એટલે અરુણાનું માનસ ક્રાન્તિ પ્રતિ ઢળ્યું અને અરુણા બની ગઈ ક્રાન્તિકન્યા. એની આ ક્રાન્તિકથાનો પ્રારંભ થયો ૧૯૩૦થી, અને ૧૯૪૨માં મુંબઈમાં ગોવાલિયા ટૅંક મેદાન પર ત્રિરંગો ધ્વજ લહેરાવીને આ ક્રાન્તિકન્યાએ અંગ્રેજ હકુમતને હચમચાવી દીધી. ધ્વજ લહેરાવીને એ ફરાર થઈ અને ત્રણ વર્ષ લગી તો ભૂમિગત રહી. આ એક પ્રસંગથી અરુણા ક્રાન્તિજગતમાં છવાઈ ગઈ. અરુણા અસફઅલી Quit India - ભારત છોડો - આંદોલનમાં નાયિકા હતાં, એમનો લગાવ કોન્ગ્રેસ તરફ-તેય સમાજવાદી ધારા બાજુ. ૧૯૪૭માં દિલ્હી પ્રદેશ કોન્ગ્રેસના પ્રમુખ બન્યાં. પછી ૧૯૪૮માં સમાજવાદી પક્ષમાં ગયાં. ત્યાંથી સામ્યવાદી પક્ષમાં જવાનું થયું. આ બધાં વચ્ચે એ ગાંધીવાદી, નેહરુવાદી અને સમાજવાદી હતાં. આઝાદી પછી એમણે જાહેરજીવનનો ત્યાગ કર્યો હતો છતાંય ૧૯૫૮માં દિલ્હીના પ્રથમ મહિલા મૅયર બનવા સંમત થયાં અને અમલદારશાહીથી નિરાશ થઈને એ પદ છોડ્યું. વહીવટીતંત્રમાં એમણે કરેલા સુધારા આજે પણ સંભારી શકાય !

અરુણા અસફઅલીએ નારીવાદને અનુમોદન જરૂર આપ્યું પરન્તુ સ્ત્રી-અનામતના હિમાયતી ક્યારેય ન બન્યાં. અખિલ હિન્દ મહિલા પરિષદ અને ઑલ ઇન્ડિયા વીમેન્સ ફેડરેશનનાં અધ્યક્ષ બની માર્ગદર્શિકા જરૂર થયાં. 'લિન્ક' અને 'પેટ્રિયટ'ના પ્રકાશનમાં કૃષ્ણમેનન, બાલીગા અને નારાયણન સાથે એમનો હિસ્સો પણ મોટો હતો. એમને પ્રાપ્ત થયેલાં ઈનામ-પુરસ્કારની રકમ આવા કામમાં વાપરતાં. ૧૯૯૧માં એમને જવાહરલાલ નેહરુ પુરસ્કાર મળ્યો હતો. સોવિયેત લૅન્ડ નેહરુ ઍવૉર્ડ અને લેનિન પુરસ્કારથી તેઓ વિભૂષિત થયેલાં. ૧૯૮૬માં ઇન્દિરા ગાંધી ઍવૉર્ડ પણ મળ્યો હતો.

ભારતમાં લોકશાહી શાસન પ્રત્યે એમને ભારે અજંપો હતો. પોતે કલ્પેલું ભારત છિન્નભિન્ન થતું જોઈને આ ક્રાન્તિકન્યા જૈફ વયે પણ આક્રોશ વ્યક્ત કરતાં રહેતાં. આખું આયખું દેશના ચિંતનમાં અને ચિંતામાં ખર્ચીને પણ પોતાનું વ્યક્તિત્વ અક્ષુણ્ણ રાખ્યું. સત્તાના રાજકારણથી કાયમ અલિપ્ત રહ્યાં. એમના જીવનનાં વિવિધ પાસાંઓ વચ્ચે ૧૯૪૨ની ક્રાન્તિકન્યા તરીકેની એમની પ્રતિભા દીર્ઘકાળ લગી સ્મરણીય રહેશે. એક જીવંત દંતકથા સમા અરુણા અસફઅલીએ ૨૯ જુલાઈ ૧૯૯૬ના દિવસે લાંબી બિમારી બાદ બપોરના ૩-૪૫ કલાકે દિલ્હીની રામમોહન લોહિયા હૉસ્પિટલમાં છેલ્લો શ્વાસ લીધો. તેમની અંતિમ ઇચ્છા પ્રમાણે વીજળીક સ્મશાનગૃહમાં તેમનો અંતિમ સંસ્કાર કરાયો. એમના નિધનથી હિન્દની સ્વાતંત્ર્ય-લડત સાથે સીધો અને સક્રિય સંબંધ ધરાવતાં ગણ્યાગાંઠ્યા સાચા નેતાઓમાંથી એકની બાદબાકી થઈ છે !

- પ્રફુલ્લ રાવલ

મકાઈનો સૂપ

મકાઈની છતની આ ઋતુમાં તેમાંથી બનતી વિવિધ વાનગી પૈકી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક સૂપની રીત અહીં આપી છે.

એક કપ મકાઈદાણાના છીણમાં લગભગ ૧ થી ૧.૫ કપ પાણી ઉમેરવું. અર્ધો કપ મકાઈના દાણા લઈ તેમાં સમભાગે પાણી રેડવું. આ બન્નેને કૂકરમાં બાફવાં. ત્યારબાદ બફાઈ ગયેલા મકાઈના છીણને ગાળી જાડો માવો તૈયાર કરવો. તેમાં બાફેલા મકાઈદાણા તેમાંના પાણી સાથે ભેળવી દેવા. ૨ ટેબલસ્પૂન જેટલા માખણમાં ૧.૫ ટેબલસ્પૂન જેટલો મેંદો નાખી સહેજ સાંતળી તેમાં ધીમે ધીમે એકથી દોઢ કપ જેટલું દૂધ રેડી તેને ગરમ કરવું. હવે જે સફેદ સોસ તૈયાર થાય તેમાં મકાઈ પેલો મકાઈના છીણ તથા દાણાથી તૈયાર થયેલો માવો નાખી દેવો. સ્વાદ પ્રમાણે ખાંડ, મીઠું, મરી અને આજીનો મોટો નાખવો. પીરસતી વખતે કપમાં એક ટીસ્પૂન જેટલું ક્રીમ પણ ઉમેરી શકાય. આ રીતે તૈયાર થયેલો સૂપ લગભગ ચારેક વ્યક્તિને પીરસી શકાશે. □

૧૦૦ ગ્રાહકોને 'કુમાર' એક વર્ષ માટે ભેટ

વહેલો તે પહેલો

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની ટહેલના પ્રતિસાદરૂપે અમને મુંબઈના એક 'કુમાર'પ્રેમી સજ્જન તરફથી ૧૦૦ ગ્રાહકો માટે રૂ. ૧૦,૦૦૦ની રકમ ભેટ મળી છે તેમાંથી ૧૦૦ શાળા-મહાશાળાઓને એક વર્ષ માટે 'કુમાર' માસિક આ સજ્જન તરફથી ભેટ મોકલાશે. આ યોજનાનો લાભ લેવા માગતી શાળા-મહાશાળાઓએ પોતાનું નામ-સરનામું અમને તરત જ મોકલી આપવું. વહેલો તે પહેલો એ ધોરણે 'કુમાર' ભેટ મોકલાશે. ૧૦૦ની સંખ્યા પૂરી થતાં આ યોજના બંધ થશે. સત્વરે આપની સંસ્થાનું નામ-સરનામું મોકલી આપશો. આપના ગામનો પિન કોડ અચૂક લખશો.

અત[illegible]ન

અવગાહન

અમારે ત્યાં એક આપ્તજન અવારનવાર આવતા. શ્રાવણ માસમાં તેમને અમે કોઈ કથા સંભળાવવા કહ્યું. અમારી વિનતિ માન્ય રાખી તેમણે કથા કહી :

"મહાભારતમાં એક પ્રસંગમાં આ કથા છે. એક વાર દુર્વાસા મુનિએ સો કે હજાર બે હજાર વર્ષ તપશ્ચર્યા કરી. પછી તપશ્ચર્યા પૂરી થયે તપોબળમાં કેટલો વધારો થયો છે તે અજમાવવાનો તે વિચાર કરતા હતા. એવામાં ઝાડ પરથી તેમના પર એક ચકલું ચરક્યું. મુનિએ ઊંચી નજર કરી ગુસ્સામાં ચકલા સામે જોયું કે તરત તે તરફડીને નીચે પડી મરી ગયું. મુનિને ખાતરી થઈ કે તપોબળ વધ્યું છે.

મુનિ ઘણા વખતના ભૂખ્યા હોવાથી ભિક્ષા માટે ઊપડ્યા ને એક ગામમાં નાના ઘર પાસે આવી 'ભિક્ષાન્દેહિ' કહી ઊભા રહ્યા. બારણું અડકાવેલું હતું. અંદરથી કોઈએ તરત જવાબ ન આપ્યો. મુનિએ ફરીથી પોકાર કર્યો, છતાં જવાબ ન મળ્યો. અંદર કોઈ બોલતું હતું તે તો મુનિએ સાંભળ્યું. ત્રીજી વાર મુનિએ ફરી જોરથી પોકાર કર્યો, ત્યાં એક સાધારણ સ્થિતિની સ્ત્રીએ બારણું ઉઘાડ્યું અને મુનિનું સ્વાગત કર્યું. મુનિ લાલ આંખ કરી જોઈ રહ્યા હતા. સ્ત્રીએ જોયું કે મુનિ સ્વાગત સ્વીકારતા નથી અને ક્રોધથી લાલપીળા થઈ ગયા છે, એટલે તેણે કહ્યું, 'મુનિશ્રી! આ જંગલની ચલ્લી નથી!' મુનિનો ગર્વ ગળી ગયો અને ટાઢા પડ્યા. પૂછ્યું કે 'આર્યે! તને જંગલની ચલ્લીની વાતની શી રીતે ખબર પડી અને મારી સિદ્ધિ અહીં હવાઈ કેમ ગઈ તે મને સમજાતું નથી. તું ખુલાસો કર."

સ્ત્રીએ ખુલાસો કર્યો : 'આ ઘર તુલાધાર વૈશ્યનું છે. હું તેની અર્ધાંગના છું. તુલાધાર કે હું શાસ્ત્રો ભણ્યાં નથી કે તપશ્ચર્યા કરી નથી. અમે એકમાર્ગી છીએ. તુલાધારની દુકાને અમુક ટકા નફો ચડાવીને જ માલ વેચાય. હોશિયાર માણસ આવે, બાળક આવે, સ્ત્રી આવે કે ભોળો ગામડિયો આવે, બધાંને એક જ ભાવે માલ મળે. વજનમાં કોઈનેય ઓછું ન અપાય. આમ, અમે પવિત્ર અન્ન ખાનારાં છીએ. અમારી કમાણી કલંકિત નથી. હું પણ મારો ધર્મ ટૂંકામાં એટલો જ સમજું છું કે પતિ વ્યાપારનું કામ સંભાળે છે અને પવિત્રતાથી વ્યાપાર કરે છે તેમ મારે ઘરનું કામકાજ સંભાળવું, સંતાન પ્રત્યેની ફરજ, અતિથિ પ્રત્યેની ફરજ, કુટુંબીઓ પ્રત્યેની ફરજ તથા સમાજ પ્રત્યેની ફરજ બજાવવી અને આનંદથી આયુષ્ય વિતાવવું. અમારા આવા વર્તનથી લોકો અમારા પર પ્રેમ રાખે છે. અમારી દુકાને ઘરાકી સારી છે, અમને આવશ્યકતા પ્રમાણે આવક છે. અમને લોભ નથી, અસંતોષ નથી; તેથી અમારા ઘરમાં ક્લેશ નથી. અમે યથાશક્ય પ્રભુભક્તિ કરીએ છીએ. તમે આવીને અહાલેક પોકારી ત્યારે હું મારા પતિને પીરસતી હતી. થોડી વારે તે કામ પૂરું થતાં તેમણે મને આજ્ઞા આપી એટલે હું હાથ ધોઈને આવી. દરમિયાન તમે ગરમ થયા. પણ મારે મારો ધર્મ ચૂકવો નહોતો. પતિસેવા પહેલી અને અતિથિસેવા ત્યાર પછી. તમે પૂછો છો કે અનેક વર્ષોની તપશ્ચર્યાથી જે મળે તે પરોક્ષ જ્ઞાન મને શી રીતે પ્રાપ્ત થયું? તમારો ક્રોધ મને બાળી કેમ ના શક્યો? તેનો જવાબ મારી હકીકતમાં આવી જાય છે. નીતિ, સદાચાર, નિષ્કલંક અન્નનો આહાર, નિર્લોભ વૃત્તિ અને સ્વધર્મ વિષે અડગપણું એ જ અમારી સિદ્ધિનું કારણ છે. સંસારમાં રહીને અમે આ જ તપશ્ચર્યાને સર્વ ફલપ્રાપ્તિનું સાધન માનીએ છીએ. અને તે ખરું છે તે તો તમે પ્રત્યક્ષ જોયું.''

દુર્વાસા મુનિનો ગર્વ ગળી ગયો.

આજે હિંદી પ્રજા કયે માર્ગે ચાલી રહી છે? આઝાદ સરકારના અમલદારો, વેપારીઓ, કારખાનાંના માલિકો, મજૂરો, પોલીસો, યુવાનો, યુવતીઓ, વૃદ્ધો સૌ પોતાનું હૃદય તપાસે. શેતાનનું સામ્રાજ્ય કાઢી નાખવાના પ્રયત્નનું ફળ શયતાનિયત વધારવામાં આવશે એવું નહોતા ધારતા. આ રામ કે કૃષ્ણ કે ભરતની ભૂમિ છે? આર્યસંતાનોની આ આર્યસંસ્કૃતિ છે? અહીં પોલીસ, સી.આઈ.ડી., વિજિલન્સ બ્રાંચ, લાંચરૂશ્વતવિરોધી પોલીસ, આ બધાંની હસ્તી શું બતાવે છે? આ બધું શાથી બન્યું? નિષ્કલંક અન્ન ક્યારે ખાતાં થઈશું? આ શ્રાવણ માસમાં - પવિત્ર માસમાં - એનો વિચાર કરીએ અને શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં નર્કના ત્રણ દરવાજા ગણાવ્યા છે - કામ ક્રોધ અને લોભ - તેનાથી છૂટવા પ્રયત્ન કરીએ.

તુલાધાર વૈશ્યની કથાનો ફેલાવો કરવાની જરૂર આ દેશમાં આજ જેટલી ક્યારેય નહોતી એમ લાગે છે. (સળંગ અંક ૩૨૦) - મો.મા. ઝવેરી

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

સ્વાતંત્ર્યકૂચમાં ઑગસ્ટના દિનવિશેષ

પરદેશીઓના આગમનથી વિદાય સુધીના ગાળામાં આવતા ઓગસ્ટના વર્ષવાર પ્રસંગો

૧૪૯૮ પ્રથમ પોર્ટુગીઝ મુસાફર હિંદમાં ઊતર્યો અને 'જમ ઘર ભાળી ગયો.' તા. ૨૫.

૧૭૪૯ કર્ણાટકના રાજા ચાંદા સાહેબે અંગ્રેજોની મદદ માગી, તા. ૨; અને ત્યારથી એવાં જ બહાનાં હેઠળ તેઓએ હિંદમાં પોતાનો પગદંડો જમાવવો શરૂ કર્યો.

૧૭૭૫ હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ મૂકનાર રાજા નંદકુમારને ફાંસી. તા. ૫.

૧૮૦૪ યશવંતરાવ હોળકરે મુત્સદ્દી અંગ્રેજો સામે માથું ઊંચકીને તેમને શિકસ્ત આપી તા. ૨૪.

૧૮૦૯ શ્રીરંગપટ્ટમ્‌ના માપલાઓએ અંગ્રેજો સામે બળવો જગાવ્યો. તા. ૨૩.

૧૮૪૫ મુંબઈના સિંહ સમા રાજકીય નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ તા. ૪.

૧૮૫૭ સત્તાવનની ક્રાંતિમાં સમગ્ર હિંદની પ્રજાએ પોતાનો સાથ પૂર્યો. તા. ૧૪.

૧૮૭૨ રાષ્ટ્રવીર અને તત્ત્વચિંતક શ્રી અરવિંદ ઘોષનો જન્મ તા. ૧૫.

૧૯૦૫ બંગાળે વિદેશી માલનો બહિષ્કાર પોકારી સ્વદેશી આંદોલન ઉપાડ્યું. તા. ૭.

૧૯૦૬ બિપિનચંદ્ર પાલે શ્રી અરવિંદના તંત્રીપણા નીચે બંગભંગના સંચાલનનું સર્વોત્તમ અંગ્રેજી દૈનિક 'વંદેમાતરમ્' શરૂ કર્યું તા. ૭.

૧૯૦૮ મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો તા. ૧૫.

૧૯૦૮ ક્રાંતિવીર ખુદીરામ બોઝને ફાંસી આપવામાં આવી તા. ૧૯.

૧૯૧૯ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' એ સૂત્ર હિંદી પ્રજાની રગમાં ઉતારી તેને સ્વમાનનું ભાન કરાવનાર લોકમાન્ય બાલગંગાધર ટિળકનું અવસાન તા. ૧.

૧૯૨૦ ગાંધીજીએ અહિંસા દ્વારા જ હિંદની આઝાદી હાંસલ કરવાની ઝુંબેશ ઉપાડી તા. ૧.

૧૯૪૨ અખિલ હિંદ મહાસભાએ 'હિન્દ છોડો'નો ઠરાવ પસાર કરી આઝાદીની

આખરી લડત લડી લેવાનો નિશ્ચય કર્યો (તા. ૮); જેથી અગાઉથી ચેતી જઈ અંગ્રેજી સલ્તનતે દેશના અગ્રગણ્ય નેતાઓને ગિરફતાર કરી લીધા, પરંતુ પ્રજાએ એ લડત ઉપાડી લીધી અને તા. ૯મીએ તો દેશને ખૂણે ખૂણે આઝાદીનું આંદોલન વ્યાપી ગયું. એ જેલવાસમાં જ ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈનું ઓચિંતું અવસાન થયું. તા. ૧૫. બીજી તરફ તરફ અંગ્રેજોને છક્કડ આપી નાસી છૂટેલા નેતાજી સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં 'આઝાદ હિંદ ફોજ'ની સ્થાપના કરી. તા. ૨૫.

૧૯૪૫ નેતાજી સુભાષચન્દ્ર બોઝનું વિમાન-અકસ્માતમાં અવસાન તા. ૧૯.
૧૯૪૬ નોઆખલીના પાશવી હત્યાકાંડને શમાવવા ગાંધીજીએ યાત્રા આરંભી. તા. ૧૬
૧૯૪૬ હિંદમાં મધ્યવર્તી સરકાર સ્થપાઈ. તા. ૨૨.
૧૯૪૭ લગભગ એક સદીથી જેની ઝંખના કરતા હતા તે આઝાદી સાંપડી; અંગ્રેજી હકૂમતે વિદાય લીધી; પણ હિંદને બે ભાગમાં વહેંચી કાયમી ઘા મૂકી ગઈ. તા. ૧૫

(સળંગ અંક ૩૨૦)

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૪૨૭થી

દરાબશાહે હવે છત પર અડકેલા કડબના પૂળાને આગ ચાંપી. એક પછી એક સળગતા પૂળા નીચેની સશસ્ત્ર ટુકડી પર ફેંકવા માંડ્યા. ઊભી થયેલી અંધાધૂંધીમાં દરાબશાહ ક્યારે અને ક્યાં નાસી છૂટ્યાં તે કોઈ જાણવા જ ન પામ્યું.

દરાબશાહ તેની જાતવાન ઘોડી 'બાજી' પર બધો વિસ્તાર ઘૂમતો રહેતો. ખાવાપીવામાં તે ખૂબ પરરેજગાર હતો, માત્ર બ્રાહ્મણોના હાથનું જ ખાતો. પોતાની ટુકડીનો રસોયો પણ તેણે બ્રાહ્મણ જ રાખેલો. ગાયનું દૂધ તેનો મુખ્ય ખોરાક હતો. કટોરા ભરીભરીને તે એ પીતો. તેના સાથીઓ કોઈ વાર આ અંગે એની ટકોર કરતાં તે કહેતો, 'જેને માનું દૂધ ધરાઈને પીવા ન મળ્યું હોય તેને ગૌમાતાનું દૂધ તો ધરાઈને પીવા દો?'

અને તેનો દૂધનો આ શોખ જ તેને પ્રાણઘાતક નીવડ્યો. દરાબશાહ જેને પોતાના પિતાતુલ્ય માનતો હતો એ એક બ્રાહ્મણે આપેલો દૂધનો કટોરો પીતાં પીતાં જ તેને ચક્કર આવવા માંડ્યા. દરાબશાહે પિતાતુલ્ય માનેલો એ બ્રાહ્મણ અંગ્રેજોના દબાણ અને પૈસાની લાલચે મતિભ્રષ્ટ બની ચૂક્યો હતો. દરાબશાહે દૂધમાં પીવામાં આવેલા ઝેરની પ્રતીતિ થતાંની સાથે પોતાની બંદૂક તેની સામે તાકી, પરંતુ ઘોડો દબાવતાં પહેલાં તેના અંતરમાંથી અવાજ ઊઠ્યો, 'દરાબ, તું બાગી છે, ખૂની નહિ!'

તરત બંદૂક દૂર ફેંકી પોતે પિતાતુલ્ય માનેલા બ્રાહ્મણના ચરણે પોતાનું મસ્તક ઢાળી તે બોલ્યો, 'ખુદા આપ કો સ...લા...મત...' એટલું બોલતામાં તો તેના પ્રાણ પરવારી ગયા. □

અનુસંધાન] કસુંબલ રંગ [પૃ. ૪૧૯થી

એ દિવસોમાં એય પૂરી જોખમી વસ્તુ હતી. છતાં એ તો પોતાની કલમ ને પુસ્તક, પ્રાર્થના અને ગીત પર પણ હસી લેતા!

'ફાંસીની તુરંગની પાસોપાસ થોડાએક ઊંચી કક્ષાના રાજકેદીઓ રહેતા હતા. તમારી ઊંચી વાણીમાં તમે જેને 'આત્મસમર્પણ' જેવા કોઈક... અઘરા શબ્દથી ઓળખાવો છો ને, એવું કશુંક કરી નાખનારા આ મહાપુરુષો હતા. પાષાણ શાં હૃદયોને પણ પિગાળી નાખે તેવી એમની વાચાસિદ્ધિ હતી.' ('જે.બા.' પ્ર.. ૧૨; પૃ. ૧૨૯) જેલમાં રહ્યે રહ્યે જતી-આવતી રેલગાડી સંભળાતી. એમાંથી ક્યારેક અવાજ આવતો-

" 'ઇન્કેલાબ ઝિન્દાબાદ!'મારે માટે એ શબ્દમાંથી અધિક સુગંધ મહેકે છે, કેમ કે મારી ઓચિંતી ગિરફતારીને વખતે હૈયું ગુમાવી રડી પડેલી પ્રિય પત્નીએ એક જ પલકમાં એ 'ઇન્કેલાબ ઝિન્દાબાદ' ની ઘોષણા કરીને દિલ પાછું કબજે કરી લીધું હતું... બહારની દુનિયા સાથે અમારા સંબંધની ગાંઠ બાંધનારી આ રેલગાડી અત્યારે તો રોજરોજ જોઈ હતી તે કરતાં જુદી જ દેખાય છે. Throbbings of a thousand hearts - હજારો કલેજાંના ધબકારાને વ્યક્ત કરતી.(ત્યારે) અવાજ આંખ જેવો બને છે : નથી દેખાતાં છતાં હજારો દેશજનોનાં મુખો એ અવાજમાંથી ડોકિયાં કરે છે..." ('જે. બા.' આ. બીજી, ૧૯૪૨, પૃ. ૧૬૫)

એમણે માગીને જેલકારકુનનું કામ લીધેલું, એને કારણે મુલાકાતોના સાક્ષી થવાનું ને અનેક કેદીઓના જીવનમાં પ્રવેશ મળતો. એમનાં સુખદુઃખ, એમનામાં પડેલી ભલાઈ - એનો જાત-અનુભવ મળ્યો તે, અંતરમાં ઊર્મિ-ઉછાળ શમે ત્યાં સુધી, ઠરવા દીધો; ત્રણ વરસ પછી અંતર 'જેલ ઑફિસની બારી' રૂપે બોલવા લાગ્યું - એ પણ જેલના અનુભવનું પરિણામ. આમ, મહાનુભાવોની સંગત, વાચન, મુલાકાતો, લેખન, પત્રો, કારકુનગીરી, મહેફિલોમાં કથા-નાટક-સંવાદ-ગાન, એમ જેલનો કાળ જતો હતો. ત્યાં, બરાબર દસ માસ ને અગિયાર દિવસે, તા. ૮-૩-૧૯૩૧ને રોજ છૂટ્યા. એવું શું થયું? એનો જવાબ સાવ ટૂંકો તો આ ત્રણ શબ્દોમાં અપાય 'ગાંધી-અર્વિન-સમજૂતી' પણ આ વાત માટે ઇતિહાસનાં પાનાં થોડાંક ઉથલાવવાં પડે. ઇતિહાસના ઘડનારાનાં ચરિત્રમાં તો ઇતિહાસ સાથે એનું જીવન એવું જોડાયેલું હોય છે કે એને સમજવા ઇતિહાસ ખોલવો જ પડે.

(ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

અવલોકન

(ઘરગથ્થુ હોમિયોપથિક સારવાર - ડૉ. હરિલાલ અમરચંદ શાહ, પાકું પૂઠું, - પાનાં ૪૧૬ કિંમત રૂ. ૧૭૦/-, પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, રતનપોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ)

છેલ્લાં પંદર વર્ષથી 'હોમિયોપથી' ચિકિત્સા પદ્ધતિમાં જે રીતે શ્રદ્ધા, વિશ્વાસ અને ઉપયોગિતાના અહસાસનો સર્વત્ર જુવાળ જોવા મળે છે તે જોતાં 'હોમિયોપથી' ૨૧મી સદીની ચિકિત્સા પદ્ધતિ તરીકે સ્થાન પામે તો નવાઈ નહિ ગણાય.

આ સંદર્ભમાં લેખકનું આ પુસ્તક એક અત્યંત મૂલ્યવાન પ્રદાન કહી શકાય. ગુજરાતી ભાષામાં જ નહિ પરંતુ અન્ય કોઈ ભાષામાં આ પ્રકારની વિસ્તૃત માહિતી અને લાંબા અનુભવનો નિચોડ દર્શાવતું આટલું સ્પષ્ટ, સાદી ભાષામાં છેલ્લામાં છેલ્લી સંપૂર્ણ માહિતી આપતું પુસ્તક જોવા મળવું મને તો અઘરું જણાય છે.

લેખક હરિ ચેરિટેબલ ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી છે. અને ટ્રસ્ટના સંચાલન નીચે અમદાવાદ શહેરમાં ચાલતાં ૧૧ દવાખાનાંના મુખ્ય સંચાલક હોવાથી અનેક દર્દીઓની ટ્રીટમેન્ટ કઈ રીતે થઈ તેનો તેમને સંપૂર્ણ ખ્યાલ છે. પોતે પણ દવા આપતા હોવાથી અનેક જટિલ દર્દો કઈ દવાથી કેવી રીતે મટે છે તેનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે વિવિધ દર્દીઓને કયાં ચિહ્નો જોયા પછી કઈ દવાથી દર્દ મટાડ્યું તેના અનેક દાખલા આપ્યા છે. તે ઉપરાંત પુસ્તક વાંચવાથી લાગે છે કે તેમનું આ ચિકિત્સાશાસ્ત્રનું બહોળું વાચન પણ છે, જેનો લાભ આપણને આ પુસ્તક વાંચવાથી મળે છે.

સામાન્ય જન, અન્ય ચિકિત્સાશાસ્ત્રના નિષ્ણાતો આ પુસ્તક બે-ત્રણ વાર વાંચી જાય તો તેઓ પણ હોમિયોપથિક ડૉક્ટર બની જાય એટલી બધી માહિતી આ પુસ્તકમાં છે. પુસ્તકમાં લગભગ ૧૦૯ દવાઓ વિષે માહિતી આપી છે.

પુસ્તકના ૪ વિભાગો : ૧. હોમિયોપથીની ઓળખાણ. ૨. હોમિયોપથિક ઔષધશાસ્ત્ર - મટીરીઆ મેડિકા (૧૦૯ દવા વિષે માહિતી). ૩. હોમિયોપથિક ચિકિત્સા. (જુદા જુદા ૨૭૪ રોગો માટેના ઉપચારો). ૪. થોડીક જરૂરી માહિતી.

જુદાં જુદાં પુસ્તકો વિષે અને હોમિયોપથીનાં દવાખાનાંનાં સરનામાં આપ્યાં છે તથા હોમિયોપથી દવા ક્યાં ક્યાં ઉપલબ્ધ છે વગેરે માહિતી આપી છે. ગુજરાતના અગ્રગણ્ય હોમિયોપાથ શ્રી ભાસ્કર ભટ્ટે આ પુસ્તકને તેમનો આગવો સ્પર્શ આપ્યો છે. આવા અમૂલ્ય પુસ્તકમાં પ્રકાશકે કવર પેઈજ અને અંદરનાં પાનાંના લે-આઉટ ઉપર પૂરતું ધ્યાન આપ્યું નથી તે દુઃખની વાત છે. આ નાની ખામી બાદ કરતાં લેખક અને પ્રકાશક બંનેને ખૂબ ખૂબ અભિનંદન. - હેમેન્દ્ર એ. શાહ

પ્રાપ્ત પ્રકાશનો

તરંગની સૂરાવલી : તરલિકા શાહ, પ્રકાશક:પોતે, ૨૪, શાંતિ ટાવર્સ, નેહરુનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ-૧૫; પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ : ૭૫, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૨૪. બાળકો માટેનાં પદ્યનાટકોનો સંગ્રહ.

સ્રગ્ધરા : ગોવિન્દભાઈ. પ્રકાશક : પ્રણવ પ્રકાશન, બી-૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ, પાવન ફ્લૅટની બાજુમાં, સેટેલાઈટ, અમદાવાદ-૫૪. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૫૬, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૧૫. છંદોબદ્ધ કાવ્યોનો સંગ્રહ.

કન્યાકુમારી : ગોવિંદભાઈ, પ્રકાશક : ઉપર મુજબ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૪૮, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૨. કન્યાકુમારીની ભવ્યતા આલેખતું પદ્યનાટક.

ત્રીજો કિનારો : ઈસ્માઈલ શેખ. પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૭. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૮૭, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૨૫. સાદી અને હળવી ગઝલોનો સંગ્રહ.


બે હથેળી : કિરીટ ગોસ્વામી 'કલાત્મક'. પ્રકા. : ગઝલ પરિષદ, એમ/૭૧૬, ગુજરાત હાઉસિંગ બૉર્ડ, દૂધસાગર માર્ગ, રાજકોટ-૩, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, ક્રાઉન, પૃષ્ઠ ૪૮, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૧૭. ટૂંકી બહેરની ગઝલોનો સંગ્રહ. એક શૅરનો નમૂનો :

'હુંય મીરાં થૈ હવે તો,
તું જરી માધવ બની જા.'

અસ્તિત્વ સામે અગનખેલ : સંપાદક : માણેકલાલ પટેલ. પ્રકા. : 'વિવેકગ્રામ' પ્રકાશન, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ, નાગલપુર રોડ માંડવી (કચ્છ). પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃષ્ઠઃ ૨૨૮, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૫૦. માનવીય અસ્તિત્વ અને પર્યાવરણની જાળવણી માટેના લેખોનું સંપાદિત પુસ્તક. પર્યાવરણનું જતન એ જીવનનું જતન ગણી શકાય એ આ સંપાદનનો ઉત્તમ ધ્વનિ છે.

સંદેશાવ્યવહાર : મોહનભાઈ એચ. વિરોજા. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળની સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. ડિમાઈ, પૃષ્ઠ : ૧૨૨, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૭૦.૦૦ સાધનો અને ઉપયોગિતાનું પુસ્તક.

સાધનાનો માર્ગ : સંપાદકો : સત્યવતીબહેન પંડ્યા, શારદાબહેન ભટ્ટ, ડૉ. ગૌતમ ના. દવે. પ્રકાશક : ૧૬/૨, અરુણોદય સોસાયટી, વડોદરા-૩૯૦૦૦૫. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬. પૃષ્ઠઃ ડિમાઈ, ૫૦, કાચું પૂંઠું, મૂલ્ય : ૨-૨૦. શ્રી નાનાભાઈ દવે વિશેનો આ છે સ્મૃતિગ્રંથ.



તારા નામમાં ઓ સ્વતંત્રતા
મીઠી આ શી વત્સલતા ભરી.
મુડદાં મસાણેથી જાગતાં
એવી શબ્દમાં શી સુધા ભરી!


– ઝવેરચંદ મેઘાણી

શેષાનને મૅગ્સેસે ઍવૉર્ડ

'રાજકારણમાં દાખલ થવું ત્યારે જ લેખે લાગે જ્યારે ગરીબની આંખમાંથી આંસુનું એકાદ પણ ટીપું લૂછવું શક્ય બને. આ દેશમાં જો એક ચોરસ ફૂટ જેટલી જમીન પણ મને સ્વચ્છ કરવા માટે આપવામાં આવે તો હું રાજકારણમાં દાખલ થવું પસંદ કરીશ.' પોતાને મળેલા ફિલિપાઈન્સના રેમન મૅગ્સેસે પુરસ્કારના સંદર્ભમાં ભારતના એક અગ્રગણ્ય અખબારને આપેલી મુલાકાતમાં મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી શેષાનના આ ઉદ્ગારો તેમનાં વર્તન, વ્યક્તિત્વ અને વિચારવિશ્વનાં દ્યોતક છે.

૧૯૩૨માં પાલઘાટ, કેરળમાં જન્મેલા શ્રી તીરુનેલ્લાઈ નારાયનાઈયાર શેષાન મદ્રાસ યુનિવર્સિટીમાંથી ભૌતિકશાસ્ત્રના વિષય સાથે સ્નાતક થયા અને મદ્રાસ ક્રિસ્ચ્યન કૉલેજમાં તે વિષયમાં અધ્યાપન-કાર્ય કર્યું. ત્યાર પછી વધુ અભ્યાસ-અર્થે તેઓ અમેરિકા ગયા અને ત્યાંથી હાર્વર્ડ યુનિવિર્સિટીમાં પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન સાથે અનુસ્નાતક થયા. ભારત પાછા ફર્યા બાદ તેઓ ટોચની વહીવટી સેવા એટલે કે આઈ.એ.એસ.માં જોડાયા અને ખંત, કર્તવ્યનિષ્ઠા અને પ્રતિબદ્ધતાને કારણે આગળ વધતા વધતા કૅબિનેટ સેક્રેટરીની કક્ષાએ પહોંચ્યા. શ્રી ચંદ્રશેખર ૧૯૯૦માં જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે શ્રી શેષાનની મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરી.

છેલ્લા એકાદ દાયકાથી ભારતીય લોકશાહીનાં મૂલ્યો અને આદર્શો પાયામાંથી હચમચી ગયાં છે એવો એક સર્વસામાન્ય મત પ્રવર્તે છે. લોકશાહી વ્યવહારોને પણ મોટા પ્રમાણમાં લૂણો લાગ્યો છે અને સત્તા, રાજકારણ, સ્થાપિત આર્થિક હિતો અને ક્રાઈમ વચ્ચેના 'અનહોલિ અલાયન્સ'ને કારણે લોકશાહી શાસનવ્યવસ્થા માટે ગંભીર ખતરો ઊભો છે એ હકીકત પણ લગભગ સર્વસ્વીકૃત છે. લાંબા સમયથી ચાલી આવતી આ પરિસ્થિતિને કારણે ચૂંટણીપ્રથાની વિશ્વસનીયતા અંગે પણ અનેક શંકાકુશંકાઓ ઊભી કરવામાં આવતી હતી. આ પરિસ્થિતિના સંદર્ભમાં શ્રી શેષાનની મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેની નિમણૂક એ એક રીતે આકસ્મિક હોવા છતાં સમગ્ર



પ્રથાની દૃષ્ટિએ ક્રિટિકલ પુરવાર થઈ. મૅગ્સેસે પુરસ્કાર આપવાનો નિર્ણય લેનાર બોર્ડે તેમને માટે તૈયાર કરેલા સાઈટેશનમાં ઉલ્લેખ્યું છે તે મુજબ જ્યારે ભારતના રાજકારણીઓ ચૂંટણી સુધારા હાથ ધરવા માટે આનાકાની કરતા હતા ત્યારે તેમણે એકલે હાથે રાજકારણીઓ પ્રેરિત

શ્વાનસૃષ્ટિ



કૉલિ

એક કાળ એવો હતો કે શક્તિશાળી કૂતરાને ઘેટાંબકરાંની રખેવાળી માટે પાળવામાં આવતા. આજે એ ઘેટાંબકરાંને હંકારવામાં સહાયભૂત થાય એટલા માટે કૂતરાઓને પાળવામાં આવે છે. આથી હવે બુદ્ધિશાળી અને આજ્ઞાંકિત એવા આ પ્રકારના કૂતરાઓને કૉલિ કહે છે. આ નામ સ્કૉટલૅન્ડના કોલીઝ (Colleys) પ્રકારના શ્યામ ઘેટા પરથી આવ્યું છે.

આ કૉલિ આજે બે પ્રકારના મળે છે. પ્રદર્શન માટેનો કૉલિ અને ઘેટાંબકરાંની રખેવાળી માટેનો કૉલિ. આ કૂતરાના વાળ લાંબા પણ હોય છે અને ટૂંકા પણ. પ્રદર્શન માટેના કૉલિ દેખાવે સુંદર હોય છે. તેમને મોટે ભાગે પાલતુ જાનવર તરીકે રાખવામાં આવે છે. સામાન્ય રીતે તેના કાન નીચે ઢળેલા રહે છે, પરંતુ જ્યારે એ કંઈક ઇચ્છા પ્રકટ કરવા માગતો હોય છે ત્યારે તે કાનને ટટ્ટાર ઊભા કરે છે.

ઘેટાંબકરાંની રખેવાળી કરતા કૉલિ ચપળ અને ચતુર હોય છે. એ પોતાના વાઘના સભ્યોને ગમે ત્યાંથી શોધી કાઢવાની જાદુઈ શક્તિ ધરાવે છે. પોતાના માલિકના પ્રત્યેક ઇશારાને તે આજ્ઞાંકિતપણે અનુસરે છે. પહાડી પ્રદેશમાં તો પશુપાલક આ પ્રકારના કૂતરા વગર ચલાવી જ ના શકે. રાણી વિક્ટોરિયા આ કૉલિથી ખૂબ આકર્ષાયેલાં અને ઇંગ્લન્ડ તથા અમેરિકામાં તેની ઓલાદને પ્રચલિત કરવામાં તેમનો મોટો ફાળો હતો. □

ગેરરીતિઓ સામે જંગ આદર્યો અને ભલભલા ચમરબંધીઓને નમાવી ચૂંટણી પ્રથાની વિશ્વસનીયતા પુનઃ પ્રસ્થાપિત કરી.

મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી શેષાન હંમેશાં એક વિવાદાસ્પદ વ્યક્તિ રહ્યા છે. રાજકારણ, રાજકારણીઓ, રાજકીય વ્યવહારો અને રાજકીય નીતિમત્તા વિશેના તેમના ખ્યાલોએ ઘણી વાર ઝંઝાવાતો ઊભા કર્યા છે, અને તેને કારણે તેઓ અનેક વાર વડાપ્રધાન સહિત પોતાના સાથીઓ, રાજકીય પક્ષો અને ક્યારેક સુપ્રિમ કોર્ટ સાથે પણ ઘર્ષણમાં આવ્યા સમૂહસંચાર માધ્યમોએ પણ તેમના વિચારોને અમુક રંગ આપીને ચગાવ્યા. બંધારણે નિર્ધારિત કરેલી મર્યાદાને ઉવેખીને વધુ સત્તા અંકે કરવાનું તેમના પર આળ ચડાવવામાં આવ્યું. અન્ય આક્ષેપોની પણ ઝડી વરસી. મુખ્ય ચૂંટણી કમિશનરનું સ્થાન શોભાવવાને તેઓ યોગ્ય નથી એવો પણ એક ઇશારો કરવામાં આવ્યો અને તામસી પ્રકૃતિ, બિનજરૂરી બોલકાપણું, દુરાગ્રહી માનસ અને ચૂંટણીલક્ષી વિચાર, વ્યવહાર અને વ્યવસ્થા અંગે એક પ્રકારનો મનસ્વી અભિગમ એ ઠરેલ, પરિપકવ અને સંવાદ તેમજ સમાધાનની ભૂમિકા સ્વીકારીને ચાલનારા ચૂંટણી કમિશનરની 'ઇમેજ'થી તદ્દન વિરોધી લક્ષણો છે એવી ટીકા પણ કરવામાં આવી. આમ છતાં પોતાના વિચારોને તેઓ મક્કમતાપૂર્વક વળગી રહ્યા અને અનેક મર્યાદાઓ વચ્ચે રહીને પણ સુચારુ રૂપે ચૂંટણીઓનું નિયમાનુસાર સંચાલન કર્યું અને સફળતાપૂર્વક પાર પાડી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે તેમના પુરોગામી ચૂંટણી કમિશનરો દબાણો કે અન્ય કારણોને વશ કે વિવશ થઈને જે ચૂંટણી-નિયમોનું પાલન ન કરાવી શક્યા તે તેમણે કરી દેખાડ્યું. ગુંડા તત્ત્વોને ચૂંટણીપ્રક્રિયા દરમિયાન દબાવી દેવાં, મત ખરીદી લેવામાં ન આવે તે જોવું, 'બુથ કેપ્ચરિંગ' અટકાવવું, ઘોંઘાટભર્યાં અને આડંબરપૂર્ણ અભિયાનો પર સફળતાપૂર્વક પ્રતિબંધ મૂકવો અને ચૂંટણીખર્ચ પર મૂકવામાં આવેલી મર્યાદાનું ચુસ્તપણે પાલન કરાવવું વગેરે ભારતનો ચૂંટણી-ઇતિહાસ જોતાં શ્રી શેષાનની એક અત્યંત મોટી સિદ્ધિ ગણાવી શકાય. આવા સરકારી અધિકારીનું આ બહુમાન એ સુપરત સત્તાના ન્યાય અને વિવેકપૂર્ણ ઉપયોગનું જ બહુમાન છે.

શેષાને પોતાને મળેલા પુરસ્કારને ભારતીય લોકશાહી અને ચૂંટણીપ્રથાના યશોગાન તરીકે ઓળખાવ્યો છે. આ પુરસ્કાર મેળવનારાં એલ.સી. જૈન, ઇલા ભટ્ટ. બી.જી. વરગીસ અને કિરણ બેદી જેવાં સન્માન્યોની યાદીમાં એક વધુ ભારતીય નામ ઉમેરાયું તે ભારત માટે ગૌરવશાળી ઘટના છે. - યોગેન્દ્ર માંકડ

કેળાં વિષે કેટલુંક

કેળાં (Musa Paradisiaca L.) એ બહુ પ્રાચીન અને જાણીતું ફળ છે. કિંમતમાં એ સસ્તું અને આ ઋતુમાં પુષ્કળ પ્રમાણમાં થતું હોઈ બહુ જાણીતું પણ છે.

કહેવાય છે કે ઈવ તેનાં પાનનો ઉપયોગ પોતાની આબરૂ ઢાંકવા કરતી હતી એટલે કદાચ કેળને 'સ્વર્ગનું ઍપલ' કહેતા હશે.

કેળ વિષુવવૃત્તની બંને તરફ ત્રીસ અંશ ગરમી ધરાવતા પ્રદેશોમાં ઊગે છે. સામાન્યતઃ મનાય છે કે મૂળ તો એ પૂર્વ મલયેશિયાનું વતની છે. આજે એશિયા દુનિયાનો એકતાળીસ ટકા પાક ઉતારે છે.

કેળાં શરીરને શક્તિ આપતાં શર્કરા અને સ્ટાર્ચનો સ્રોત છે. તેનામાં લગભગ બધાં જ પોષક દ્રવ્યો છે અને તે કેટલાક ઔષધીય ગુણો પણ ધરાવે છે. કાચું હોય તો યે તેનું શાક કે 'કરી' કરવાના કામમાં આવે છે ને પોચું અને પાકું કેળું બાળકોને પણ ખવડાવાય છે. કેળના રેસા પૂઠાં અને પાતળો કાગળ બનાવવામાં વપરાય છે. ચિપ્સ, પીણાં, પાવડર, મુરબ્બો, મીઠાઈઓ, લોટ ઉપરાંત તેના ગરને સૂકવીને બીજી અનેક ખાદ્ય ચીજો પણ બનાવાય છે.

સન ૧૯૯૨-૯૩માં લગભગ ૩,૯૬,૧૯૭ હેક્ટરમાં ૧૦૪૫૯૯૮૬ મેટ્રિક ટન જેટલો તેનો પાક ઊતરેલો. ભારત દુનિયાભરમાં ૧૫.૦૨ ટકા ઉત્પાદનમાંથી વધુમાં વધુ કેળાં પેદા કરે છે.

કેળાંનો દુનિયાભરનો ૧૩.૫૫ ટકા જેટલો પાક થાય છે. દુનિયાનો ૧૯૯૪માં ૫૨.૬ મિલિયન ટન પાક ઊતરેલો, જેમાં ભારતમાં ૭.૯ મિલિયન ટન, બ્રાઝિલ ૬.૦૨ મિલિયન ટન, ઇક્વેડોર ૪.૭ મિલિયન ટન અને ફિલિપાઈન્સ ૩.૨૫ મિલિયન ટન પાક થયો હતો.

ભારતમાં મુખ્યત્વે પૂવન, રોબસ્તા, ડ્વાર્ફ કેવેન્ડિશ, અમૃતપાની, મંથન, નેન્દ્રન, અમૃત, સાગર, વિરુપાક્ષી, લાલકેળાં અને ગ્રોસ મિચેલ જાતનાં કેળાં ઉગાડાય છે. કેળાં મુખ્યત્વે પાંચ પ્રકારમાં વહેંચી શકાય : ડેઝર્ટ બનાના, કુલીનરી, નેન્દ્રન, વિરુપાક્ષીયા અને કુનાન.

નૈઋત્ય ભારતમાં વરસાદી મોસમમાં ત્રણ-ચાર માસના ફણગા રોપવામાં આવે છે. જ્યાં પાણીની પૂરતી છત હોય ત્યાં સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં રોપવામાં આવે છે. 'ડ્વાર્ફ કેવેન્ડિશ'ને લગભગ ૧.૮×૧.૮ મીટરને અંતરે રોપાય છે. પૂવન, મંથન, રસ્ટહોલ, નેન્દ્રનની ૨.૧ થી ૩.૩ મીટરે રોપણી કરાય છે. ગીચ વાવણી માટે ૧.૫×૧.૫ મીટરની ભલામણ થાય છે. રોપાને જમીનની સપાટીથી ૯ થી ૧૨ ઇંચ ઊંડે વવાય છે.

મોટે ભાગે વરસાદી ઋતુમાં જ વાવણી કરાય છે, પણ શિયાળા સિવાય વર્ષમાં ગમે ત્યારે વવાય છે. ભારતમાં તેની વાવણીનો સમય રાજ્યવાર જુદો જુદો છે. પછી તેને દર છોડદીઠ

૧૬૦ ગ્રામ નાઈટ્રોજન, ૧૬૦ ગ્રામ ફોસ્ફરસ અને ૩૨૦ ગ્રામ પોટાશિયમ અપાય છે. વાવ્યા પછી એક મહિને પહેલી વાર અને પછી ચાર મહિને બીજી વાર ખાતર અપાય છે. સામાન્ય રીતે કેળ વાવ્યા પછી છ થી દસ મહિને ફૂલ આવે છે અને ત્રણ-ચાર મહિને તે તૈયાર થાય છે અને ત્યારે તેની લૂમ થડથી ત્રીસચાળીસ સેન્ટીમીટર છોડી દઈ તેને કાપીને ઉતારી લેવાય છે. લૂમ ઉતાર્યા પછી કદ વગેરે પ્રમાણે તેનું વર્ગીકરણ કરાય છે અને બહારગામ મોકલતાં પહેલાં તેને કેળના પાનમાં વીંટવામાં આવે છે. ગ્રાહકો સુધી પહોંચે ત્યાં સુધીમાં એના નબળા પૅકિંગને કારણે પચ્ચીસ ટકા પાક તો નિરર્થક જાય છે. જો કે સેન્ટ્રલ ફૂડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ્સ (મ્હૈસૂર)એ તૈયાર કરેલી પેસ્ટ તેના કાપ પર લગાડાય છે. પછી સૂકાં કેળનાં પાન ઉપર લૂમને ઊભી કે આડી ગોઠવીને જમીન પર રાખી દેવામાં આવે છે. ટ્રોપિકલ ફળ હોઈ તેને તેર ડિગ્રી ગરમ વાતાવરણમાં રખાય છે.

વખત લાગતો હોઈ કેળાં ઝાડ પર પકાવવામાં આવતાં નથી. વળી, એ રીતે કેટલાંક ફળ પણ બગડે છે એટલે તેને કૃત્રિમ રીતે જ પકાવાય છે. રાજ્યે રાજ્યે તેની અલગ રીત છે. બંધ ખંડમાં ધુમાડો અને ગરમી આપવાની રીત વધુ પ્રચલિત છે. ક્યાંક કેલશિયમ કાર્બાઈડ કે જે એસિટીલિન ગૅસ પેદા કરે છે તેને રૂમમાં રાખીને પણ કેળાં પકવવામાં આવે છે.

દુર્ભાગ્યે ભારતીય કેળાંની નિકાસ ઓછી થાય છે કારણ કે એનું પૅકિંગ સારું થતું નથી અને બગડવાને કારણે નુકસાન વધુ થાય છે. રશિયા, નેપાલ, જર્મની, નેધરલૅન્ડ્સ, ગ્રીસ, સાઉદી અરેબિયા, કુવૈત અને અખાતના બીજા કેટલાક દેશો વગેરેમાં ભારતીય કેળાંની નિકાસ થાય છે. અને આને માટે ફિલિપાઈન્સ અને મલયેશિયા ભારતની સારી એવી હરીફાઈ કરે છે.

પોષણ ઉપરાંત આયુર્વેદમાં કેળાંના ઔષધીય ઉપયોગ પણ ગણાવ્યા છે. અહીં કેટલાક જોઈએ :

(૧) સોજા ઉપર ઘઉંની કણક અને પાકાં કેળાં પાણીમાં મેળવી ગરમ કરી બાંધવાં. (૨) જીભમાં કાતરા પડે તો તે ઉપર પાકેલાં કેળાં ગાયના દહીં સાથે સૂર્યોદય પહેલાં ખાવાં. (૩) કમળા ઉપર કેળાં મધમાં મેળવી ખાવાં. (૪) ભસ્મક રોગ ઉપર કેળાં ઘી સાથે ખાવાં અથવા કેળનું પાણી કાઢી પીવું. (૫) મૂત્રઘાત - પેશાબ બંધ થાય તે ઉપર કેળનું પાણી ચારપાંચ તોલા લઈ તેમાં પાતળું ઘી બે તોલા મિશ્ર કરી પીવું. (૬) પિત્તરોગ ઉપર પાકેલાં કેળાં અને ઘી પાવું. (૭) ધૂપણી (પ્રદર) ઉપર કેળનાં પાન બારીક વાટી દૂધમાં તેની ખીર કરી બે-ત્રણ દિવસ પીવી. (૮) કેળાંનું અજીર્ણ થાય તે એલચીડોડા ખાવા.

ધાબા પર ખેતી

'કાશીનું મરણ અને સુરતનું જમણ' કહેવત છે. સુરતનો પોંક વખણાય છે. વાલોડની જુવાર પોંક માટે વખણાય છે. વાલોડ સુરત જિલ્લાનું ગામ છે. સુંદરનગરમાં શ્રી વિનોદભાઈ મહેતા રહે છે. ખેતીવાડીના સ્નાતક છે. કપાસ સંશોધનનો અનુભવ છે. પ્રયોગવીર છે.

૧૯૯૫ના ચોમાસામાં પોતાના મકાનના ધાબા પર શાકભાજીની વાડી બનાવી. રીંગણ, ટામેટા, પાપડી, કારેલાં, ટીંડોળાં, ગવાર, મરચાંની નાનકડી પ્લાસ્ટિકની કોથળીઓમાં વાડી બનાવી. સમયસર વાડીની જુવાર ઉગાડી ચકલાં ચણી જાય તે પહેલાં એક ખેડૂતમિત્રની મદદથી પોંક પડાવતા રહ્યા. ઘરનાં, કુટુંબીજનો, પડોશી, મિત્રો અવારનવાર આવે એટલે સુરતી પોંકથી તેમનું સ્વાગત કરતા. તેમના ધાબા પરની પોંકની ખેતીમાં લગભગ બે કિલો જેટલો પોંક ખાવા મળ્યો.

ધાબા-ખેતીમાં લગભગ બે કિલો જેટલી લીલી હળદર પકવી. ભીંડા, ગવાર, રીંગણ, મરચાં, ટામેટા, મેથી, ધાણા, વગેરે વગેરે તૈયાર થાય એટલે તાજાંમાજાં ઉગાડીને ભરપેટ શાકભાજી ખાવાની મઝા.

ઘણાં ઘરોમાં ધાબાં હોય છે. પાણીની સગવડ પણ હોય છે. પ્લાસ્ટિકની નાનીમોટી કોથળીઓમાં નીચે કાણાં પાડી કૂચા-પાંદડાંથી અર્ધી કોથળી ભરી, બાકીની કોથળી ખાતર માટીથી ભરવી. મોસમ પ્રમાણે બી વાવવાં કે રોપા રોપવા. અવારનવાર પાણી પાવું. ૨-૩ અઠવાડિયે એક વાર પાણી મિશ્રિત પેશાબનું ખાતર આપવું. જરૂરી અંતરે કોથળીઓ મૂકવી. ૩-૪ કે ૫-૬ મહિને જુદાં જુદાં શાકભાજી તૈયાર થાય એટલે ઉતારી લેવાં.

ગામડા સિવાય ખેતી થઈ શકતી નથી. ખુલ્લા ખેતરમાં કે વાડામાં શાકભાજીની ખેતી થાય, તેવી રીતે નાના પાયા પર ધાબાખેતી થાય. મુંબઈના વાંદરા પશ્ચિમમાં શ્રી રમણીકભાઈ દોશી રહે છે. ઘરડા છે. અર્થશાસ્ત્રના નિષ્ણાત છે. મોટા ઉદ્યોગપતિ છે. ખેતીબગીચાના શોખીન છે. ૭-૮ વર્ષની તેમની ધાબાખેતીમાં આંબો, ચીકુ, જમરૂખ, લીંબુ, અંજીર, પપૈયા, દાડમ ઉગાડ્યાં છે. મોસમ પ્રમાણે ફળ ખાવા મળે છે. ઉપરાંત બધી જાતનાં શાકભાજીની ખેતી કરે છે. રોજે રોજ કોથળીમાં આવતા દૂધની થેલી, પૅકિંગમાં મળતી પ્લાસ્ટિકની થેલી, સિમેન્ટ, ખાતરના કોથળાઓમાં તેઓ ખેતી કરે છે. ખાતર તરીકે ખોળ, પેશાબ, છાણિયું ખાતર વાપરે છે. બારે માસ અવારનવાર શાકભાજી ખાવા મળે છે. શેરડી વાવી છે અને સાંઠામાંથી ૩-૪ ગ્લાસ રસ મળે છે. નાનકડું કોલુ રાખી રસ પીવાની, તથા મહેમાનોને પાવાની મઝા માણે છે. તેમના અનુભવે ખેતરની ખેતી કરતાં ધાબાની ખેતી પરવડે તેવી છે.

- રાજુભાઈ જંત્રાણિયા

> કઠિણ ચઢિયો પ્રેમતરુ, ડાલી બિચ ખજૂર;
> ચઢે તો પાવે મિષ્ટ ફલ, પડે તો ચકના ચૂર.
>
> રાણી રૂપમતી

ચંદ્રશેખર આઝાદના જીવનનો આ પ્રસંગ છે. એમનાં માતાપિતા માંદાં પડ્યાં ત્યારે મિત્રોએ આર્થિક સહાય સારુ ફંડફાળો ઊઘરાવવા તૈયારી દર્શાવી. આઝાદે જણાવ્યું, 'દેશવાસીઓના પૈસા એમ વપરાય નહિ.' અને પછી જણાવ્યું કે, 'જરૂર પડશે તો આ તૈયાર છે; એનાથી માતાપિતાને સહાય કરીશ.' અને એમણે પોતાની પિસ્તોલ બતાવી. શી દેશદાઝ!

*

જહાંગીરે પોતાના શાસનકાળ દરમિયાન ગુરુવાર અને રવિવાર એમ બે દિવસ પશુહત્યા પર પ્રતિબંધ મૂક્યો હતો.

*

ઈન્દ્રવરણાનો રસ સવારે અને રાત્રે દાદર પર લગાડવાથી ફાયદો થાય છે.

*

જાણો છો કે હાલનું ઈન્ડોનેશિયા પહેલાં ઈસ્ટ ઈન્ડીઝને નામે ઓળખાતું હતું ?

*

એક તારણ પ્રમાણે અંગ્રેજી ભાષા બોલનારની સંખ્યા ૩,૬૦,૦૦૦,૦૦૦થી પણ વધારે છે. પરંતુ મેન્ડાહિન અથવા ઉત્તર ચીની ભાષા બોલનાર લોકોની સંખ્યા એથી પણ વધારે એટલે કે ૫,૭૫,૦૦૦,૦૦૦ની છે!

*

મેક્સિકો શહેરમાં કચરો ઉપાડવાનો પરવાનો લેવો પડે છે. પરવાના સિવાય કોઈ પણ વ્યક્તિ કચરો ઉશેટી શકતી નથી, કારણ કે આવાં સ્થાનોએ બંદૂકધારી પહેરેગીર સતત ધ્યાન રાખતો હોય છે!

*


રમતિયાળ અને નાજુક જણાતી ખિસકોલી એક સાથે ૪૫ મીટર જેટલું અન્તર કાપી શકે છે.

*

ગ્રીષ્મકાળ પસાર કરવા માટે ચીનના જેહોલ શહેરમાં બન્ધાયેલો શાહી મહેલ આખો તાંબાનો બનેલો છે!

*

વિશ્વમાં એક નાનામાં નાના 'જાદુઈ ચોરસ' જેવો 'જાદુઈ અંકયંત્ર' સાથેની આકૃતિમાં જણાવ્યા પ્રમાણે રચવામાં આવ્યો છે.



આ 'અંકયંત્ર'માં ફક્ત ૦,૧, અને ૨, એ ત્રણ આંકડાથી બનતી સંખ્યાઓને વાપરવામાં આવી છે અને નીચે જણાવ્યા પ્રમાણે સરવાળો કરવાથી એના જવાબમાં ચોથો આંકડો '૩'ના આંક વડે બનતી સંખ્યા '૩૩' આવે છે.

૧૧ ૨૧ ૧૧ ૧૨ ૧૧ ૨૧ ૨૧ ૧૧
+૧૦ -૧૦ +૧ -૧ +૧ +૧ ૧૨ ૨૨
૧૨ ૨૨ ૨૧ ૨૨ -૧ -૧ ૩૩ ૩૩
૩૩ ૩૩ ૩૩ ૩૩ ૨૨ ૧૨
૩૩ ૩૩

- માધવજી દેવળીઆ

*

જામનગર મૂળજીભાઈ સોનીએ ચોખાના એક દાણા ઉપર ૩૨૮ અક્ષરો કંડારેલા છે.

*

દુનિયાની સૌથી ઊંચી વ્યક્તિ જોનસન આલ્બર્ટની ઊંચાઈ ૯ ફૂટ અને ૩.૫ ઇંચ છે. તે આમ્સ્ટર્ડનનો રહીશ છે.

*

કાતરથી અવારનવાર કાચ પેપરના ટુકડા કાપતાં રહેવાથી કાતરનાં પાંખિયાં ધારદાર રહે છે અને કટાતાં નથી.

*

ગરમ દૂધ પીતી વખતે સ્વાદમાં જે ફિકાશ લાગે છે તે નિવારવા કપમાં પહેલાં એકાદ-બે ચમચી ઠંડુ દૂધ રેડવું અને પછી તેમાં ગરમ દૂધ ઉમેરવું.

*

કૂકરમાં ચોખા રાંધતી વખતે તેમાં લીંબુના રસના બે-ચાર ટીપાં નાખવાથી ભાત છૂટો થશે, અને વળી સફેદ પણ.

*

કેળાંને ભીનાં કપડાંમાં વીંટીને રેફ્રિજરેટરમાં મૂકવાથી એની છાલ કાળી નહિ પડે.

*

સૌરમંડલમાં નેપ્ચ્યૂન નામનો ગ્રહ સૌથી વધારે ઠંડો ગણાય છે.

*

ચુંબકત્વની શોધ ચીનાઓએ કરેલી અને એનો દિશા શોધવામાં ૨૦૦૦ વર્ષ પૂર્વે ગ્રીકોએ ઉપયોગ કરેલો.



કલાકણિકા : કાર્થેજના અવશેષોમાંથી મળેલું એક માટીનું પાત્ર. રૂપ, આકાર અને વ્યાવહારિકતાનો મેળ બેસાડવાનો જેમાં પ્રયાસ જોઈ શકાય છે.

દસ હજાર ગ્રાહકોની ટહેલના સંદર્ભે

✻ 'કુમાર' માટે વિવિધ યોજનાઓ ✻



'કુમાર'નું પ્રકાશન ૧૯૯૦માં ફરી શરૂ કર્યા પછી વાચકો અને 'કુમાર'ના ગ્રાહકો તરફથી ભરપૂર સદ્ભાવ અને સહકાર મળતો રહ્યો છે. પરન્તુ 'કુમાર'ને જો આર્થિક રીતે પગભર કરવું હોય તો દસ હજાર ગ્રાહકો જરૂરી છે. આપ સહુના સદ્ભાવને આધારે આ વર્ષે દસ હજાર ગ્રાહક-સંખ્યા પૂરી કરવામાં આપના સહુના સહકાર માટે ટહેલ નાખીએ છીએ. આ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કેટલીક યોજના રજૂ કરીએ છીએ:

૧. આપ જો 'કુમાર' એક વર્ષ માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને ભેટ આપવા માગતા હો તો તમે જણાવશો તે વ્યક્તિ કે સંસ્થાને રૂ. ૯૦–૦૦માં વર્ષભર 'કુમાર' મોકલાતું રહેશે આ સાથે ભેટ રૂપે એક ત્રિરંગી ચિત્ર પણ મોકલાશે. આપે માત્ર રૂ. ૯૦–૦૦નો મનિઑર્ડર અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

૨. આપ જો ૧૦ વ્યક્તિ કે સંસ્થાઓને 'કુમાર' એક વર્ષ માટે ભેટ મોકલવા માગતા હો તો તેમનાં નામ–સરનામાં સાથે રૂ. ૮૫૦–૦૦ મનિઑર્ડર કે ડ્રાફ્ટથી મોકલી આપશો. એમને પણ ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

૩. શાળા–મહાશાળાના વિદ્યાર્થી જો એક વર્ષ 'કુમાર' મેળવવા માગતા હશે તો તેમને તે માત્ર રૂ. ૮૫–૦૦માં જ મોકલાશે. વિદ્યાર્થીએ પોતાના લવાજમની રકમ સાથે પોતાના આચાર્યનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

૪. 'કુમાર'નું બે વર્ષનું લવાજમ રૂ. ૧૯૦, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૨૭૦ અને પાંચ વર્ષનું લવાજમ રૂ. ૪૫૦ રહેશે.

✻ આ વર્ષના જાન્યુઆરીથી મે સુધીના અંકો હવે સિલકમાં રહ્યા નથી. આથી નવા ગ્રાહકો જૂન માસથી જ નોંધી શકાશે તેની સહુએ નોંધ લેવા વિનંતી છે.

'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો અનુરોધ છે.